بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જુન-૨૦૧૯**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૬, સળંગ અંક : ૧૮૬

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | હાલના બનાવટી સૂફી સંતો અને **પૂર્વજ હકીકી સૂફી વલીઓ** | 03 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 15 |
| 04 | હદાઈકે બખ્શિશ | 18 |
| 05 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 21 |
| 06 | કાનૂને શરીઅત | 24 |
| 07 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 26 |
| 08 | અંગૂઠા ચૂમવાનો મસ્અલો | 28 |
| 09 | હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા પેટલાદી رحمۃ اللہ علیہ | 34 |
| 10 | સ્કૂલ, કોલેજના એજ્યુકેશન તથા હોસ્પિટલના કામે ઝકાત આપવી કેવું ? | 37 |
| 11 | لَیۡسَ مِنَّا 'તે અમારો નથી' | 38 |
| 12 | પ્રવાસનું મહત્વ અને તેના ફાયદા કુર્આનની રોશનીમાં | 43 |
| 13 | જાલિમ હુકૂમત બેસવાનો સબબ અને તેનો ઈલાજ | 47 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


### તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ

તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ
જો ફના ન હોગી ઐસી ઉસે જિંદગી મિલી હૈ
મુઝે ક્યા પળી કિસી સે કરૂં અર્ઝે મુદ્દઆ મૈં
મેરી લૌ તો બસ ઉન્હીં કે દરે જૂદ સે લગી હૈ
દો જહાં ભર કે દાતા મુઝે ફેર દેંગે ખાલી
મેરી તૌબા ઐ ખુદા ! યે મેરે નફ્સ કી બદી હૈ
મૈં મરું તો મેરે મૌલા યે મલાએકહ સે કેહ દે
કોઈ ઉસ કો મત જગાના અભી આંખ લગ ગઈ હૈ
મૈં ગુનાહગાર હૂં ઔર બળે મરતબોં કી ખ્વાહિશ
તૂ મગર કરીમ હૈ જો તેરી બંદા પરવરી હૈ
તેરી યાદ થપકી દેકર મુઝે અબ શહા સુલા દે
મુઝે જાગતે હૂએ યૂં બળી દેર હો ગઈ હૈ
તેરા દિલ શિકસ્તા **"અખ્તર"** ઈસી ઈન્તેઝાર મેં હૈ
કે અભી નવીદે વસલત તેરે દર સે આ રહી હૈ

*(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ)*

# હાલના બનાવટી સૂફી સંતો અને પૂર્વજ હકીકી સૂફી વલીઓ

તંત્રી લેખ

**સુના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હય**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હય**

*–(હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

અજબનો સમય આવ્યો છે ! પીરની આંધળી અકીદત સંબંધે અત્યાર સુધી અમોએ એ અનુભવ્યું કે જાહિલ પીરના જાહિલ મુરીદો આંધળી અકીદતમાં પીર ગમે તેવો શરીઅત વિરુદ્ધ વર્તનારો, ફાસિક ફાજિર હોય, એટલે સુધી કે પીર કુફ્ર પણ કરી દે છે છતાં મુરીદો તેની હામાં હા કરતા જઈ જહન્નમની ટિકિટ રજીસ્ટર્ડ કરાવી લેતા હોય છે ! જેમ કે થોડાક સમય પૂર્વે અમુક કહેવાતા જાહિલ પીરોએ બાકાયદા મૂર્તિપૂજા, ગૌપૂજા કરી હતી, તેના વીડિયો તથા ફોટાઓ જગતભરમાં ફર્યા પણ એક મુરીદ એવો ન નીકળ્યો કે જેણે એલાન કર્યું હોય કે હું આ પીરથી બયઅત તોડુ છું અને એનાથી હું બેઝાર છું. કેટલાક સહેજ સમજદાર મુરીદો સમજી ગયા કે આપણા પીરે લોચો માર્યો છે, પણ તેઓ પણ જાહેરમાં વિરોધ કરવાની હિંમત ન કરી શક્યા. શરીઅત વિરુદ્ધ વર્તતા, બેપર્દા ઔરતોના ટોળા વચ્ચે ઘેરાયેલા રહેતા પીરોની આજે કમી નથી. આશ્ચર્ય તો ત્યારે થાય છે કે કેટલાક ભાઈઓ ઓછી ઉમરમાં અજ્ઞાનતામાં કોઈક બેશરઅ પીરના મુરીદ થઈ ગયેલા પણ પાછળથી તેઓ આલિમ ફાઝિલ થયા પણ છતાં પીરની શરીઅત વિરુદ્ધની હરકતો જોવા છતાં તેને પકડીને બેઠા છે, અને મોટી મોટી દીની યુનિવર્સિટીઓમાં પઢેલાને ચોપટ કરી રહ્યા છે. જાહિલો તો અંધશ્રદ્ધાળુ હોય પણ આજકાલ તો અમુક કહેવાતા આલિમ ફાઝિલ પણ અંધશ્રદ્ધાળુ જોવા મળ્યા ! હદીષે પાકની રોશનીમાં "આલિમ તે છે જે પોતાના ઈલ્મ પર અમલ કરે" તો શું એઓએ શરીઅતનો ઈલ્મ નથી શીખ્યો અને આમ જ ફકત ડિગ્રીઓ જ મેળવી લીધી છે કે પોતાના બેશરઅ પીરની ચાહતમાંથી નીકળી નથી શકતા ?! આવો ! સાચા પીર તથા સાચા સૂફીની ઓળખ સાચા પીરો તથા સૂફીઓની ઝબાની કરી લઈએ.

## સાચા પીર તથા સાચા સૂફીની ઓળખ

ઈમામ શઅરાની عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان 'તંબીહુલ મુગ્તરીન'માં સૈયદુત્તાઈફા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہથી નકલ કરે છે કે આપ ફર્માવે છે :–

"આપણી કિતાબ કુર્આન શરીફ સર્વ કિતાબોની સરદાર તથા સમૃદ્ધ છે અને આપણી શરીઅત સર્વ શરીઅતો કરતાં સ્પષ્ટ અને અતિ બારીક છે. અને તસવ્વુફવાળાઓ (સૂફીઓ)નો માર્ગ કુર્આન તથા સુન્નત (હદીષ) સાથે મજબૂત રીતે જોડવામાં આવેલ છે. જે શખ્સ કુર્આન તથા સુન્નત ન જાણતો હોય, ન તેના અર્થો સમજતો હોય તેને અનુસરવું સહીહ નથી, એટલે કે **તેને પોતાનો રહબર (પીર) બનાવવો જાઈઝ નથી."**

અને આપ પોતાના સાથીઓને ફર્માવ્યા કરતા હતા કે, "જો તમે કોઈ માણસને હવામાં પલાઠી મારીને

બેઠેલો જુઓ તો તેનું અનુસરણ ન કરો જ્યાં સુધી કે **હરામ તથા હલાલમાં તેની તપાસ ન કરી લો...."**

એ જ પ્રમાણે હઝરત અબૂ યઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જો તમે જુઓ કે એક શખ્સને એટલે સુધી કરામત આપવામાં આવી છે કે તે હવા પર પલાઠી મારીને બેસે, તો તેનાથી છેતરાશો નહીં કે તે અલ્લાહના આપેલા હુકમો પાળવામાં તથા મના કરેલાથી દૂર રહેવામાં તથા હદોની હિફાઝતમાં, શરીઅતની પાબંદીમાં કેવો છે ? (એટલે કે **શરીઅતનો પાબંદ નથી તો તેનાથી દૂર રહેજો !**)

સ્થળ સંકોચને કારણે સાચા સૂફીઓનાં અધિક કથનો રજૂ નથી કર્યાં. સમજદાર માટે તો ઈશારો જ પૂરતો છે. આવો સાથોસાથ "પીર થવાની શરતો" જોતા ચાલીએ :–

૦૧. **સુન્ની સહીહુલ અક઼ીદા હોવું** : કોઈ બાતિલ ફિર્ક઼ાવાળો ચાહે તે વહાબી, દેવબંદી, શીઆ, રાફઝી, ખારજી, મૌદૂદી, કહેવાતો અહલે હદીષ....વગેરે પીર થઈ શકતો નથી. કેમ કે તેમની પાસે ઈમાન જ નથી, પછી આગળ શું વાત કરવી ?!

૦૨. **આલિમ હોવું** : પીર સાચા અર્થમાં આલિમ હોય અથવા જાહેરી ઈલ્મમાં કમસેકમ એટલો માહિતગાર હોય કે જરૂરિયાતે દીનનો જાણકાર હોય. હરામ તથા હલાલ, હક્ક઼ તથા બાતિલ, કુફ્ર તથા ઈમાન વચ્ચે તફાવત કરી શકતો હોય★. તે ઉપરાંત પોતાને જરૂરી બધા મસાઈલમાં બીજા કોઈનો મોહતાજ ન હોય, પરંતુ પોતે જ દીની કિતાબોમાંથી પ્રાપ્ત કરી લે.

૦૩. **પીર ફાસિક઼ તથા ફાજિર ન હોય** : એટલે કે ઉઘાડે છોગે ગુનાહનું કામ કરતો ન હોય. મલતબ કે ખુલ્લમ ખુલ્લા શરીઅતની વિરૂધ્ધ વાતો કરવી, બાજમાઅત નમાઝ તથા ઈસ્લામના અન્ય અરકાનોની પાબંદી ન કરવી, જૂઠ, ગીબત, દાઢી મૂંડાવવી અથવા મુઠ્ઠીથી કમ કતરાવવી, જાહેરમાં ફોટા પડાવવાનો આદી ન હોય, ટી.વી. પર સિરીયલો, પિક્ચરો, રમતો વગેરે જોતો ન હોય, બેપર્દા નામહરમ સ્ત્રીઓને સામે બેસાડનાર તથા હાથ ચૂમાડનાર, વહાબી દેવબંદીઓ સાથે મેળમેળાપ, ઉઠક બેઠક રાખનાર.....વગેરે કામો કરતો ન હોય." **ફાસિક઼** તથા **ફાજિર** તો તે છે **જેની સાક્ષી (ગવાહી) સુધ્ધાં શરીઅતે માન્ય નથી** રાખી તેમજ નમાઝમાં તે **ઈમામ નથી બની શકતો** તો પછી દીની બાબતમાં એ તમારો **પીર કઈ રીતના થઈ શકે છે ?!**

૦૪. **હુઝૂર** علیہ الصلوٰۃ والسلام **સુધી સિલસિલાનો ક્રમ જોડાયેલો હોય** : એટલે એમના પીર પછી તેમના પીર, ઠેઠ હુઝૂર ﷺ સુધીમાં વચ્ચે કોઈ ઉપરોક્ત શરતો વિરુદ્ધનો પીર ન હોય. *(ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા, અઝ : મૌલાના ક઼ારી અબુલ કલામ રઝવી, ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, હાલ : યુ.કે.)*

ઉમ્મીદ છે હક્ક઼ના તલબગારો, સાચા પીર તથા સાચા સૂફીના ચાહકો તથા તેમની તલાશ કરનારાઓ આ શરતોને સારી રીતે સમજી લઈ તેના પર અમલ કરશે. (ઈન્શા અલ્લાહ !)

## હાલમાં કહેવાતા સૂફીઓની મેહફિલો કેવી હોય છે તેનાં દષ્ટાંતો

ગુજરાતમાં એક સ્થળે હિંદુ મુસ્લિમ પબ્લિકનો ભેગો સમૂહ લગ્ન થઈ રહ્યો છે. સ્ટેજ પર કહેવાતા પીર

★ *જે કહેવાતા પીર, સૂફી, સજ્જાદા મૂર્તિની પૂજામાં કે ગૌ પૂજામાં લાગે કે મંદિરની આરતીમાં ઉભા રહે તે કઈ રીતે પીર થઈ શકે, જેને કુફ્ર ઈમાનમાં તફાવતની ખબર નથી !*

સૂફી મૌજૂદ છે. એનાઉન્સર એક હિંદુ બેપર્દા સ્ત્રી છે તેમજ એ જ સ્ટેજ પર અન્ય પુરૂષો સાથે બેપર્દા સ્ત્રીઓ પણ બેઠેલી છે. સામે પબ્લિકમાં સર્વ કૌમના પુરૂષો તથા બેપર્દા સ્ત્રીઓ સ્ટેજ નજીક સામે બેઠેલી છે. એક તરફ મુસ્લિમ જોડાં (કે જેમાં સુન્ની દેવબંદી ગમે તે ફિર્કાનાં મિક્સ)ના નિકાહ મોલ્વી સાહેબાન પઢાવે છે, બીજી બાજુ હિંદુ જોડાના લગ્ન તેમના પંડિત વગેરે તેમના ધર્માનુસાર શ્લોકો બોલીને કરાવી રહ્યા છે. સ્ટેજ પર સૂફી સાહબની મૌજૂદગીમાં સ્ટેજની ખુરશીઓ પર તેમની સાથે બિરાજેલ હિંદુ સાધુ સંતો, વારાફરતી પ્રવચન આપતા રહે છે, જેમાં તેમના ધર્મ અનુસારની વાણી બોલી છે જેમાં કુફ્ર કલામ પણ બકી જાય છે. વચ્ચે વચ્ચે રાજકરણીઓ તથા કહેવાતા મુસ્લિમ નેતાઓ પણ સૂફી સાબની પ્રશંસા સાથે "કૌમી એકતા" પર બોલતા રહે છે અને સ્ત્રી એનાઉન્સર નિઝામત સંભાળતાં સૌને વારાફરતી નામ લઈ લઈને સ્પીચ આપવા બોલાવતી રહે છે. દરમ્યાનમાં તેણી *"બહારો ફૂલ બરસાઓ મેરા મહબૂબ આયા હૈ"* ગાયન પણ ગાતી જોવા મળે છે. વળી એક શીઆ મિમિક્રી કરવા, લોકોને હસાવવા માટે માઈક પર આવે છે. અવનવી વાતો કરતાં કરતાં તે કહે છે કે, "અલ્લાહ પણ આપણા છે અને રામ પણ આપણા છે, અને રામ આપણા દિલમાં વસેલા છે.....વગેરે." આ રીતે મેહફિલ ચાલતી રહે છે અને મજમામાં હાજરજનો તથા સ્ટેજવાળાઓ દરેકની સ્પીચ પર ખુશ થઈને તાળીઓ પાડતા રહે છે.

આ પ્રસંગનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરો અને તદન નિષ્પક્ષ બનીને આમાં થતી બાબતોને શરીઅતના આઈનામાં ચકાસો અને કહો કે શું આમાં શરીઅત વિરુદ્ધ કોઈ વાત નથી ? જો છે તો પછી એવા સૂફી પીર બાબતે શું હુકમ છે ? એમના પર તૌબા કરવી લાઝિમ નથી થતી ? કોઈએ બંધબેસતી પાઘડી પહેરી લઈ અંગત અદાવતમાં ન ઉતરતાં કુર્આન હદીષની રૂએ ઉલમાએ એહલે સુન્નતનો સંપર્ક કરી શરીઅતનો હુકમ મેળવી ઘટતી કાર્યવાહી કરવી એવી અમારી નમ્ર દરખાસ્ત છે.

એવા જ એક કહેવાતા મુસ્લિમ સૂફી સંત બની બેઠેલા સાહબ જેમણે બાકાયદા ગાયની પૂજા કરી અને તેના ફોટાઓ ત્યારે અખ્બારમાં છપાયા કે જૈન સાધુઓ સાથે ગાયને કુમ કુમ ટીલક કર્યું. થાળી લઈને એમના મઝહબની વિધિ પ્રમાણે પૂજા કરી.

આ તો કેવળ નમૂના છે, પણ આવા બનાવો અવાર નવાર કોમી એકતાના ઓઠા હેઠળ કેટલાય ઠેકાણે બનતા જોવા મળે છે જેમાં કહેવાતા પીર, બાવા, સજ્જાદા, પીરઝાદા....વગેરે થકી બનતા જોવા મળે છે. જ્યારે કે આ તો સરાસર કુફ્ર છે જેનાથી મુસલમાન દીનથી જ નીકળી જાય છે. કેમ કે આપણો પ્રથમ કલમો જેને પઢીને ઈસ્લામમાં પ્રવેશ મળે છે તેનો જ ઈન્કાર થાય છે, "લાઈલાહ ઈલ્લલ્લાહ" એટલે કે, "અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય, પૂજનીય, પૂજાને લાયક, ઈબાદતને લાયક નથી." આટલુ બધુ થવા છતાં આ બાબતને ગંભીરતાથી જોવામાં નથી આવતી અને છતાંય એવાને લોકો પીર, સૂફી સંત, સજ્જાદા, પીરઝાદા સમજે છે, જ્યારે કે હકીકતમાં એવું કરનાર તો મુસલમાન પણ નથી ! જ્યાં સુધી તે એ કૃત્યથી સાચા દિલથી જાહેરમાં તૌબા કરી કલમો ન પઢે.

કાફિર તથા મુસલમાન સૌને આ રીતે રાજી રાખવાની કોશિશમાં રહેવું એ "મુનાફિકપણુ" છે, અને એ ખતરનાક બીમારી છે **જેનાથી તેનો પોતાનો કોઈ દીન રહેતો નથી.** આ નિફાક (મુનાફિકપણા)માં આજકાલ ઘણા બધા "સુલેહકુલ્લી" મુસલમાનો સંડોવાયેલા છે. વળી કેટલાક રાજકરણીઓ જેઓ સત્તા પામવાને તથા રાજકરણમાં હીરો બનવાની લાલચમાં પોતાનો દીન ગુમાવી બેસે છે. ગૈર કૌમના વોટ મેળવવાના

લોભમાં પોતાનો દીન ગુમાવી બેસી જહન્નમના હક્કદાર બની જાય છે. જેમ કે હાલમાં એક કહેવાતા મુસલમાન રાજકારણીએ આદિવાસી વોટ મેળવવા તેમની "કૂળ દેવી"ની પૂજા કરી જેનો વીડિયો આમ થયો હતો. આવાં કૃત્યો તો અનેક કહેવાતા મુસલમાન રાજકારણીઓ કરતા હોય છે. માથે ટીલક કરાવતા, આરતીમાં જઈને થાળી લઈ ઉભા રહેતા તથા લેકચરમાં "અલ્લાહ તથા ભગવાન, રામ તથા રહીમ એક જ છે" એવો કુફ્રી બકવાસ કરતા જોવા મળતા હોય છે. એઓ તો ઠીક છે કે છે જ દુનિયાદાર જાહિલ ! એમનાં કૃત્યો તેમને જહન્નમમાં લઈ જશે, પણ કહેવાતા સૂફીઓ તો ઈસ્લામના વડા કહેવાતા હોય છે, તેઓ જ્યારે આવું કરે છે ત્યારે પૂરી કૌમ ગુમરાહીમાં પડતી જણાય છે.

## આવો ! સાચા સૂફીઓએ કેવા લોકોને કલમો પઢતા કર્યા તે જુઓ !

આજના કહેવાતા સૂફી સંતો ગૈર મઝહબવાળાના સાધુ સંતોને પોતાને ત્યાં બોલાવી તેમનાં સન્માનો કરે છે, તેમની પાસે પ્રવચનો કરાવે છે જેમાં તેઓ પોતાના ધર્મ પ્રમાણે કુફ્રી વાતો બોલે છે અને આ સૂફી સંત તથા તેમના ચાહકો તેને સાંભળતા રહે છે બલ્કે તેમની વાહ વાહ પણ કરી નાખે છે ! હવે એથી ઉલ્ટુ જુઓ કે સાચા સૂફીઓએ શું કર્યું તે જુઓ. હાલના સૂફીઓ ગૈર કૌમના વડાને બોલાવી, કુફ્રી વાણી બોલાવીને પોતાના તથા હાજરજનોના ઈમાનને ખતરામાં નાખે છે જ્યારે સાચા સૂફીઓ પીરો કુફ્રસ્તાનમાંથી પસાર થતા તો સૌને કુફ્રમાંથી બહાર કાઢી ઈમાનની દૌલતથી નવાઝી દેતા હતા.

એક વાર એવો જ એક મર્દે ખુદા બગદાદની ગલીઓમાંથી પસાર થઈ રહ્યો છે. તેની નજર અગ્નિપૂજકો પર પડી. એ મર્દે હક્કે તે પૂજારીઓને બોલાવ્યા. તેમણે એ મર્દે હક્ક તરફ જોયું તો આપના ઈમાની પ્રભાવથી તેઓ ભયભીત થઈ ગયા અને આપના કદમોમાં ઝુકી પડયા. આપે પૂછયું, "નાદાનો ! અગ્નિને શા માટે પૂજો છો અને ખુદા પાકની પૂજા શા માટે નથી કરતા ?" તે લોકોએ જવાબ આપ્યો, "અમે દોઝખની આગથી ઘણો જ ભય અનુભવીએ છીએ, એના ડરથી જ અગ્નિને પૂજીએ છીએ." તે મર્દે હક્કે કહ્યું, "આગ તો અલ્લાહની તાબે છે, તેના હુકમ વિના કોઈને બાળી શક્તી નથી." તેમણે કહ્યું, "આપ ખુદાની ઈબાદત કરો છો તો શું આગ આપને બાળશે નહીં ?!" તે મર્દે હક્કે કહ્યું કે, "ખુદાના હુકમ વગર આગ મને તો શું મારી જુતીઓને પણ બાળી નથી શક્તી ! "આમ કહીને આપે જુતીઓ આગમાં ફેંકી દીધી અને ખુદાના હુકમથી આપની જુતીઓ પર આગની જરાય અસર ન થઈ ! તો આ ચમત્કાર (કરામત) જોઈને અગ્નિપૂજકો તૌબા કરીને મુસલમાન થઈ ગયા. જાણો છો એ બુઝુર્ગ કોણ હતા ? એ હતા સુલતાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ ! (رحمۃ اللہ علیہ) *(મસ્સાલિકુસ્સાલિકીન, ભાગ-૨, પેજ-૨૮૫)*

આ છે સાચા સૂફી ! જેમના થકી ઈસ્લામ દુનિયામાં તથા હિંદુસ્તાનમાં ફેલાયો જેને આજે બનાવટી સૂફીઓ બર્બાદીના પંથે લઈ જઈ રહ્યા છે.

## સૂફીઓના સરદાર સુલ્તાનુલ હિંદનો પૂજારીઓથી સામનો

અજમેર શરીફમાં સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનું આગમન થતાં રાજા પૃથ્વીરાજે સાધુરામ

પૂજારીઓના સરદારને તેમને ત્યાંથી હાંકી કાઢવા મોકલ્યો. સાધુરામ પોતાના શિષ્યો તથા પૂજારીઓને લઈને હઝરત ગરીબનવાઝને ડરાવી ધમકાવીને કાઢી મૂકવાના ઈરાદાથી ખ્વાજા સાહબ પાસે પહોંચ્યો. પરંતુ સાધુરામ તથા તેના સાથીઓ ખ્વાજા સાહબનો ચહેરો જોતાં જ ગભરાઈ ગયા, પોતાની વિદ્યા ભૂલી ગયા. સાધુરામ હઝરત ગરીબનવાઝની નજરોના તાપથી ધ્રુજી ઉઠયો અને ખ્વાજા સાહબનાં કદમોમાં પડી ગયો અને પોતાની ભૂલની માફી માગવા લાગ્યો. રહમદિલ ખ્વાજાએ તેને માફ કરીને નસીહત તથા હિદાયત ફર્માવી પરિણામે સાધુરામ મુસલમાન થઈ ગયો.

***ન તખ્તો તાજમેં ન લશ્કરો સિપાહ મેં હૈ-જો બાત મર્દે ક઼લંદરકી એક નિગાહમેં હૈ***

એ જ પ્રમાણે જયપાલ જોગી જે હિંદુસ્તાનનો અજોડ જાદૂગર હતો તેને રાજાએ આપને હાંકી કાઢવા મોકલ્યો. ખ્વાજા સાહબે એક વર્તુળ દોરીને પોતાના સાથીઓને તે વર્તુળમાં રહેવા કહ્યું. તેણે પોતાનો જાદૂ ચલાવ્યો અને આપના પર પથ્થરો ફેંકવા ચાહ્યું પણ તેના સઘળા મંત્રો ફેઈલ ગયા અને ખ્વાજા સાહબે દોરેલ વર્તુળની અંદર કોઈ પથ્થર પડી ન શક્યો. છેવટે તે જાતે હવામાં ઉડવા લાગ્યો તો આપે આપની પાવડીને (પગરખાને) હુકમ આપ્યો તો તે હવામાં ઉડી અને જયપાલ જોગીના માથામાં ફટાફટ પડવા લાગી. છેવટે જયપાલ જોગી હાર સ્વીકારીને ખ્વાજા સાહબના કદમોમાં આવીને પડે છે અને તૌબા કરીને મુસલમાન થઈ જાય છે. આમ આપની કરામતો જોઈને તેમજ આપના ઉચ્ચ અખ્લાક઼ની અસરથી હજારો લોકો મુસલમાન બની જાય છે. આ છે સાચા સૂફી ! જબરદસ્ત શક્તિવાળા રાજાના પ્રભાવથી દબાઈને આપ તેને ગમતી બોલી નથી બોલતા, બલ્કે અનેક કુફ્રમાં પડેલાને ઈસ્લામની દૌલતથી માલામાલ કરી આપે છે. આજના કહેવાતા સૂફી સંતો જેમ નહીં કે સત્તાધારીઓને ખુશ કરવા તેમના જેમ શિર્કમાં પડી રહ્યા છે અથવા તો તેમનાં સન્માનો કરીને તેમની આગળ તથા તેમના સાધુઓ સમક્ષ ઝુકી રહ્યા છે. અને એ જ પ્રમાણે ખ્વાજા સાહબના ખલીફાઓ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત ખ્વાજા સૂફી હમીદુદ્દીન નાગોરી, હઝરત ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہم اجمعین વગેરે તેમજ એ જ રીતે ચિશ્તી સિલસિલાના અન્ય સૂફીઓ, વલીઓ હઝરત નિઝામુદ્દીન અવલિયા, નસીરુદ્દીન ચિરાગી, ફરીદુદ્દીન ગંજશકર વગેરેએ હિંદુસ્તાનમાં ઈસ્લામની બોલબાલા કરી દીધી.

મહાન સૂફી, મુજદિદ અલ્ફેષાની શેખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہને યાદ કરો ! બાદશાહ અકબર જેવા જબરદસ્ત સમ્રાટ સામે આપે શા માટે ટક્કર લીધી ?! વાંચો ઈતિહાસને કે તેણે પણ વિવિધ ધર્મોની તા'લીમ, રસ્મો રિવાજ તથા માન્યતાઓમાં ભેળસેળ કરીને એક નવા ધર્મ 'દીને ઈલાહી'નો પાયો નાખ્યો હતો અને 'ધર્મોની એકતા'નું ગુમરાહ કરનાર તૂત ઉભુ કર્યું હતું. જેના પરિણામે કલમા તયબહની જગાએ ' અકબર ખલીફતુલ્લાહ' પઢાવા લાગ્યું. સુવ્વર, કૂતરાંઓની તા'ઝીમ થવા લાગી, સન્માન (તા'ઝીમ)ના નામે અકબરને સિજદો થવા લાગ્યો, ગૈર ધર્મોમાં શાદી વિવાહ આમ થવા લાગ્યો, પર્દા પર પાબંદી લાગી અને બેપર્દગી આમ થઈ ગઈ, ઈસ્લામી નિશાનીઓની સરેઆમ મઝાક ઉડાડવાનું શરૂ થયું, રાજા તરફથી સર્વ ધર્મના તહેવારો મનાવવાનું શરૂ થયું અને પબ્લિકમાં આમ થવા લાગ્યું.... અલ્લાહ રહ઼મતોની બૌછાર વરસાવે એ મુજદિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની ક઼બ્ર પર કે તેમણે અકબર રાજા સાથે બાથ ભીડી જેલમાં કેદ થયા પણ તેનો વિરોધ કર્યો અને ઈસ્લામને તેના મૂળ સ્વરૂપમાં રાખવા જાનની બાજી લગાડી. વાંચો ઈસ્લામનો ઈતિહાસ ! આવા અનેક સૂફી બુઝુર્ગોએ જ તો ઈસ્લામની શાનને બાકી રાખી રાખી છે, નહીં કે કહેવાતા

જાહિલ સૂફીઓએ ! બની બેઠેલા જાહિલ સૂફીઓ સંબંધે આગળ વાંચો.

## અલ્લાહે કદી કોઈ જાહિલને પોતાનો વલી નથી બનાવ્યો

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે, "ઈલ્મે બાતિન ન જાણશે પણ તે જે ઈલ્મે ઝાહિર જાણે છે" ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે, "અલ્લાહે કદી કોઈ જાહિલને પોતાનો વલી નથી બનાવ્યો." એટલે કે વલી બનાવવા ચાહ્યો તો પહેલાં તેને ઈલ્મ આપી દીધો, ત્યારબાદ વલી બનાવ્યો, કે જે ઈલ્મે ઝાહિર નથી ધરાવતો તે ઈલ્મે બાતિન કે જે ઈલ્મે ઝાહિરનું ફળ છે તે કઈ રીતે પામી શકે છે ?! હક્ક઼ સુબ્હાનહુ તઆલાના સંબંધે બંદાઓના માટે પાંચ ઈલ્મ છે : ઈલ્મે ઝાત, ઈલ્મે સિફ઼ાત, ઈલ્મે અફઆલ, ઈલ્મે અસ્મા, ઈલ્મે અહકામ. એનામાં દરેક પહેલો ઈલ્મ બીજાથી અધિક મુશ્કેલ છે. તો જે સૌથી આસાન ઈલ્મ, ઈલ્મે અહકામમમાં આજિઝ હશે તે સૌથી મુશ્કેલ ઈલ્મ "ઈલ્મે ઝાત" કેવી રીતે પામી શકશે... *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૨૧)*

વર્તમાનકાળમાં "પીરકા બેટા પીર, ક઼ાઝીકા બેટા ક઼ાઝી !" જે ક્રમ ચાલ્યો છે તેમાં ઈલ્મવાળો હોય કે ન હોય સજ્જાદા બની જાય છે કે બનાવી દેવામાં આવે છે. તેવાઓ માટે ઉપરોક્ત લખાણ ઈબ્રતનાક છે. શેખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : *"બેઈલ્મ ના તવાં ખુદારા સનાખ્ત"* એટલે કે "ઈલ્મે દીન વિના ખુદાને ઓળખી શકાતો નથી." જ્યારે અહીં તો જેને ને તેને "આરિફ બિલ્લાહ, રહબરે શરીઅત, પીરે તરીક઼ત" લક઼બો તો સામાન્ય બનતા જઈ રહ્યા છે, ચાહે ઈલ્મ હોય કે ન હોય ! જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "જેણે ન કુર્આન યાદ કર્યું ન હદીષ લખી, એટલે કે **જે શરીઅતના ઈલ્મથી માહિતગાર નથી તો તરીક઼તના વિષયમાં એનું અનુસરણ ન કરો, અને એને પોતાનો પીર ન બનાવો.** કારણ કે આપણો આ તરીક઼તનો ઈલ્મ એકદમ કુર્આન તથા હદીષનો પાબંદ છે. *(રિસાલએ કુશૈરિયહ)*

હઝરત મૌદૂદ ચિશ્તીએ બાપના વિસાલ બાદ પીર હોવાની શરતો પોતાનામાં ન હોવા છતાં બાપની ગાદી પર બેસીને હજારો લોકોને મુરીદ બનાવી લીધા. (આવા પીરો તો આજે ઠેરે ઠેર છે !) જેમની હિદાયત તથા ચેતવણી માટે શૈખુલ ઈસ્લામ, કુત્બે ઝમાં હઝરત અહમદ નામકી જામી رضی اللہ عنہ ને રબ તબારક વ તઆલાએ નિયુક્ત કર્યા હતા. (એ જ મૌદૂદ ચિશ્તી આગળ જતાં ચિશ્તી સિલસિલાના મહાન શાનવાળા બુઝુર્ગ બન્યા) હઝરત શૈખુલ ઈસ્લામ અહમદ નામકી જામીએ હઝરત મૌદૂદ ચિશ્તીને જણાવ્યું, **"સજ્જાદગી (ગદ્દીનશીની)ને અભરાઈ પર ચઢાવો ! અને પહેલાં જઈને ઈલ્મ શીખો ! કારણ કે ઈલ્મ વગરનો ઝાહિદ શૈતાનનો મસ્ખરો (ઠઠ્ઠા કરનાર) છે."**

## શરીઅત વિના તરીક઼તવાળા બનવું અશક્ય છે !

આજે કેટલાક બનાવટી સૂફીઓ શરીઅતની પાબંદીથી કતરાય છે. નમાઝ તથા જમાઅતની પાબંદી, બેપર્દા સ્ત્રીઓને મળવું, તેણીઓથી મુસાફ઼ા કરવા, ઘરમાં શરીઅતની પાબંદીની કાળજી ન લેવી, જૂઠ, ગીબત, ફ઼િલ્મો જોવી, મોબાઈલ પર હરામ દશ્યો જોવાં, ક્રિકેટ ફૂટબોલની મેચો નિહાળવી.. વગેરે. વળી કેટલા એટલા બેબાક પીરો છે કે મુરીદોને નમાઝ ન પઢવાની છૂટ આપે છે કે શરીઅતની આપણે જરૂર નથી, આપણે તો

તરીકત તથા મારેફતવાળા છીએ ! કયામતમાં મારો દામન પકડી લેજો, સીધા જન્નતમાં પહોંચાડી દઈશ ! વગેરે વેણો બોલતા હોય છે. તો એવા લોકોની કે એવાઓના હાથ નીચે ફસાયેલા હોય તેવાઓની ઈબ્રત તથા સબક માટે આ લખાણ છે તેને વાંચો અને હક્ક સમજવા કોશિશ કરો.

શરીઅત પાયો છે તથા તરીકત પહેલો માળ, મઅરેફત બીજો માળ, હકીકત ત્રીજો માળ છે, માળાઓ તો જેટલા પ્રમાણમાં ઉપર જતા જશે એટલા પ્રમાણમાં પાયા પર વધુ આધાર રાખતા થશે. હવે કોઈ મૂર્ખ એવું કહે કે અમે તો ઉપરના માળ બનાવી લીધા છે, હવે પાયાની શું જરૂરત છે ! એવું વિચારીને એણે પાયો ખોદીને ફેંકી દીધો. તો હવે તમે જ બતાવો કે શું ઉપરના તે માળાઓ જે પાયાના આધારે ટકી રહ્યા હતા તે સલામત રહેશે ? કદાપિ નહીં ! બલ્કે પાયાને ખોદતાં જ આખી ઈમારત જમીનબોસ થઈ જશે. બરાબર એ જ પ્રમાણેનું દષ્ટાંત શરીઅત તથા તરીકતનું પણ છે કે **શરીઅત પાયો છે અને તરીકત, મઅરેફત વગેરે ઉપરના માળાઓ છે, તો જે જેટલો ઉપરના માળ પર પહોંચવા ઈચ્છશે એટલો અધિક વધારે પાયા (શરીઅત)નો મોહતાજ થશે.** સારાંશ કે શરીઅત પર જેટલો અધિક ચુસ્ત પાબંદ થતો જશે એટલો તે આગળ તરીકત, મઅરેફતના દરજા પામતો જશે.

## અજમેર દરગાહના ખાદિમો શ્રીનાથજીના દર્શને !

લગભગ બે મહિના પર દિવ્યભાસ્કર દૈનિક પત્ર (હિન્દી)માં ખાદિમોના ફોટાઓ સાથે સમાચાર છપાયા કે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہના દરગાહ અજમેર શરીફના પાંચ ખાદિમોએ બુધવારે "શ્રીનાથજી મંદિર"ના દર્શન કર્યા. જેમાં નામો પણ છે : દરગાહના ખાદિમ સૈયદ ફિરદોસ હુસૈન જમાલી, હાજી ઝુલ્ફિકાર ચિશ્તી, પીર સૈયદ ફૈઝ આલમ નિયાસી, ઈસ્લામ મુહમ્મદ ચિશ્તી, આ છે ખાદિમોની ખિદમત ! અગાઉ આપે જોયું કે ખ્વાજા સાહબે પૂજારીઓને ઈમાનવાળા કરી દીધા જ્યારે તેમના નામે રોટલા રળતા આ ખાદિમો ઉલ્ટી જ ગંગા વહાવી રહ્યા છે ! જે ખ્વાજાએ કુફ્રસ્તાનમાં પહોંચીને કાફિરોને ઈમાન તથા ઈસ્લામથી નવાઝયા અને શિર્કથી બચાવ્યા, તે જ ખ્વાજાના દરબારના ખાદિમો શિર્ક તરફ દોડી રહ્યા છે ! ન ક્યાંક તેમનો વિરોધ છે કે તેમની કોઈ પૂછતાછ થાય છે ! ખૈર ! અહીં નહીં તો રબના દરબારમાં તો એમના હાલ નિશ્ચિત રીતે ખરાબ જ થવાના છે, જો તૌબા કર્યા વિના મર્યા તો.

શું હિંદુ મસ્લિમ એકતા એને જ કહેવાશે કે તમો મંદિરોના ચક્કર કાપો ?! એકતા તો એ છે કે શરીઅતના વર્તુળમાં રહીને માનવોના હક્કોની દષ્ટિએ એક મેકની સાથે સહકારની ભાવનાથી વર્તી એકબીજાને મદદરૂપ થવું અને એક દેશમાં સાથે રહેવાનું છે તો ફસાદો ન થાય એ રીતે ભાઈચારગીથી વર્તવું જેમાં બંનેવની ભલાઈ છે. આટલે સુધી બરાબર છે પણ એકબીજાના ધાર્મિક સ્થળોએ જવું કે ધાર્મિક દેવી દેવતાઓની પૂજા કરવી કે દર્શન કરવા કે તે સ્થાનકોને કે બાતિલ મઅબૂદોને સન્માન પાત્ર સમજવું એ ક્યાંની એકતા છે ? આમાં તો દીન ઈમાનથી હાથ ધોવું છે ! જેથી મુસલમાન આવી એકતાથી તથા એવી એકતા કરનારા ઢોંગી પીર બાવાઓ સૂફી સંતો કે માલ ભૂખ્યા ખાદિમોથી બચે, અને સાચા શરીઅતના પાબંદ સૂફીઓનો દામન થામે.

## સાચો સૂફી સંત તથા પીર બુઝુર્ગ તે આને કહેવાય !

આજે જે રીતે RSSએ "ઘરવાપસી"ના ટાઈટલ હેઠળ હિંદમાં મુસ્લિમોને પોતાના મઝહબમાં ખેંચવા ચળવળ માંડી છે એ જ રીતે વરસો પહેલાં હિંદુસ્તાનમાં એક ચળવળ શુદ્ધિ સંગઠન નામથી મુસલમાનોને હિંદુ બનાવવાની શરૂ થઈ હતી. એના માટે પૂરા માલ દૌલત તથા ધામધૂમ સાથે વાજા ત્રાંસા સાથે આયોજનપૂર્વક એક ટોળી બનાવી એક લીડર નીકળી પડયો હતો. એવા નાઝુક સમયે જ્યારે ઘણા વિસ્તારોમાં મુસલમાન ક્યાંક લાલચમાં તો ક્યાંક ડરના માર્યા ધર્મ બદલવા તૈયાર થઈ જતા હતા, ત્યારે મુફતીએ આ'ઝમે હિંદની ગૈરતની રગ ભડકી ઉઠી અને, એ ફિત્નાને દફેઅ કરવા માટે આપે તેનો પીછો કર્યો અને ગામે ગામ જઈને આપ મુસલમાનોને દીન પર અડગતાથી રહેવાની શીખામણ આપતા. એકવાર ખબર મળી કે આગ્રાથી થોડેક દૂર કોઈ ગામમાં આ ચળવળ ચાલી રહી છે. આપે આપની સાથે શેરબે શએ અહલે સુન્નત હઝરત હશ્મત અલીખાં તથા અન્ય એક સાથીને સાથે લીધા અને જ્યાં સુધી ટ્રેન જતી હતી ત્યાં સુધી ટ્રેન થકી પછી પગપાળા કેટલાયે કિલોમિટર ચાલીને તે ગામમાં પહોંચ્યા. ત્યાં મોટી મોટી કઢાઈઓમાં પૂરીઓ તળાઈ રહી હતી અને કેટલાયે નાઈ અસ્તરા તથા કાતરો લઈને બેઠા હતા અને તખ્ત પર ફિત્નો પેદા કરનાર બેઠો હતો. જોયું કે આખુ મુસ્લિમ ગામ દીનથી ફરી જવા તૈયાર છે. આપ તરત જ મજમાને ચીરતા સ્ટેજ પર પહોંચી ગયા અને તેને કહ્યું કે, "આવો મુનાઝરો કરી લઈએ !" પણ તેણે ઈન્કાર કર્યો અને બોલ્યો કે આ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર છે જેથી મુનાઝરાની કોઈ જરૂરત નથી. તો શેરબે શએ અહલે સુન્નતે ઈસ્લામની સચ્ચાઈ રજૂ કરી અને બુત પરસ્તીની રદ કરી પણ મજમા પર કોઈ અસર ન પડી. તો હઝરત મુફતીએ આ'ઝમની ગૈરત જોશમાં આવી અને પંડિતને કહ્યું કે જો તું સાચો છે તો મારી સાથે તારી આ સળગાવેલી આગમાં કૂદી પડ ! જે બચીને નીકળે તે સાચો ! પછી આગળ વધીને તેનો હાથ પકડયો અને કહ્યું કે ચાલ ! સત્યની પરખ કરી લઈએ ! તો સચ્ચાઈના ભયથી તે ધ્રુજવા લાગ્યો અને એકદમ ચુપ થઈ ગયો. આપે જોશભેર તેને ખેંચવાનું શરૂ કર્યું પણ તે એટલો જાડો હતો કે ટસથી મસ ન થયો. છેવટે એ ખેંચતાણમાં કેટલાક લોકો સ્ટેજ પાસે આવી ગયા અને કહેવા લાગ્યા કે, મોલ્વી સાહબ ! તેનો હાથ છોડી દો ! અમારી સમજમાં આવી ગયું કે સત્ય શું છે ! જો એ સાચો હોત તો આગમાં કૂદવા તૈયાર થઈ જાત ! પછી હુઝૂર મુફતીએ આ'ઝમના હાથ પર સૌએ તૌબા કરી કલ્મો પઢયો અને સાચા પાકા મુસલમાન બની ગયા. *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૮૦, ૨૮૧)*

કહેવું ઘણુ છે પણ લખાણ લંબાતુ જાય છે જેથી અહીં અટકુ છું એ સંદેશની સાથે કે એકવાર મૌત આવનારુ છે જ ! અને અલ્લાહે જે ઘડીએ નિશ્ચિત કર્યું છે ત્યારે જ આવશે, તો પછી કોઈના ડર વિના ઈસ્લામ પર ઈમાન પર મજબૂત રહો અને કોઈ સત્તાધારીના ડરમાં મુનાફિક઼પણુ કે ડોગલાપણુ ન અપનાવો. એકતાના ભ્રમમાં ધર્મમાં ભેળસેળ ન કરો, નહીં તો ઈમાન ગયું તો સર્વસ્વ બર્બાદ છે, અને સર્વસ્વ ચાલી જાય પણ ઈમાન સલામત છે તો બસ સુકૂન છે, એ સિધ્ધાંતને દિલો દિમાગમાં બેસાડી લો અને ખોટાને ખોટો કહેતાં ન ડરો, ન શરમાવ ! ભલે પછી એ તમારો અતિચહીતો પીર હોય, જો ખોટા માર્ગે છે તો એનાથી બેઝારી જાહેર કરી દો, એમાં જ સૌની ભલાઈ છે. તૌફીક઼ આપનાર અલ્લાહ જ છે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ આ'લે ઈમરાન મદીના તચ્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.**

لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّ
نَحْنُ اَغْنِيَآءُ ۘ سَنَكْتُبُ مَا قَالُوْا وَ قَتْلَهُمُ
الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ۙ وَّ نَقُوْلُ ذُوْقُوْا عَذَابَ
الْحَرِيْقِ (١٨١) ذٰلِكَ بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ وَ اَنَّ اللّٰهَ
لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ (١٨٢) اَلَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ
عَهِدَ اِلَيْنَآ اَلَّا نُؤْمِنَ لِرَسُوْلٍ حَتّٰى يَاْتِيَنَا
بِقُرْبَانٍ تَاْكُلُهُ النَّارُ ؕ قُلْ قَدْ جَآءَكُمْ رُسُلٌ مِّنْ
قَبْلِىْ بِالْبَيِّنٰتِ وَ بِالَّذِىْ قُلْتُمْ فَلِمَ قَتَلْتُمُوْهُمْ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ (١٨٣) فَاِنْ كَذَّبُوْكَ فَقَدْ كُذِّبَ
رُسُلٌ مِّنْ قَبْلِكَ جَآءُوْ بِالْبَيِّنٰتِ وَ الزُّبُرِ وَ
الْكِتٰبِ الْمُنِيْرِ (١٨٤) كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَ
اِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ فَمَنْ زُحْزِحَ
عَنِ النَّارِ وَ اُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ وَ مَا الْحَيٰوةُ
الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ (١٨٥) لَتُبْلَوُنَّ فِىْٓ اَمْوَالِكُمْ
وَ اَنْفُسِكُمْ ۫ وَ لَتَسْمَعُنَّ مِنَ الَّذِيْنَ اُوْتُوا

## સૂરએ આલે ઈમરાનની તફસીર

*તેઓ જે કહે છે અલ્લાહે અમારાથી વચન લઈ લીધું છે કે અમે કોઈ રસૂલ પર ઈમાન ન લાવીએ જ્યાં સુધી (તે રસૂલ) એવી કુર્બાનીનો હુકમ ન લાવે જેને આગ ભરખે[૧૯૧] તમે ફર્માવી દો, મારાથી પહેલાં ઘણા રસૂલ તમારી પાસે ખુલ્લી નિશાનીઓ અને એ હુકમ લઈને આવ્યા જે તમે કહો છો, પછી તમે તેમને કેમ શહીદ કર્યા ? જો સાચા હોય તો[૧૯૨] (૧૮૩) તો અય મહબૂબ ! જો તેઓ તમને જૂઠલાવે છે તો તમારાથી પૂર્વેના રસૂલોને પણ જૂઠલાવ્યા છે જેઓ સ્પષ્ટ નિશાનીઓ[૧૯૩] અને સહીફા અને ચમકતી કિતાબ[૧૯૪] લઈને આવ્યા હતા (૧૮૪) દરેક જીવને મોત ચાખવાનું છે. અને તમારા બદલાઓ તો કયામતના દિવસે પૂરેપૂરા મળશે, જેને આગથી બચાવીને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો તે મુરાદ પામ્યો, અને દુનિયાનું જીવન તો આમ જ ધોકાની પુંજી છે[૧૯૫] (૧૮૫) બેશક! જરૂર તમારી આજમાઈશ થશે, તમારા માલ અને તમારા જીવોમાં[૧૯૬] અને બેશક ! જરૂર તમે આગળના કિતાબવાળાઓ[૧૯૭] અને મુશ્રિકો તરફથી ઘણુ બધુ ખરાબ સાંભળશો. અને જો તમે સબ્ર કરો અને બચતા રહો[૧૯૮] તો એ મોટી*

الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ مِنَ الَّذِيْنَ اَشْرَكُوْٓا اَذًى
كَثِيْرًا ؕ وَ اِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ مِنْ
عَزْمِ الْاُمُوْرِ ﴿۱۸۶﴾ وَ اِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ وَ لَا تَكْتُمُوْنَهٗ ؗ
فَنَبَذُوْهُ وَرَآءَ ظُهُوْرِهِمْ وَ اشْتَرَوْا بِهٖ ثَمَنًا
قَلِيْلًا ؕ فَبِئْسَ مَا يَشْتَرُوْنَ ﴿۱۸۷﴾ لَا تَحْسَبَنَّ
الَّذِيْنَ يَفْرَحُوْنَ بِمَآ اَتَوْا وَّ يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا
بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ
الْعَذَابِ ۚ وَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۸۸﴾

*હિમ્મતનું કામ છે (૧૮૬) અને યાદ કરો જ્યારે અલ્લાહે વાયદો લીધો તેમના પાસે જેમને કિતાબ આપવામાં આવી કે તમે ચોક્કસ અને લોકોને કહી આપશો અને છુપાવશો નહી[૧૯૯] તો તેમણે એને પોતાની પીઠ પાછળ નાખી દીધો, અને એના બદલે તુચ્છ મૂલ્ય મેળવ્યું[૨૦૦] તો કેટલી ખરાબ ખરીદારી છે[૨૦૧] (૧૮૭) કદાપિ તેમને (સારા) સમજશો નહીં જેઓ પોતાના કાર્ય પર ફૂલાઈ જાય છે. અને ઈચ્છે છે કે (કશું) કર્યા વગર જ તેમના વખાણ કરવામાં આવે[૨૦૨] એવાઓને કદાપિ અઝાબથી વેગળા ન જાણશો, અને એમના માટે દુઃખદાયક અઝાબ છે (૧૮૮)*

**સમજૂતી : ૧૯૧ : (શાને નુઝૂલ) :** યહૂદીઓની એક ટોળકીએ સૈયદે આલમ ﷺને કહ્યું હતું કે અમારી પાસેથી તૌરાતમાં એવું વચન લેવામાં આવ્યું કે જે રસૂલ હોવાનો દાવો કરનાર એવી કુર્બાની ન રજૂ કરે જેને આસ્માનમાંથી સફેદ આગ ઉતરીને ભરખી લે, તેના પર અમે કદાપિ ઈમાન લાવીશું નહીં, તે બાબત આ આયત ઉતરી, અને તેમના એ સફેદ જૂઠ અને ચોખ્ખે ચોખ્ખા બોહતાનનો રદીયો આપવામાં આવ્યો. કારણ કે એવી કોઈ શરતનું તૌરાતમાં નામ નિશાન પણ નથી, અને સ્પષ્ટ છે કે નબીની સત્યતા સ્વીકારવા માટે મો'જિઝો પૂરતો છે, જ્યારે નબીએ કોઈ મો'જિઝો દેખાડયો તો તેની સત્યતા માટે દલીલ બની ગઈ, પછી તેની સત્યતા સ્વીકારવી અને તેની નબુવ્વતને માનવું આવશ્યક ઠર્યું, હવે કોઈ ખાસ પ્રકારના મો'જિઝાનો આગ્રહ કરવો એ દલીલ કાયમ થયા પછી નબીની સત્યતાનો ઈન્કાર કરવા સમાન છે.

**૧૯૨ :** જ્યારે તમે એ નિશાન લાવનાર અંબિયાને કત્લ કર્યા અને તેમના પર ઈમાન ન લાવ્યા તો પૂરવાર થયું કે તમારો એ દાવો જૂઠો છે.

**૧૯૩ :** અર્થાત ખુલ્લા મો'જિઝા.

**૧૯૪ :** તૌરાત અને ઈન્જીલ.

**૧૯૫ :** દુનિયાની હકીકત આ મુબારક વાકયે સ્પષ્ટ કરી દીધી, મનુષ્ય જીવનના નશામાં ચકચૂર બની જાય છે. એને જે પોતાનું સર્વસ્વ સમજે છે અને ફુરસદને બેકાર વેડફી નાખે છે. અંતિમ સમયે તે જાણે છે કે એમાં કાયમ માટે રહેવાનું ન હતું અને એમાં દિલ લગાવવાથી બાકીના જીવન અને આખિરતની જિંદગીને સખ્ત નુકસાન થયું છે.

હઝરત સઈદ બિન ઝુબેરે ફર્માવ્યું છે કે દુનિયા દુનિયાદાર માટે ધોકાનો માલ છે પણ આખેરતના તલબગાર માટે કાયમની દૌલત પ્રાપ્તિનું સાધન અને નફો આપનાર મૂડી છે. આ મતલબ આપના ઉપલા વાકયોથી સમજાય છે.

**૧૯૬ :** હક્કો, ફર્ઝો, નુકસાન, મુસીબતો, બીમારીઓ, ખતરાઓ, કત્લ, ચિંતાઓ અને દુઃખ વડે. જેથી મો'મિન અને બિન મો'મિનમાં તફાવત થઈ જાય.

મુસલમાનોને આ સંબોધન એટલા માટે કરવામાં આવ્યું કે આવનાર મુસીબતોમાં એમને સબ્ર કરવાનું સહેલું બને.

**૧૯૭ :** યહૂદીઓ અને નસરાનીઓ.

**૧૯૮ :** ગુનાહોથી.

**૧૯૯ :** અલ્લાહ તઆલાએ તૌરાત અને ઈન્જીલના આલિમો પર વાજિબ કર્યું હતું કે એ બંને કિતાબોમાં સૈયદે આલમ ﷺની નબુવ્વત દર્શાવતી જે દલીલો છે તે લોકોને ખૂબ સ્પષ્ટ રીતે સમજાવી દે અને કદાપિ છુપાવે નહીં.

**૨૦૦ :** અને લાંચ લઈને હુઝૂર સૈયદે આલમ ﷺના ગુણોને છુપાવ્યા જે તૌરાત અને ઈન્જીલમાં જણાવાયા હતા.

**૨૦૧ :** ઈલ્મે દીનનું છુપાવવું મના છે. હદીષ શરીફમાં છે કે કોઈ માણસ અમુક વસ્તુ જાણતો હોય, તેને તે પૂછવામાં આવે અને છતાં તે તેને છુપાવે તો કયામતના દિવસે તેને આગની લગામ પહેરાવવામાં આવશે.

**મસ્અલો :** આલિમ પર વાજિબ છે કે પોતાના ઈલ્મથી લોકોને ફાયદો પહોંચાડે, હક્ક જાહેર કરે અને અમુક ખરાબ હેતુસર તેમાંથી કાંઈ છુપાવે નહીં.

**૨૦૨ : શાને નુઝૂલ :** આ આયત યહૂદીઓ વિશે ઉતરી, જેઓ લોકોને ધોકો આપીને તેમજ ગુમરાહ કરીને ખુશ થતા હતા અને નાદાન હોવા છતાં લોકો તેમને આલિમ કહે એવી ઈચ્છા ધરાવતા હતા.

**મસ્અલો :** પોતાની જાત પર ગર્વ કરનારાઓ માટે આ આયતમાં વઈદ (અઝાબની ખબર) છે. અને એવાઓ માટે પણ જે ઈચ્છતા હોય કે લોકો તેમનાં જૂઠા વખાણ કરે, જે લોકો ઈલ્મ વગર જ પોતાને આલિમ કહેવડાવે છે અથવા એવા જ બીજા ગુણો જે તેમનામાં ન હોય છતાં તેનો દાવો કરે છે. તેમણે આ આયતથી બોધ ગ્રહણ કરવો જોઈએ. *(ક્રમશઃ)*


**રૂા. ૧૦ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો**

❀ **કિતાબ : કુર્બે ઈલાહી**
*(અલ્લાહની નઝદીકી કેવી રીતે મળે ?)*

❀ **અઝ : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની** مدظلہ العالی

**:: પ્રકાશક ::**

**મોહદ્દિષે આ'ઝમ મિશન-મિર્ઝાપુર,**
૧૫-પેરેડાઈઝ કોમ્પ્લેક્ષ, અમદાવાદ-૩૮૦૦૦૧
મો. 9712198441

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો :-

**અંજુમને રઝાએ મુસ્તફા**, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧)**
**૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨)**
**૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો-વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૨૫/-** (ટપાલ ખર્ચ રૂા. ૫૦/-)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ફજર તુલૂઅ થતાં હુમલો કરતા હતા[૧]. અઝાન પર કાન લગાડતા હતા. જો અઝાન સાંભળી લેતા અટકી જતા, નહીં તો હુમલો કરી દેતા.[૨] એક શખ્સને કહેતાં સાંભળ્યો : અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આ ફિતરત પર છે. પછી તેણે કહ્યું, અશ્હદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ, તો હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તું આગથી નીકળી ગયો. સહાબીઓએ તેને જોયો તો તે બકરીઓ ચરાવનાર હતો[૩]. (મુસ્લિમ)*

**૧.** એટલે કે જ્યારે જેહાદમાં કાફિરોના ઈલાક઼ા પર શાહાના હુમ્લો કરતા તો સવારના સમયની અઝાનનો ઈન્તેઝાર કરતા, કેમ કે એ સમય ઈબાદતની ક઼બૂલિયત તથા રહમતે ઈલાહીના નુઝૂલનો છે, અને જેહાદ પણ ઈબાદત છે.

**૨.** જાણવા મળ્યું કે અઝાન મુસીબતોને દૂર કરે છે. સરકાર صلی اللہ علیہ وسلم અઝાનના અવાજથી એ માલૂમ કરતા કે આ મુસલમાનોની વસ્તી છે જ્યાં મુસલમાન આઝાદીથી પોતાની ઈબાદતો કરી રહ્યા છે, કાફિરોનું જોર નથી, જેથી અહીં જેહાદની જરૂરત નથી કેમ કે જેહાદ કુફ્રનું જોર તોડવા માટે હોય છે ન કે કાફિરોને જબરદસ્તી મુસલમાન કરવા માટે.

**૩.** હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ એ ચરવાહાના સંબંધે અમુક ગવાહીઓ આપી : એક એ કે અત્યારે એ સાચો મુસલમાન છે. બીજુ એ કે એનો ખાત્મો ઈમાન પર થશે. ત્રીજુ એ કે તેના સર્વ ગુનાહોની માફી થશે. જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلم દરેકના દિલની હાલત પણ જાણે છે. અને સૌના અંજામથી પણ ખબરદાર છે, કેમ ન હોય કે લોહે મહફૂઝ હુઝૂર صلی اللہ علیہ وسلمની સામે છે.

*હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે મોઅઝ્ઝિનને સાંભળીને આવું કહી લીધા કરે કે હું ગવાહ છું અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે તેનો કોઈ શરીક નથી, અને યક઼ીનન ! મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم તેના બંદા તથા તેના રસૂલ છે, હું અલ્લાહની રબૂબિયત, મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمની રિવાયત અને દીને ઈસ્લામથી રાજી છું, તો તેના ગુનાહ બખ્શી દેવામાં આવશે[૧]. (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે દુઆ અઝાનથી પહેલાં પઢવામાં આવશે, જ્યારે મોઅઝ્ઝિનની અઝાનનો અવાજ કાનમાં આવે. કેમ કે દરમ્યાનમાં એ દુઆ પઢવાથી અઝાનના જવાબમાં ખલેલ પડશે.

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગ઼ફ્ફલ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલૂલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે દરેક બે અઝાનોની વચ્ચે[૧] નમાઝ છે. દરેક બે અઝાનોની વચ્ચે નમાઝ છે[૨] પછી ત્રીજીવારમાં ફર્માવ્યું, એના માટે જે ચાહે.[૩] (બુખારી, મુસ્લિમ)*

**૧.** બે અઝાનોથી મુરાદ અઝાન તથા ઈક઼ામત છે. જેવી રીતે કે ચાંદ સૂરજ ક઼મરૈન, હઝરત સિદ્દીક઼ તથા ફારૂક઼ને ઉમરૈન, હસન તથા હુસૈનને હસ્નૈન કહી દેવામાં આવે છે. અથવા અઝાનથી મુરાદ ઈત્તેલાઅ (ખબર કરવું) છે. અઝાન તો નમાઝના સમયની ઈતાઅત માટે હોય છે અને ઈક઼ામત જમાઅતની તૈયારીની ખબર કરવા માટે. ગમે તેમ પણ હદીષ પર કોઈ વાંધો નથી.

**૨.** ક્યાં તો સલાત દુઆના અર્થમાં છે એટલે કે અઝાન તથા તકબીરના દરમ્યાન દુઆ માગ્યા કરો કે એ ક઼બૂલિયતનો સમય છે. અથવા નમાઝના અર્થમાં છે, એટલે કે અઝાન તથા ઈક઼ામતના દરમિયાન નફ્લ પઢયા કરો કે એ સમય અફઝલ છે, તો એમાં નમાઝ પણ અફઝલ છે તેમજ એનાથી નમાઝમાં સુસ્તી ન થશે. ઈન્સાન જમાઅતથી એટલો પહેલો મસ્જિદે પહોંચશે કે વુઝૂ કરીને નફલ પઢીને તકબીરે ઉલા પામી શકે. યાદ રાખશો કે હનફીઓની નજીક આ હુકમથી મગરિબ અપવાદ છે કે મગરિબની અઝાન બાદ નફ્લ મકરૂહ છે, ફર્ઝ પછી પઢી શકે છે. જેમ કે હઝરત બુરીદા અસ્લમીની રિવાયત છે કે દરેક બે અઝાનોની વચ્ચે નમાઝ છે : خلا صلوٰۃ المغرب સિવાય મગરિબની નમાઝ. *(મિર્કાત વગેરે)*

**૩.** એટલે કે એ નમાઝ મોઅઝ્ઝિનની સાથે ખાસ નથી, જે મુસલમાન ચાહે પઢે. અથવા એ નમાઝ ફર્ઝ નથી જેને છોડવું સખ્ત જુર્મ છે. યાદ રાખશો કે ફજર તથા ઝોહરની પહેલી સુન્નતો મોઅક્કદા છે જેને છોડવાની આદત અતિશય બુરી છે. અસ્ર તથા ઈશાની ગૈર મોઅક્કદહ, મગરિબની મના.

**(વિભાગ : ૨)** *હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈમામ જામિન[૧] છે અને મોઅઝ્ઝિન અમાનતદાર[૨] છે. યા અલ્લાહ ! ઈમામોને હિદાયત આપ અને મોઅઝ્ઝિનને બખ્શી દે.[૩] (અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, શાફઈ)[૪] બીજી રિવાયતમાં મસાબીહના શબ્દો છે.*

**૧.** એટલે ઈમામ મુક્તદીઓની નમાઝનો જિમ્મેદાર છે અને પોતાની નમાઝના હેઠળ તેમની નમાઝોને લઈને. એટલા માટે ઈમામની કિ઼રાઅત મુક઼તદીની કિ઼રાઅત છે. એમના ભૂલ કરવાથી મુક઼તદી પર સહ્વનો સજદો છે. મુક઼ીમ ઈમામની પાછળ મુસાફિર મુક઼તદી પૂરી નમાઝ પઢશે, કેવળ પોતાના માટે દુઆ નહીં માગે બલ્કે બહુવચનના સેગાથી માગશે. એનાથી જાણવા મળ્યું કે નફલવાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ જાઈઝ નથી, કેમ કે ફર્ઝ નફ્લથી આ'લા છે અને આ'લાના હેઠળ અદના આવી શકે છે ન કે અદનાના હેઠળમાં આ'લા. એ જ પ્રમાણે જો મુક઼તદીની નમાઝ ઈમામની નમાઝથી જુદી હોય તો જાઈઝ નથી, કેમ કે કોઈ નમાઝ પોતાના ગૈરને પોતાના હેઠળમાં નથી લઈ શકતી. જેથી અસર પઢવાવાળા પાછળ ઝોહરની કઝા નથી પઢી શકાતી. એ પણ જાણવા મળ્યું કે ઈમામની નમાઝ ફાસિદ થવા પર મુક઼તદીઓની નમાઝ પણ ફાસિદ થશે. સારાંશ કે આ હદીષ ઘણા બધા મસાઈલમાં ઈમામે આ'ઝમની દલીલ છે.

**૨.** કે લોકોની નમાઝો તથા રોઝાઓ તેની પાસે જાણે અમાનતો છે. એનાથી જાણવા મળ્યું કે અઝાનથી ઈક઼ામત અફઝલ છે, કેમ ન હોય કે ઈમામ જનાબે મુસ્તફાનો ખલીફા છે અને મોઅઝ્ઝિન હઝરત બિલાલનો નાયબ. એ જ અમારો મઝહબ છે.

**૩.** એનાથી પણ ઈમામતની અઝાન પર ફઝીલત માલૂમ પડી રહી છે, કેમ કે મગફેરતથી હિદાયત આ'લા છે, એટલે કે અલ્લાહ ઈમામોને નમાઝના મસાઈલ શીખવા અને સહીહ અદા કરવાની હિદાયત આપે કે તેમની નમાઝ સાથે ઘણી નમાઝો જોડાયેલી છે અને મોઅઝ્ઝિન કદી સમયમાં ધોકો પણ ખાય શકે છે એને બખ્શી આપે.

**૪.** ભલે ઈમામ શાફઈ ઈમામ છે અને તિર્મિઝી વગેરે તેમના મુક્લ્લિદ, પણ કેમ કે તેમની હદીષની કિતાબો ઈમામ શાફઈની કિતાબો કરતાં અધિક મશહૂર છે એટલા માટે એમનો ઉલ્લેખ પ્રથમ કર્યો. જુઓ ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ ઈમામ માલિકના શાગિર્દ છે તેમની વધારે, પણ કિતાબો મુસ્તનદ છે. *(મિર્કાત)*

*હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***જે સાત વરસ કેવળ અને કેવળ સવાબના માટે અઝાન આપે તો તેના માટે જહન્નમથી આઝાદી લખવામાં આવે છે.[1]***
*(તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે જે વિના પગારે સાત વરસ અઝાન આપે તો રબ તઆલા તેને જહન્નમથી આઝાદી તથા જન્નતમાં દાખલાનો પરવાનો લખી આપે છે જે કયામતમાં એને આપવામાં આવશે, જેનાથી તે બેધડક દોઝખ પરથી પસાર થઈને જન્નતમાં દાખલ થશે. અમુક મોઅઝ્ઝિન એવું નક્કી કરી લે છે કે અમે પગાર મસ્જિદની સફાઈ વગેરેનો લઈશું અને અઝાન ફી સબીલિલ્લાહ આપીશું. તેમનો માખઝ આ હદીષ છે. ઈન્શાઅલ્લાહ ! એનો જરૂર ફયઝ પામશે.

*રિવાયત છે હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી[1] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, તમારો રબ તે બકરી ચરાવનારથી ખુશ થાય છે જે પહાડની ઊંચી ટોચ પર હોય, નમાઝની અઝાનો આપે અને નમાઝ પઢે.[2] અલ્લાહ તઆલા ફર્માવે છે[3] મારા આ બંદાને જુઓ[4] અઝાન આપે છે, નમાઝ કાયમ કરે છે, મારાથી ડરે છે. મેં મારા બંદાને બખ્શી આપ્યો, અને તેને જન્નતમાં દાખલ કરીશ.[5] (અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આપ મશહૂર સહાબી છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની તરફથી ઉકબા ઈબ્ને અબૂ સુફયાનની વફાતના પછી મિસરના વાલી બન્યા. પછી અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ તેમને મઅઝૂલ કરી દીધા. હિ.સ. ૫૮માં મિસરમાં વફાત પામ્યા.

**૨.** એટલે કે દુનિયાના ઝઘડાઓથી દૂર રહે, પોતાની રોજી જાતે કમાય અને નમાઝ ભલે એકલો પઢે પણ અઝાન આપીને. જાણવા મળ્યું કે પંજગાના નમાઝ માટે દરેક સંજોગોમાં અઝાન આપે, ભલે જંગલમાં એકલો નમાઝ પઢે. મિર્કાતે ફર્માવ્યું કે અઝાનની બરકતથી જિન્નાત તથા ફરિશ્તા તેની સામે નમાઝ પઢે છે અને એને જમાઅતનો સવાબ મળે છે. તકબીરમાં મતભેદ છે પણ હક્ક એ છે કે તકબીર પણ કહે. જાણવા મળ્યું કે અઝાન દેવામાં નમાઝથી ખબર પહોંચાડવા ઉપરાંત અન્ય ઘણા ફાયદાઓ છે.

**૩.** ફરિશ્તાઓથી, અંબિયા અવલિયાની રૂહોથી બલ્કે હુઝૂર ﷺ થી પણ. *(મિર્કાત)*

**૪.** જાણવા મળ્યું કે ફરિશ્તા તથા નબીઓ વલીઓની રૂહોમાં એ શક્તિ છે કે એક જગાએ રહીને સર્વ જગતને જોઈ લે કે પરવરદિગાર એમને ફર્માવે છે, આ પહાડ પર છુપા બંદાઓને જુઓ. એનાથી હાઝિર નાઝિરનો મસ્અલો હલ થયો.

**૫.** એનાથી અમુક મસ્અલા માલૂમ થયા : એક એ કે ક્યારેક દુનિયાથી અલાહિદગી મશગૂલિયતથી બેહતર છે. બીજુ એ કે ક્યારેક એકાંતની ઈબાદત એલાનિયા ઈબાદતથી બેહતર છે કે એલાનિયામાં રિયાનો ખતરો છે આમાં નહીં. ત્રીજુ એ કે એકલો માણસ પણ પોતાની નમાઝના માટે અઝાન તથા તકબીર કહે, પણ મહોલ્લાની મસ્જિદની અઝાન મહોલ્લાવાળાઓ માટે પૂરતી હોય છે. ચોથુ એ કે ફરિશ્તા તથા અંબિયા તથા અવલિયા આપણા દિલોના ઈખ્લાસ, રિયા વગેરેથી વાકેફ છે અને તેને જુએ છે. રબે اُنْظُرُوْا ના પછી یَخَافُ ફર્માવ્યું. પાંચમુ એ કે અલ્લાહના મકબૂલ બંદા લોકોના અંજામથી ખબરદાર છે. રબે તેમને મગફેરત તથા અઝાબોની ખબર આપી દીધી છે.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અય દિલ ! યે સુલગના ક્યા, જલના હૈ તો જલ ભી ઉઠ !**
**દમ ઘુટને લગા ઝાલિમ ! ક્યા ધૂની રમાઈ હૈ**

*(સુલગના = અંદરને અંદર સળગતા રહેવું, ધૂની રમાઈ = ધૂણી લીધી)*

**અર્થાત :** હે દિલ તારી આ આદત મને હરગિઝ પસંદ નથી જે તું અંદરને અંદર સળગતુ રહે છે, જો તારે સળગવું છે તો બળીને રાખ થઈ જા કે જેથી વાત જ પૂરી થઈ જાય. આ શું ધીરે ધીરે ધૂમાડો કાઢતુ રહે છે અને ખુશીના બદલે બેચેની પેદા કરે છે ?!

*દિલ દર્દસે બિસ્મિલ કી તરહા લૌટ રહા હો–સીને પે તસલ્લી કો તેરા હાથ ધરા હો*
*ગર વક઼્તે અજલ સર તેરી ચૌખટ પે પળા હો–જિતની હો ક઼ઝા એક હી સજદે મેં અદા હો*

**મુજરિમ કો ન શરમાઓ અહબાબ કફ્ન ઢક દો**
**મુંહ દેખ કે ક્યા હોગા ! પર્દેમેં ભલાઈ હૈ**

**અર્થાત :** હે દોસ્તો ! મૃત્યુ બાદ વારંવાર મારા ચહેરો શું જુઓ છો ? હું મુજરિમ તથા સિયાહકાર (કુકર્મી) છું, મને શા માટે શર્મિંદો કરો છો ? કફન વડે મારો ચહેરો ઢાંકી દો, મુજરિમ એના પાત્ર નથી કે વારંવાર તેનું મોં ખોલીને તેને બદનામ કરવામાં આવે. એની ભલાઈ એમાં જ છે કે તેને પર્દામાં જ રહેવા દેવામાં આવે.

*ડર થા કે ઈસ્યાં કી સઝા અબ હોગી યા રોઝે જઝા–દી ઉનકી રહમતને સદા, યહ ભી નહીં વો ભી નહીં*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ તક઼્વા તથા તહારતનો તથા સબ્ર અડગતાનો મહાન પહાડ હતા, અને નેકી તથા પરહેઝગારીથી સજ્જ હતા છતાં પોતે પોતાને કયા અંદાઝમાં પેશ કરી રહ્યા છે ! આ પરથી વર્તમાનકાળના નકામા તથા નાલાયક છતાં ઊંચા ઊંચા દાવા કરવાવાળા નામ પૂરતા મશાઈખે જરૂર સબક઼ લેવો જોઈએ કે બુલંદી આજિઝીમાં છે.

રબનો ઈર્શાદ છે : فَلَا تُزَكُّوا أَنْفُسَكُمْ هُوَ أَعْلَمُ بِمَنِ اتَّقَى "તો પોતે પોતાની જાનોને સુથરી ન બતાવો. તે સારી રીતે જાણે છે જેઓ પરહેઝગાર છે." (સૂરએ નજ્મ, ૫૩/૩૨)

**અબ આપ હી સંભાલેં તો કામ સંભલ જાએં**
**હમને તો કમાઈ સબ ખેલોંમેં ગંવાઈ હૈ**

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام હવે આપ જ કરમ ફર્માવશો તો અમ ગુનેહગારોની વાત બનશે, નહીં તો અમે તો અમારો મસ્અલો ખરાબ કરી બેઠા છીએ. અને જે પણ પુંજી હતી તે ખેલ તમાશાઓમાં લૂટાવી ચૂક્યા છીએ.

**અય ઈશ્ક઼ તેરે સદક઼ે જલનેસે છૂટે સસ્તે**
**જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ**

**અર્થાત :** હે ઈશ્કે મુસ્તફા તથા ગમે રસૂલ ! ﷺ હું તારા પર કુર્બાન થાઉં, તેં અમારા દિલમાં જે વિરહ તથા ગમે રસૂલ ﷺની આગ લગાડી, તેનો એ ફાયદો તો થયો કે જહન્નમથી છૂટકારો પામી ગયા, કેમ કે તારી આગે તો જહન્નમની આગને પણ ઓલવી નાખી છે ! العشق نار یحرق ما سوی اللہ ઈશ્ક઼ એવી આગ છે જે અલ્લાહ સિવાયનાને ભસ્મ કરીને રાખી દે છે.

હદીષ શરીફમાં છે કે મો'મિન જ્યારે પુલસિરાતથી ગુઝરશે તો દોઝખ પુકારી ઉઠશે કે જલ્દી પસાર થા ! તારા નૂરે ઈમાનની ઠંડકથી મારી આગ ઠંડી પડી રહી છે. *ગમે મુસ્તફા તેરે શુક્રિયા, મૈં કહાં કહાં સે ગુઝર ગયા !*

**હિર્સો હવસે બદસે દિલ તૂ ભી સિતમ કર લે**
**તૂ હી નહીં બેગાના દુન્યા હી પરાઈ હૈ**

*(હિર્સો હવસ = લાલચ, લોભ કરી શકતુ)*

**અર્થાત :** હે બુરા દિલ ! લાલચ તથા લોભની સાથે જેટલો જુલ્મ કરી શકતુ હોય કરી લે, કેમ કે બેગાના તથા અજનબી (પરાયો) આખો જમાનો છે કેવળ તું જ તો નથી. એ મતલબ પણ થઈ શકે છે કે જ્યારે હું આખી દુનિયાનો જુલ્મ સહી રહ્યો છું તો એક તારો પણ સહન કરી લઈશ તો તારો શોખ પૂરો થઈ જશે.

**હમ દિલ જલે હૈં કિસકે, હટ ફિત્નોં કે પરકાલે**
**ક્યૂં ફૂંક દૂં ઈક ઉફસે કયા આગ લગાઈ હૈ**

*(પરકાલે = ચિન્ગારી, ઉફ = ફૂક)*

**અર્થાત :** હે વિરોધી ! અમે દિલના બળ્યા આશિક઼ તો છીએ, પરંતું તું જાણે પણ છે કે કોના ? (અમારા મહબૂબ ﷺના !) તું પાછળ હટી જા ! ફિત્નાઓની ચિન્ગારી ! હું એક ફૂંકથી સળગાવીને રાખ કરી દઈશ ! આ તેં શું બદ્અક઼ીદગીની આગ લગાડી રાખી છે ?!

**તયબહ ન સહી અફઝલ મક્કા હી બળા ઝાહિદ**
**હમ ઈશ્ક઼ કે બંદે હૈં, ક્યૂં બાત બળ્હાઈ હૈ !**

*(ઝાહિદ = ઈબાદત ગુઝાર, બંદે = ગુલામ)*

**અર્થાત :** હે ખુશ્ક઼ી (શુષ્ક દિમાગવાળા)ના માર્યા ઈબાદતગુઝાર ! અને નીમ મુલ્લા ખતરે જાન ! અમારી

સાથે ઝઘડો ન કર કે મક્કા અફઝલ છે કે મદીના ? ચાલો તારું જ માની લઉં છું કે મક્કા અફઝલ છે બસ ! મદીના નહીં. (પણ એ તો બતાવ કે મક્કાને અફઝલ બનાવ્યું કોણે ? કોના લીધે ખુદા મક્કાની ગલીઓની કસમ યાદ ફર્માવે છે ?! وَاَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ "કે હે મહબૂબ ! તમે આ શહેરમાં રહેલા છો." *(સૂરએ બલદ, ૯૦/૨)* એટલા માટે કે એ ગલીઓમાં મહબૂબના કદમ લાગેલા છે !) સારું ! સારું ! ચાલ જા ! બહષ ન કર ! અમ ઈશ્કવાળાઓ સાથે તકરાર કરવાની જરૂરત નથી. તું કેવળ મક્કાની વાત કરી રહ્યો છે ! હું કહું છું કે મક્કાને બનાવનાર હઝરત ખલીલુલ્લાહ علیہ السلام છે, અને જો મદીનાવાળો ન હોત તો :–

*હોતે કહાં ખલીલો બિના કા'બા વ મિના–લૌલાકવાલે સાહિબી સબ તેરે ઘર કી હૈ*

અને હા ! હે ઝાહિદ સાંભળ ! :–

*ગ઼ૌર સે સુન તો 'રઝા' કા'બેસે આતી હૈ સદા–મેરી આંખોંસે મેરે પ્યારે કા રોઝા દેખો*

**મત્લઅમેં યહ શક કયા થા વલ્લાહ ! 'રઝા' વલ્લાહ !**
**સિર્ફ ઉનકી રસાઈ હૈ સિર્ફ ઉનકી રસાઈ હૈ**

*(રસાઈ = પહોંચ, મત્લઅ = પ્રથમ શેઅર)*

**અર્થાત** : કોઈ એવું ન સમજે કે હું અહમદ રઝા નઅતના પ્રથમ શેઅરમાં એવું કહી ચૂક્યો છું કે, "મહશરના મેદાનમાં બારગાહે ઈલાહીમાં કેવળ હુઝૂર ﷺની જ પહોંચ છે" કદાચ મેં કોઈ ગલત વાત કહી છે અને હવે પસ્તાઈ રહ્યો છું કે શા માટે એવું કહી દીધું ! જો કોઈને આ અકીદામાં શક હોય તો તે પોતાનો શક કાઢી નાખે. ખુદાની કસમ ! હા ! હા ! અલ્લાહની કસમ ! કુર્આન તથા હદીષનો નિચોડ છે આ અકીદો કે : –

*સિર્ફ ઉન્કી રસાઈ હૈ ! સિર્ફ ઉન્કી રસાઈ હૈ !*

વાહ ! વાહ ! હે ગદાએ ખૈરુલ વરા અહમદ રઝા ! તારી કબ્ર પર અલ્લાહ કરોડો રહમતો નાઝિલ ફર્માવે, તેં અમોને કેટલો મજબૂત નજાત માટેનો અકીદો આપ્યો છે ! યકીનન ! તું દરે મુસ્તફાનો તે અઝીમુશ્શાન મંગતો છે કે જેમના બારામાં કહેવામાં આવ્યું છે કે :–

*ઝમાને કે સિકંદર હૈં સખી દરબાર કે મંગતે–નિરાલી શાન રખતે હૈં નબી મુખ્તાર કે મંગતે*
*ગદાએ મુસ્તફા કી અઝમતેં અલ્લાહસે પૂછો–શહનશાહોંસે અચ્છે હૈં મેરે સરકાર કે મંગતે (ﷺ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૪

**સંપાદક :** હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ **અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (બીજો વિભાગ)

જ્યારે કદમબોસીનો શરફ હાંસલ થયો તો દરવેશ કમાલુદ્દીન, હાકિમ અજોધન તથા અન્ય દરવેશ ખિદમતમાં હાજર હતા. જેઓ ખાનએ કા'બાની ઝિયારતથી આવી રહ્યા હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે "મુતઅબ્બિદાન" એ લોકોને કહે છે કે જેમનુ જાહેર તથા બાતિન હક્કથી શણગારેલુ હોય, અને કોઈ પ્રકારની રિયા, હસદ, કીનો તથા ખોટ તેમના જાહેર તથા બાતિનમાં ન હોય. જે પણ ઈતાઅત કરે તે કેવળ અલ્લાહની રિઝામંદીના ખાતર જ કરે, ન કે લોકોને દેખાડવા માટે. કેમ કે જે મુતઅબ્બિદ જાહેરમાં ઈબાદત કરે અને બાતિન (દિલી હાલત) તેનું ખરાબ હોય તેને દરેક ઈબાદત લપેટીને તેના મોં પર મારવામાં આવે છે. બલ્કે રાહે સુલૂકમાં તો એ વાતનો પણ ડર છે કે ક્યાંક તેના ઈમાનમાં ખલેલ ન આવી જાય. નઊઝુબિલ્લાહિ મિન્હા.

### મુતઅબ્બિદ (ઈબાદતગુઝારો)ના પ્રકાર

પછી ફર્માવ્યું કે હે દરવેશ ! અમુક મુતઅબ્બદ એવા પણ હોય છે કે જેમનું જાહેર સજાવટવાળુ હોય છે અને જાહેરમાં લોકોને દેખાડવા માટે ખૂબ જ ઈબાદત કરતા હોય છે. પણ બાતિનમાં એ યારની તરફ (ધ્યાનિત) નથી હોતા.

ત્યારબાદ ફર્માવ્યું કે, હે દરવેશ ! ઈબાદતગુઝારોના ચાર પ્રકાર છે : (૧) તેઓ જેમનું જાહેર તાઅત (ફર્માબરદારી)થી સજાવેલ હોય છે પરંતુ બાતિન ખરાબ હોય છે. (૨) તે જેમનું જાહેર ખરાબ પરંતુ બાતિન સજાવેલ હોય છે. (૩) તેઓ જેમનું જાહેર તથા બાતિન બંનેવ ખરાબ હોય છે. (૪) તેઓ જેમનાં જાહેર તથા બાતિન બંનેવ સજાવેલ હોય છે.

### દિખાવાની ઈબાદતની ભયાનક સજા !

ત્યારબાદ ફર્માવ્યું કે હે દરવેશ ! સાંભળો ! જેમનું જાહેર ઈતાઅતથી સજાવેલ છે પરંતુ બાતિન ખરાબ છે, તે એવા લોકો છે જેઓ લોકોને દેખાડવા માટે ખૂબ જ ઈબાદત કરે છે, અને તેઓ તેને પ્રિય સમજે છે, અને તેમનું દિલ દુનિયામાં મશગૂલ હોય છે.

પછી ફર્માવ્યું કે એકવાર બની ઈસ્રાઈલમાં એક ઝાહિદે ૫૦૦ વરસ અલ્લાહ તઆલાની ઈબાદત કરી. જ્યારે તે મરી ગયો તો એને ખ્વાબમાં જોવામાં આવ્યો કે આગના તૌક તેના ગળામાં નાખેલા છે અને આગની બેડીઓ તેના પગોમાં પહેરાવેલી છે, અને તેની આસપાસ ચો તરફ આગ જ આગ સળગી રહી છે. અને ફરિશ્તા તેને ગુર્જ મારી રહ્યા છે, અને તે તૌબા ! તૌબા ! પુકારી રહ્યો છે. તેને પૂછવામાં આવ્યું કે તું તો ઝાહિદ હતો અને ૫૦૦ વરસ તેં ઈબાદત પણ કરી પછી તારી આવી હાલત શાથી થઈ ? તેણે કહ્યું,

હે મુસલમાનો ! જે ઈબાદત હું કરતો હતો તે સર્વ દિખાવાની હતી, કેવળ લોકોને દેખાડવા માટે કરતો હતો, બાતિની રીતે દુનિયામાં મશગૂલ હતો, એટલા માટે તે સર્વ ઈબાદતો મોં પર મારી દેવામાં આવી અને હુકમ થયો કે ઝાહિદ સખત અઝાબને પાત્ર છે, એને અઝાબ કરો !

## યાદે ખુદામાં દીવાનો થનારની હાલત

શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હે દરવેશ ! બીજો ગિરોહ તે જેમનું બાતિન સજાવેલું અને જાહેર ખરાબ હોય છે તેઓ દીવાના હોય છે જેઓ બાતિનમાં હક્ક તઆલામાં મશગૂલ હોય છે અને જાહેરમાં તેમની પાસે કોઈ સર સામાન નથી હોતો.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! દીવાના લોકો હક્ક તઆલાની યાદમાં એ રીતે મશગૂલ હોય છે કે કોઈને તેમના હાલની ખબર નથી હોતી, એટલા માટે એમનું જાહેર ખરાબ રહે છે.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! એકવાર મેં એવા દીવાનાને જોયો જે સાઈઠ વરસોથી જુનૂન (દીવાનગી)ની હાલતમાં હતો. અને એવી રીતે યાદે ઈલાહીમાં મશગૂલ હતો કે નૂર ચમકતુ હતું પણ તેને તે નૂરની રોશનીની ખબર ન હતી. જેમ કે એક રાતે મેં તેને એકાંતમાં તિલાવત કરતાં જોયો. એ વખતે એનાથી એવું નૂર નીકળી રહ્યું હતું જેની રોશની અર્શથી લઈને હિજાબે અઝમત સુધી જતી હતી. હું આગળ વધ્યો જેથી કરીને એ નેઅમતથી મને પણ કાંઈક મળી જાય. જેવો મારો પગરવ સાંભળ્યો તો તેણે પાછા વળીને જોયું અને કહ્યું, હે દરવેશ ! કેમ કે તેં અમારો ભેદ પામી લીધો છે પણ હવે બેહતર એ છે કે એને ઉઘાડો ન કરે. આવું કહ્યું અને આસ્માનની તરફ મોં કરીને કહ્યું, હે પરવરદિગાર ! કેમ કે મારો ભેદ તેં જાહેર કરી આપ્યો છે, હવે મારા માટે અહીં રહેવાની જગા નથી. હજી આ વાત સંપૂર્ણપણે કહેવા ન પામ્યો હતો એવામાં જાન ખુદાના હવાલે કરી આપી.

## યદે બયઝા લિયે બૈઠે હૈં અપની આસ્તીનોંમેં

ત્યારબાદ ફર્માવ્યું, હે દરવેશ ! જે લોકોનું જાહેર તથા બાતિન ખરાબ છે તે આમ લોકો છે, જેમને તાઅત (ફર્માબરદારી, ઈબાદત) વગેરેની કાંઈ ખબર નથી. પરંતુ જેમનું જાહેર તથા બાતિન સજાવેલુ છે તેઓ મશાઈખ છે. જો ભૂલે ચૂકે એમનાથી કાંઈક ઈબાદત રિયાના રૂપે જાહેર થઈ જાય તો પોતે પોતાને ત્યાં સુધી મુજાહિદામાં રાખે છે જ્યાં સુધી કે તે રિયાથી પાક ન થઈ જાય.

પછી ફર્માવ્યું કે મશાઈખ તે લોકો છે જેમને જે સમયે હાલત થાય છે તે વખતે જો તેમના પર તલ્વારના લાખો વાર કરવામાં આવે અથવા અને રજકણ રજકણ કરી દેવામાં આવે તો પણ તેમને તદ્દન ખબર નથી થતી.

પછી ફર્માવ્યું કે એકવાર કોઈ શખ્સ કોઈ દરવેશની પાસે આવ્યો અને આદાબ બજાવી લાવીને અરજ કરી કે જે વખતે આપને હક્ક તઆલાની મહોબ્બતમાં હાલત પેદા થાય છે તે વખતે મને પણ યાદ કરજો. દરવેશે હસીને કહ્યું, સાહબ ! એ વખતે અને આ હાલત પર સદ્ અફસોસ ! જ્યારે કે હું હાલતમાં હોઉં અને તું મને યાદ આવે જેથી હું ખુદાને છોડીને તારી યાદમાં રહું !

## એમનાં મોઢાં પર મહોર કરી દઈશું !

પછી ફર્માવ્યું કે, કલામુલ્લાહમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે : "આજે અમો એમનાં મોઢાં પર મોહર કરી દઈશું, અને તેમના હાથ અમારી સાથે વાત કરશે અને તેમના પગો તેમના કરેલાની ગવાહી આપશે." *(સૂ. યાસીન, ૩૬/૬૫)* એટલે કે દુનિયામાં લોકો શરીરના અંગો વડે જે કાંઈ કરી રહ્યા છે તો ક઼યામતના દિવસે એ જ અંગો તેની ગવાહી આપશે.

પછી ફર્માવ્યું કે હે દરવેશ ! દરવેશોએ જીવતાંની હાલતમાં જ પોતે પોતાને મુડદાં બનાવી લીધા છે, અને પોતાની જાતને સર્વ ચીજોથી દૂર રાખેલ છે.

હાથોને ટૂંકા કરી લીધા છે જેથી ન લેવા પાત્ર જે ચીજ છે તેને ન લે. અને જીભને ગુંગી બનાવી લીધી છે જેથી ન કહેવા જેવી વાત ન કહેવામાં આવે, અને પગોને લંગડા કરી લીધા છે જેથી જ્યાં આગળ જવું યોગ્ય નથી ત્યાં ન જાય. તો જે લોકો આ પ્રકારના છે તેઓ ખરેખર મક઼ામે કુર્બ સુધી પહોંચી ચૂક્યા છે અને ઈન્શા અલ્લાહ ! ક઼યામતના અઝાબથી નજાત પામશે.

## દુરવેશની નજર સ્ત્રી પર પડી ગઈ અને....

પછી ફર્માવ્યું કે એકવાર બગદાદમાં એક દરવેશને જોયો જે અનહદ યાદે ઈલાહીમાં મશગૂલ તથા સાહિબે નેઅમત હતો. એકવાર તે જુમ્આની નમાઝ પઢીને જેવો બહાર નીકળ્યો તો તેની નજર એક સ્ત્રી પર પડી ગઈ. તરત જ બંને હાથો વડે આંખોને ઢાંકી લીધી અને યા ગફૂર ! યા ગફૂર ! કહેવા લાગ્યો. છેવટે જયારે ઘરે આવ્યો તો દુઆ કરી કે પરવરદિગાર ! જે આંખોએ તને જોયો હોય તેને બીજાને ન જોવડાવ ! હજી એ વાત પૂર્ણપણે કહેવા પણ પામ્યો ન હતો કે એટલામાં બંને આંખોથી આંધળો થઈ ગયો અને એ વાતના શુક્રાનામાં બે રકાત નમાઝ અદા કરીને બેસી ગયો. જયારે શૈખુલ ઈસ્લામ આ વાત પર પહોંચ્યા તો અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે દોસ્ત વિના કોઈ અન્યને જોવું સખત ખોટવાળી નજર છે. ત્યારબાદ આ શેઅર ઝબાન મુબારકથી ફર્માવ્યો :–

**ચશ્મે કે તૂ બીનદ રવા મદાર**
**જુઝ દર જમાલે તૂ કે દીગર સૂ નઝર કુનદ**

**અર્થ** : *તે આંખે જેણે તારા રુખે અન્વરનો દીદાર કર્યો છે પછી તેને બીજી તરફ નજર કરવાની તૌફીક઼ ન આપ.*

ત્યારબાદ થોડા દિવસો પણ ન થયા હતા કે એ દરવેશે એવી વાત સાંભળી જે સાંભળવા પાત્ર ન હતી, તો તેણે બંને આંગળીઓને કાનોમાં રાખીને કહ્યું, હે પરવરદિગાર ! એ કાન જે તારા નામના હોય અને અન્ય કાંઈ સાંભળે તે બહેરા થઈ જાય તો બેહતર છે. તરત જ બંનેવ કાનથી બહેરો થઈ ગયો.

ત્યારબાદ ઉઠીને તાજુ વુઝૂ કર્યું અને બે રકાત નમાઝ પઢી અને ફર્માવ્યું, હવે ઉમ્મીદ છે કે હું દુનિયાથી ઈમાન સલામત લઈને જઈશ, કેમ કે મારાથી એ બંનેવ ચીજો લઈ લેવામાં આવી છે. પછી આ શેઅર પઢયો :–

**ગોશે કે જુઝ નામે તૂ અય દોસ્ત બશુનુવદ**
**કે બાદ ચૂં બહરે સુખને ગોશ બર કુનદ**

**અર્થ** : *આ કાન જો તારા નામ સિવાય કોઈ અન્ય વાતને સાંભળવા માટે ખડા થાય તો બેહરા થઈ જાય.*

જયારે શૈખુલ ઈસ્લામે આ હિકાયત ખત્મ કરી તો ચોધાર આંસૂએ રડયા અને આ શેઅર ઝબાન મુબારકથી ફર્માવ્યો :–

## બુઝુર્ગોની ખ્વાહિશ શું રહેતી ?!

**ચે નેકો બુવદ વક઼્તે મરદન અગર**
**સલામત બુરમ રખ્તે ઈમાં બગોર**

**અર્થ** : *કેટલું સારુ થાય જો મૃત્યુ વેળા હું ક઼બ્ર સુધી ઈમાન સલામત લઈને જાઉં.*

આપ વારંવાર આ શેઅર પઢતા અને આસ્માનની તરફ મોં કરીને કહેતા, હે પરવરદિગાર ! મારી ખ્વાહિશ એ છે કે દુનિયાથી ઈમાન સલામત લઈ જાઉં !

પછી ફર્માવ્યું, હે દરવેશ ! જો લોકો ઈમાન સલામત લઈ જાય તો સમજો એમણે કાંઈક કામ કર્યું છે.

પછી ફર્માવ્યું કે ઈમામ અહમદ ઈબ્ને હંબલને સકરાતની હાલત સિવાય કોઈએ કદી હસતા જોયા ન હતા. તે પણ એ રીતે કે તે વખતે ઈબ્લીસ લઈન આપની પાસે ઉભો રહીને અફસોસ કરતો હતો, અને કહેતો હતો કે હે ઈમામ અહમદ ઈબ્ને હંબલ ! તેં તારું ઈમાન મારા હાથથી ઘણી જ ઉમદા રીતે બચાવી લીધું. એના લીધે ઈમામ એ વાત પર હસ્યા અને ફર્માવ્યું : اَلْحَمْدُ لِلّٰہ હું ઈમાન તો સલામત લઈને જઈ રહ્યો છું !

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## રજઅતનું બયાન

**(ઓરતને તલાક આપવા પછી ફરીથી નિકાહમાં લાવવી)**

રજઅતનો અર્થ એ છે કે જે ઓરતને તલાકે રજઈ દીધી હોય તેને ઈદ્દતની અંદર પહેલા નિકાહમાં બાકી રાખવી.

**મસ્અલા** : રજઅત તે ઓરતથી થઈ શકે છે જેની સાથે સંભોગ કર્યો હોય. જો એકાંતવાસ કર્યો હોય પણ સંભોગ ન કર્યો હોય તો રજઅત થઈ શકશે નહીં. ભલે (સંભોગની નિય્યતે) શેહવતની સાથે સ્પર્શ કર્યો હોય, યા શેહવત સાથે (સંભોગની નિય્યતે) સ્ત્રીના ગુપ્તાંગ પર નજર કરી હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : રજઅતને કોઈ શરત પર આધારિત રાખી કે આગામી સમય પર નિશ્ચિત કરી (જેમ કે એમ કહ્યું કે "જો તું ઘરમાં ગઈ તો મારા નિકાહમાં ફરીથી આવી જઈશ." યા એમ કહ્યું કે "આવતી કાલે તું મારા નિકાહમાં ફરીથી આવી જઈશ) તો એ રજઅત ન થઈ અને મજાકમાં કે રમત ગમતમાં કે ભૂલથી રજઅતના શબ્દો કહ્યા (બોલ્યા) તો રજઅત થઈ ગઈ. *(બહર, બહાર)*

**મસ્અલા** : કોઈએ રજઅતના શબ્દો કહ્યા જેને શોહરે મંઝૂર રાખ્યા તો રજઅત થઈ ગઈ. *(રદ તથા બહાર)*

**મસ્અલા** : રજઅતનો મસ્નૂન તરીકો એ છે કે કોઈ શબ્દથી રજઅત કરે અને રજઅત પર બે આદિલ શખ્સોને ગવાહ રાખે અને ઓરતને એ બાબતની જાણ કરી આપે જેથી ઈદ્દત બાદ તેણી બીજા કોઈથી નિકાહ ન કરી લે અને જો કરી લીધો હોય તો અલગ કરી દેવામાં આવે ભલે દુખુલ (સંભોગ) પણ કરી ચૂકયો હોય, એટલા માટે કે એ નિકાહ નથી થયા. જો બોલીને રજઅત કરી હતી પરંતુ ગવાહ ન બનાવ્યા અથવા ગવાહ બનાવ્યા પણ ઓરતને ખબર ન આપી તો મકરૂહ અને સુન્નતની ખિલાફ છે પરંતુ રજઅત થઈ જશે. અને જો કામથી (કાર્ય કરીને) રજઅત કરી (જેમ કે એની સાથે હમબિસ્તરી કરી, સંભોગની નિય્યતે બોસો આપ્યો યા શર્મગાહ પર નજર કરી) તો રજઅત થઈ ગઈ પરંતુ મકરૂહ છે. જરૂરી એ છે કે ફરીથી ગવાહો સમક્ષ (રૂબરૂ) રજઅતના શબ્દો બોલે. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : શોહરે રજઅત કરી પરંતુ ઓરતને ખબર (જાણ) ન કરી, ઓરતે ઈદ્દત પૂરી થયા બાદ બીજા સાથે નિકાહ કર્યા અને રજઅત સાબિત થઈ જાય તો જુદા (અલગ) કરી દેવામાં આવશે, ભલે બીજો દખુલ (સંભોગ) પણ કરી ચૂકયા હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : રજઅતના (બોલ) શબ્દો આ પ્રમાણે છે : "મેં તારાથી રજઅત કરી" અથવા "મેં મારી ઓરતથી રજઅત કરી," અથવા "તને વાપસ લીધી," અથવા "મેં તને રોકી લીધી" આ બધા રજઅતના જાહેરી શબ્દો છે. કેમ કે આ બોલ (શબ્દોથી) નિય્યત વગર પણ રજઅત થઈ જશે

અને જો એમ કહ્યું કે "તું મારી નજીક તેવી છે જેવી હતી" અથવા "તું મારી ઓરત છે" જો આ શબ્દો રજઅતની નિય્યતથી કહ્યા તો રજઅત થઈ ગઈ, નહીંતર થશે નહીં, અને નિકાહના શબ્દોથી પણ રજઅત થઈ જાય છે. *(હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : રજઅતમાં ઓરતની રજાની જરૂર નથી બલ્કે ઓરત ઈન્કાર કરે તો પણ થઈ જશે. બલ્કે જો શોહરે તલાક દીધા પછી કહ્યું હોય કે મેં રજઅત બાતિલ (રદ) કરી દીધી અથવા મને રજઅતનો ઈખ્તિયાર નથી તો પણ રજઅત કરી શકે છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : પતિ પત્ની બન્ને કહેતાં હોય કે ઈદ્દત પૂરી થઈ ગઈ પરંતુ રજઅત બાબત વિરોધાભાસ (મતભેદ) હોય, એક કહે છે કે રજઅત થઈ અને બીજુ તેનો ઈન્કાર કરતુ હોય તો પત્નીનું બોલવું વિશ્વાસપાત્ર ગણાશે અને સોગંદની જરૂર નથી. અને જો ઈદ્દતના સમય દરમિયાન આ ઈખ્તિલાફ થયો તો પતિનુ કહેવું (બોલવું) વિશ્વાસપાત્ર ગણાશે, અને જો ઈદ્દત બાદ શોહરે ગવાહોથી એવી સાબિતી આપી કે મેં ઈદ્દતમાં એને એમ કહ્યું હતું કે હું એને પાછી લઉં છું અથવા એમ કહ્યું હતું કે મેં એનાથી હમબિસ્તરી કરી તો રજઅત થઈ ગઈ. *(હિદાયા, બહર, બહાર વગેરે)*

**મસ્અલા** : ઈદ્દત પૂરી થયા બાદ શોહર કહે છે કે મેં ઈદ્દતમાં રજઅત કરી લીધી છે અને ઓરત સમર્થન આપતી હોય તો રજઅત થઈ ગઈ અને જો જૂઠલાવતી હોય તો રજઅત ન થઈ.

*(હિદાયા, બહાર)*

**મસ્અલા** : જે ઓરતને ત્રણથી ઓછી તલાકે બાઈન દીધી હોય તેની સાથે ઈદ્દત દરમિયાન પણ નિકાહ કરી શકાય છે અને ઈદ્દત બાદ પણ. **જો ત્રણ તલાક આપી દીધી હોય તો હલાલો કર્યા વગર નિકાહ કરી શકાશે નહીં, ભલે હમબિસ્તરી ન કરી હોય.** અલબત્ત ! ઓરત ગેરમદખૂલા છે તો એક શબ્દ (બોલ)થી ત્રણ તલાક થશે. ત્રણ શબ્દોથી એક જ થશે. જેમ કે આગળ જાણી ચૂક્યા છો અને બીજા સાથે ઈદ્દતની અંદર મુત્તલકન નિકાહ કરી શકશે નહીં, ત્રણ તલાક દીધી હોય કે ત્રણથી ઓછી. *(હિદાયા વગેરે)*

## હલાલાના મસાઈલ

**મસ્અલા** : હલાલાની સૂરત એ છે કે જો ઓરત **મદખૂલા** હોય તો તલાકની ઈદ્દત પૂરી થયા પછી એ ઓરત બીજા કોઈથી સહીહ નિકાહ કરે અને એ બીજો શોહર એ ઓરતથી સંભોગ કરે પછી એ બીજા શોહરના તલાક દેવાથી કે (શોહરના) મૃત્યુ પામ્યા બાદ ઈદ્દત પૂરી થયા પછી પહેલા શોહર સાથે નિકાહ કરી શકે છે. અને જો ઓરત **મદખૂલા** ન હોય તો પહેલા શોહરના તલાક આપ્યા બાદ તરત બીજા સાથે નિકાહ કરી શકે છે એટલા માટે કે **ગેરમદખૂલા** માટે ઈદ્દત નથી. *(હિદાયા વગેરે)*

**મસ્અલા : હલાલામાં જે સોહબત કરવાની શર્ત છે તે એ છે કે જેનાથી ગુસ્લ ફર્ઝ થઈ જાય છે. એટલે કે પુરૂષની ઈન્દ્રિનો સોપારી જેવો ગોળ ભાગ કેવળ સ્ત્રીના આગળના ભાગે પ્રવેશે,** વિર્યસ્ખલન થવું શર્ત નથી.

*(દુર્રે મુખ્તાર, હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : કોઈ ઓરતથી નિકાહ ફાસિદ કરી ત્રણ તલાક આપી દે તો હલાલાની જરૂર નથી. હલાલો કર્યા વગર એનાથી નિકાહ કરી શકાય છે.

*(આલમગીરી, બહાર)*



# તાજુશ્શરીઅહના

(રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)

## જીવનચરિત્રની ઝલકો

હપ્તો ૦૬

### હઝરતનું ગૃહસ્થી જીવન

હઝરતનો નિકાહ તા'લીમો તર્બિયત અને ઈરાદત તથા સુલૂકની મંઝિલો પાર કર્યા બાદ જામેઅ અઝહર મિસરથી પરત આવીને લગભગ બે વરસ તદરીસી ખિદમતો અંજામ આપ્યા બાદ ખાનવાદામાં જ અલ્લામા હસ્નૈન રઝાખાં (રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)નાં સાહબઝાદી સુલૈમ ફાતિમા ઉર્ફ "અચ્છી બી" સાથે શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૩૮૮, ૩ નવે. ૧૯૬૮ રવિવારે થયા. હઝરતનાં અહલિયા (પત્ની સાહેબા) હુસ્ને કિરદાર, તક્વા તથા તહારત, મહેમાન નવાઝી, ગુર્બા પરવરી, ઈન્સાફ તથા દયાનતદારી, સખાવત તથા શરીઅતની પાબંદીમાં અનોખી શાન ધરાવે છે. મુરીદોના વર્તુળમાં "પીરાની અમ્મા"ના નામથી મશહૂર તથા ઓળખાય છે. વ્યસ્તતા છતાં કિતાબોના અભ્યાસનાં આદી છે. હઝરત પીરાની અમ્મા નેક સીરત ખાતૂન છે, સમયની રાબિઆ છે.

ડો. શૌકત સિદ્દીકી આપનાં અહલિયાના બાબતે લખે છે :–

"હઝરત હસ્નૈન રઝાનાં સૌથી નાની સાહબઝાદી જાનશીને મુફતીએ આ'ઝમ અલ્લામા મુફતી અખ્તર રઝાખાં رحمۃ اللہ علیہની સાથે મન્સૂબ થયાં. અરબી તથા ફારસીની તા'લીમ ઘરે જ વાલિદા માજિદાથી હાંસલ કરી. નમાઝ રોઝાનાં સખ્તીથી પાબંદ, ખૂબ જ ખુશ અખ્લાકવાળાં, અતિશય મહેમાન નવાઝ, ખૂબ જ ગંભીર સ્વભાવવાળાં છે. પૂરા ઘરની વ્યવસ્થા, માહનામા સુન્ની દુનિયાના ફેલાવાની ફિકર, મર્કઝી દારુલ ઈફતાના મુફતીઓનો ખયાલ, અર્રઝા મર્કઝી દારુલ ઈશાઅતથી કિતાબોનું પ્રકાશન તથા ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફાની કાર્યવાહીઓ માટે આર્થિક સહાય કરતાં રહે છે. ઘણા જ મામલાને સમજનાર તીવ્ર બુદ્ધિશાળી છે. અલ્લાહ તઆલાએ હુઝૂર તાજુશ્શરીઅહ્‌ના ઘરના માટે આપનો ઈન્તેખાબ ફર્માવ્યો જેના કારણે હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને ઘણી રાહત રહી. *(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૯૯)*

આપ ફિક્હી મસાઈલથી વાકેફ અને દીને હનીફનાં શાનદાર મુબલ્લિગા છે. ઉર્દૂ ગદ્યમાં શાનદાર મઝામીન (લેખો) લખે છે. માહનામા આ'લા હઝરત તથા માહનામા સુન્ની દુન્યામાં અમુક લેખો પ્રસિદ્ધો થઈ ચૂકેલા છે.

અલ્લાહ તઆલાએ હઝરતને પાંચ સાહબઝાદીઓ તથા એક સાહબઝાદો અતા કરેલ છે. આપે સૌની બેહતરીન તર્બિયત કરી અને તા'લીમથી શણગાર્યાં, અને સૌની શાદીઓ પણ કરી આપી.

### સાહબઝાદા તાજુશ્શરીઅહ હઝરત અસ્જદમિયાં વિશે ટૂંકમાં વિગત

મૌલાના મુહમ્મદ અસ્જદ રઝા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના એકના એક સાહબઝાદા તથા જાનશીન છે અને ઘણી ખૂબીઓ ધરાવે છે અને ઘણા દીની કાર્યોમાં સક્રિય રહે છે. આપ ૧૪ શાબાન હિ.સ. ૧૩૯૦, ઈ.સ. ૧૯૭૦માં મહોલ્લા ખ્વાજા કુતુબ બરેલીમાં પેદા થયા. હુઝૂર તાજુશ્શરીઅહને

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

ત્યાં આ પ્રથમ બાળજન્મ હતો. ખાનદાનવાળાઓને, ખાસ કરીને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃاللہ علیہને ઘણી જ ખુશી થઈ હતી. આપ તશરીફ લાવ્યા અને પોતાનું લુઆબે દહન નવ જન્મ પામેલના મોંમાં રાખ્યું અને એ જ મોક઼ા પર અસ્જદ મિયાંના મોમાં આંગળી રાખીને સિલસિલામાં દાખલ પણ કરી લીધા. એ નવ જન્મ પામેલનું નામ "મુહમ્મદ" રાખ્યું અને પુકારવા માટે "મુનવ્વર રઝા મુહામિદ" તજવીઝ થયું, અને ઉર્ફમાં "મુહમ્મદ અસ્જદ રઝા" ઠર્યું. એ જ ઉર્ફથી "મૌલાના અસ્જદ રઝા" તરીકે ઓળખાયા છે. મા બાપના સાયા હેઠળ તર્બિયત પામ્યા. મુહમ્મદ નામ પર શાનદાર અક઼ીક઼ો થયો. જ્યારે આપ ચાર વરસ ચાર મહિના ચાર દિવસના થયા તો બિસ્મિલ્લાહખ્વાનીની મેહફિલ થઈ જેમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہએ તસ્મિયા પઢાવી, અને આલિમ બનવાની તથા દીને ઈસ્લામના ખાદિમ બનવાની દુઆ કરી. પ્રારંભિક તા'લીમ વાલિદા માજિદા તથા વાલિદ માજિદથી લીધી. સમજદારી આવતાં બાદમાં ઈસ્લામિયા ઈન્ટર કોલેજ બરેલીમાં દાખલ કરવામાં આવ્યા.

અર્વાચીન શિક્ષણ ઈન્ટર સુધી ત્યાં જ સંપૂર્ણ કર્યું અને દીનીયાતની તા'લીમ જામિઆ નૂરિયા બરેલી તથા મર્કઝી દારુલ ઈફતા બરેલીમાં સંપૂર્ણ કરી. દીનિયાતની મોટાભાગની પ્રારંભિક કિતાબો મુફતી મુહમ્મદ નાઝિમ અલી બારાબંકવી તથા હઝરત મૌલાના નિઝામુદ્દીન સાહબથી પઢી. મુતવસ્તાતની તા'લીમ હઝરત મુફતી મુઝફ્ફરહુસૈન કટીહારી તથા જામિઆ નૂરિયા બરેલીના ઉસ્તાઝોથી મેળવી અને આ'લા કિતાબો સદરુલ ઉલમા હઝરત અલ્લામા તેહસીન રઝા رحمۃاللہ علیہથી અને વાલિદ માજિદ તાજુશ્શરીઅહથી પઢી. આપે દીનિયાતની અધિક્તર કિતાબો પોતાના મામા હઝરત સદરુલ ઉલમાની પાસે પઢી અને બુખારી શરીફ, તહાવી શરીફ, મુસ્લિમ શરીફ, અલ ઈશ્બાહુ વન્નઝાઈર, મક઼ામાતે હરીરી, અજિલ્લુલ અઅ્લામ, ઉકૂદ વ રસ્મુલ મુફતા, ફવાતિહુર્રહમૂત, તૌક઼ીત વગેરે કિતાબો વાલિદ માજિદથી પઢી. ઈ.સ. ૨૦૦૧માં ઉર્સે રઝાના મોક઼ા પર જામિઅતુર્રઝા બરેલીના સહેનમાં હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફાએ ખત્મે બુખારી કરાવી અને અસંખ્ય ઉલમા તથા મશાઈખની મૌજૂદગીમાં દસ્તારે ફઝીલત માથા પર બાંધવામાં આવી.

ઈ.સ. ૨૦૦૩માં શહઝાદએ તાજુશ્શરીઅહ્એ રઝાઅતના વિશે ફત્વો લખ્યો જેના પર ઉસ્તાઝુલ ફુક઼હા હઝરત અલ્લામા મુફતી ક઼ાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ અને મુફતી નાઝિમ અલી બારાબંકવી, મુફતી મુઝફ્ફરહુસૈન કટીહારી અને વાલિદ માજિદ તાજુશ્શરીઅહ્ رحمۃاللہ علیہએ તથા મુફતી મુહમ્મદ યૂનુસ રઝાએ તસ્દીક઼ કરી અને હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃاللہ علیہએ એ મોક઼ા પર મીઠાઈ મંગાવીને હાજરજનોમાં વહેંચણી પણ કરાવી. (જો કે આપે બાક઼ાયદા ફતવા નવેશી કે દર્સ આપ્યો નથી. *–તંત્રી*)

લગભગ ૨૦૦૬ ઈસ્વીમાં ઉર્સે રઝાના મોક઼ા પર ઈમામ અહમદ રઝા કોન્ફરન્સ જામિઅતુર્રઝા બરેલીમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃاللہ علیہએ સિલસિલાએ ક઼ાદરિયહ રઝવિય્યહની ઈજાઝત તથા ખિલાફત અતા કરી અને પોતાના જાનશીન જાહેર કર્યા. ઈ.સ. ૨૦૧૩માં હઝરતે તે તમામ ઈજાઝતો પણ અર્પણ કરી દીધી જે તેમને પોતાના મશાઈખ ખાસ કરીને મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہથી મળી હતી. ઈ.સ. ૨૦૦૭માં મૌલાનાએ વાલિદ માજિદની મૌજૂદગીમાં મિશ્કાત શરીફનો જામિઅતુર્રઝામાં લગભગ સવા કલાક દર્સ આપ્યો, જેની વાલિદ માજિદે દાદ આપી અને હાજરજનોએ પણ મુબારકબાદી આપી. *–(સવાનેહે તાજુશ્શરીઅહ્, પેજ : ૪૪)*

# અંગૂઠા ચૂમવાનો મસ્અલો

**અઝ : ખતીબે પાકિસ્તાન અલ્લામા મુહમ્મદશફીઅ ઓકળાવી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

وعلی آلہ وصحبہ اجمعین

હુઝૂર પૂરનૂર શફીએ યૌમુન્નુશૂર ﷺનું નામે પાક અઝાનમાં સાંભળતી વખતે અંગૂઠા અથવા શહાદતની આંગળીઓ ચૂમીને આંખોથી લગાડવી કત્અન (નિશ્ચિતરૂપે) જાઈઝ તથા મુસ્તહબ અને ખૂબ રહમત તથા બરકતનો સબબ છે. એના જાઈઝ હોવા બાબતે ખૂબ જ પ્રમાણમાં દલીલો મૌજૂદ છે અને મનાઈ માટે કોઈ દલીલ મૌજૂદ નથી★. અમુક દલીલો વાંચકો સમક્ષ હાજર છે.

**૧.** ફાઝિલે જલીલ અલ્લામતુલ કામિલ શૈખ ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ પોતાની વિશ્વ વિખ્યાત "તફસીરે રૂહુલ બયાન"માં ફર્માવે છે : "કસસુલ અંબિયા વગેરે કિતાબોમાં છે કે જ્યારે હઝરત આદમ علیہ السلامને જન્નતમાં હઝરત મુહમ્મદ ﷺની મુલાકાતનો શોખ થયો તો અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી મોકલી કે તે તમારા વંશવેલામાં આખર જમાના જાહેર થશે. તો હઝરત આદમ علیہ السلامએ આપની મુલાકાતનો સવાલ કર્યો તો અલ્લાહ તઆલાએ આદમ علیہ السلامના જમણા હાથની કલમાની આંગળીમાં નૂરે મુહમ્મદી ﷺ ચમકાવ્યું તો એ નૂરે તસ્બીહ પઢી. એના કારણે એ આંગળીનું નામ કલમાની આંગળી પડયું. જેવું કે રૌઝુલ ફાઈકમાં છે. અને અલ્લાહ તઆલાએ પોતાના હબીબના જમાલે મુહમ્મદી ﷺને હઝરત આદમ علیہ السلامના બંનેવ અંગૂઠાઓના નખોમાં આઈના જેમ જાહેર કરી આપ્યું તો હઝરત આદમ علیہ السلامએ પોતાના અંગૂઠાના નખોને ચૂમીને આંખો પર ફેરવ્યા. જેથી આ સુન્નત તેમની ઔલાદમાં ચાલુ થઈ. પછી જ્યારે જિબ્રીલે અમીને નબી કરીમ ﷺને એની ખબર આપી તો આપે ફર્માવ્યું, જે શખ્સ અઝાનમાં મારુ નામ સાંભળે અને પોતાના અંગૂઠાના નખોને ચૂમીને આંખોથી લગાડે તે કદી આંધળો થશે નહીં. *(રૂહુલ બયાન, ૪/૬૪૯)*

**૨.** એ જ તફસીરે રૂહુલ બયાનમાં છે કે :

"મોહીતમાં લાવવામાં આવેલ છે કે પયગંબર ﷺ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને એક થાંભલા નજીક બેસી ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પણ આપની સાથમાં બેઠેલા હતા. હઝરત બિલાલ رضی اللہ عنہએ ઉઠીને અઝાન આપવી શરૂ કરી. જ્યારે તેમણે "અશ્હદુ અન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ" કહ્યું, તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ પોતાના બંનેવ અંગૂઠાઓના નખોને પોતાની બંને આંખો પર રાખ્યા અને કહ્યું : قُرَّۃُ عَیۡنِیۡ بِکَ یَا رَسُوۡلَ اللّٰہِ "યા રસૂલલ્લાહ ! ﷺ મારી આંખો આપ(ના નામ)થી ઠંડી રહે." જ્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ અઝાન આપી ચૂક્યા તો હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, હે

★ *આ મસ્અલાને વિસ્તારપૂર્વક સમજવા મુનીરુલ અયન ફી હુકમે તકબીલિલ ઈબ્હામૈન" લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ તથા "જાઅલ હક્ક" અઝ : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہનો કરવો.*

અબૂબક્ર ! જે શખ્સ આવુ કરશે જેવું કે તમે કર્યું છે, તો ખુદા તઆલા તેના તમામ ગુનાહોને બખ્શી આપશે. *(રૂહુલ બયાન)*

**૩.** અને હઝરત શયખ ઈમામ અબૂ તાલિબ મુહમ્મદ બિલ અલી મક્કી رحمۃ اللہ علیہ (અલ્લાહ એમના દરજાઓ બુલંદ ફર્માવે) પોતાની કિતાબ કુવ્વતુલ કુલૂબમાં ઈબ્ને ઓયૈનાથી રિવાયત કરે છે કે હુઝૂર علیہ الصلوۃ والسلام નમાઝે જુમ્આ અદા કરવા માટે મુહર્રમની દસમી તારીખે મસ્જિદમાં તશરીફ લાવ્યા અને એક થાંભલાની નજીક બેસી ગયા. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ (અઝાનમાં હુઝૂર ﷺનું નામ સાંભળીને) પોતાના બંનેવ અંગૂઠાઓના નખોને પોતાની આંખો પર ફેરવ્યા અને કહ્યું, قُرَّۃُ عَیْنِیْ بِکَ یَارَسُوْلَ اللّٰہِ જ્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ અઝાનથી ફારિગ થઈ ગયા તો હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યુ, હે અબૂબક્ર ! જે શખ્સ તમારી જેમ મારું નામ સાંભળીને અંગૂઠા આંખો પર ફેરવે અને જે તમે કહ્યું તે કહે તો ખુદા તઆલા તેના સર્વ નવા તથા જૂના, જાહેર તથા છુપા ગુનાહોથી દરગુઝર ફર્માવશે. *(તફસીરે રૂહુલ બયાન, ૪/૬૪૮)*

**૪.** અલ્લામા ઈમામ શમ્સુદીન સખાવી رحمۃ اللہ علیہ દયલમીના હવાલાથી નક્લ કરે છે કે હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہએ જ્યારે મોઅઝ્ઝિનને "અશહદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ" કહેતાં સાંભળ્યા તો એ જ કહ્યું અને પોતાની શહાદતની આંગળીઓના બેડકાં નીચેની બાજુથી ચૂમીને આંખોથી લગાડયાં. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શખ્સ મારા આ પ્યારા દોસ્તની જેમ કરશે તેના માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ. *(અલ્મક઼ાસિદુલ હસના ફીલ્ અહાયષિદ્દાઈરતિ અલ્સ્સુન્નહ)*

**૫.** આ જ ઈમામ સખાવી હઝરત અબુલ આસ અહમદ બિન અબૂબક્ર અર્રુદાદ યમાનીની કિતાબ "મુજબાતુર્રહમહ વ અઝાઈમિલ્ મગ઼ફિરહ"થી નક્લ ફર્માવે છે કે હઝરત ખિઝર علیہ السلامએ ફર્માવ્યું :–

જે શખ્સ મોઅઝ્ઝિનથી 'અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ' સાંભળીને કહે, "મરહા બિહ્બીબી વકુર્રતિ અ્યની મુહમ્મદિબ્નિ અબ્દુલ્લાહ ﷺ." પછી અંગૂઠા ચૂમીને આંખો પર રાખે, તેની આંખો કદી દુ:ખશે નહીં.

–*(અલ્ મક઼ાસિદુલ હસનહ)*

**૬.** એ જ ઈમામ સખાવી, ફક઼ીહ મુહમ્મદ ઈબ્ને સઈદ ખૌલાની رحمۃ اللہ علیہથી રિવાયત કરે છે કે સૈયદના હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ ફર્માવ્યું :

"જે શખ્સ મોઅઝ્ઝિનથી 'અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ' સાંભળીને કહે 'મર્હબા બિ હ઼બીબી વ કુર્રતુ અ્યની મુહમ્મદ બિન અબ્દુલ્લાહ' ﷺ. પછી બંનેવ અંગૂઠા ચૂમીને આંખો પર રાખે, તે કદી આંધળો ન થશે, અને ન તેની આંખો કદી દુ:ખશે." *(અલ્ મક઼ાસિદુલ હસના)*

**૭.** એ જ ઈમામ સખાવી, શમ્સુદીન ઈમામ મુહમ્મદ બિન સાલેહ મદનીની તારીખથી નક્લ ફર્માવે છે કે તેમણે ફર્માવ્યું, મેં હઝરત મજદ મિસ્રીને જેઓ કામિલીને સાલિહીનમાંથી હતા, ફર્માવતાં સાંભળ્યું કે :–

"જે શખ્સ નબી કરીમ ﷺનો ઝિક્રે પાક અઝાનમાં સાંભળીને દુરૂદ મોકલે, અને કલમાની આંગળીઓ તથા અંગૂઠા મિલાવીને તેમને બોસો આપે અને આંખો પર ફેરવે તેની આંખો કદી દુ:ખશે નહીં. *(અલ્ મક઼ાસિદુલ હસના)*

**૮.** એ જ ઈમામ સખાવી, એ જ ઈમામ મુહમ્મદ બિન સાલેહની તારીખથી નક્લ ફર્માવે છે કે તેમણે ફર્માવ્યું, ઈરાક઼ના ઘણા બધા મશાઈખથી મરવી છે કે જ્યારે અંગૂઠા ચૂમીને આંખો પર ફેરવે

તો આ દુરૂદ શરીફ પઢે :–

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا رَسُولَ اللّٰهِ يَا حَبِيْبَ قَلْبِىْ وَيَا نُوْرَ بَصَرِىْ وَيَا قُرَّةَ عَيْنِىْ

**"સલ્લલ્લાહુ અલૈક યા સૈયદી યા રસૂલલ્લાહ ! યા હબીબિ કલ્બી વ યાનૂર બસરી વ યા કુર્રતુ અયની"**

ઈન્શા અલ્લાહ ! કદી આંખો દુ:ખશે નહીં અને આ અજમાવાયેલ છે. એના પછી ઈમામ મઝકૂર ફર્માવે છે કે જ્યારથી મેં સાંભળ્યું ત્યારથી આ મુબારક અમલ કરું છું. તો આજ સુધી મારી આંખો ન દુ:ખી છે અને ન ઈન્શા અલ્લાહ ! દુ:ખશે. *(અલ્મકાસિદુલ હસના)*

૯. આ જ ઈમામ સખાવી, ઈમામ તાઉસથી નકલ ફર્માવે છે કે તેમણે શમ્સુદ્દીન મુહમ્મદ બિન અબી નસ્ર બુખારીએ ખ્વાજએ હદીદથી આ હદીષ મુબારક સાંભળીને ફર્માવ્યું :–

"જે શખ્સ મોઅઝ્ઝિનથી શહાદતનો કલ્મો સાંભળીને અંગૂઠાના નખો ચૂમે અને આંખો પર ફેરવે અને આ પ્રમાણે પઢે :–

اَللّٰهُمَّ احْفَظْ حَدَقَتَىَّ وَنُوْرَ هُمَا بِبَرْكَةِ حَدَقَتَىْ مُحَمَّدٍ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَنُوْرِهِمَا

**"અલ્લાહુમ્મહ્ ફઝ્ હદકતૈય વ નૂર હુમા બિબરકતિ હદકતય્ મુહમ્મદિર્રસૂલિલ્લાહ ﷺ વનૂરિહિમા"** તે કદી આંધળો થશે નહીં. *(અલ્મકાસિદુલ હસના)*

૧૦. શરહે વકાયામાં છે :–

જાણી લો કે બેશક ! અઝાનની પ્રથમ શહાદતને સાંભળવા પર "સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! ﷺ" અને બીજી શહાદતના સાંભળવા પર "કુર્રતુઅયની બિક યા રસૂલલ્લાહ ! ﷺ" કહેવું મુસ્તહબ છે. આ બાજુ પોતાના અંગૂઠાના નખો (ચૂમીને) પોતાની આંખો પર રાખે અને કહે :–

اَللّٰهُمَّ مَتِّعْنِىْ بِالسَّمْعِ وَالْبَصَرِ **"અલ્લાહુમ્મ મત્તિઅ્ની બિસ્સમઈ વલ્બસર"** તો હુઝૂર ﷺ એવું કરવાવાળાને પોતાની પાછળ પાછળ જન્નતમાં લઈ જશે.

૧૧. અલ્લામા શામી رحمۃ اللہ علیہ રદ્દુલ મુહતાર શરહે દુર્રે મુખ્તારમાં આ જ લખાણ લખીને ફર્માવે છે કે:

"આવું કન્ઝુલ એબાદ તથા ઈમામ કુસ્તલાનીમાં અને એના જ જેમ ફતાવા સૂફિયહમાં છે, અને કિતાબુલ ફિરદોસમાં છે કે જે શખ્સ અઝાનમાં "અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ" સાંભળીને પોતાના અંગૂઠાના નખોને ચૂમે (તેના વિશે હુઝૂર ﷺનું ફર્માન છે કે) હું એનો કાઈદ (સરદાર) બનીશ અને તેને જન્નતની સફોમાં દાખલ કરીશ. એની સંપૂર્ણ ચર્ચા બહરુર્રાઈકના હાશિયા, રમલીમાં છે.

૧૨. રઈસુલ ફુકહા અલ્હનફિયહ અલ્લામા તહતાવી رحمۃ اللہ علیہ શરહે મરાકિયુલ ફલાહમાં આ જ લખાણ તથા દયલમીની હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ વાળી મરફૂઅ હદીષ નકલ કરીને ફર્માવે છે :

"અને એ જ પ્રમાણે હઝરત ખિઝર علیہ السلامથી પણ રિવાયત કરવામાં આવેલ છે. અને ફઝાઈલે આમાલમાં આ હદીષો પર અમલ કરવામાં આવે છે." *(અત્તહતાવી અલા મરાકીયુલ ફલાહ, પેજ–૧૧૧)*

૧૩. અલ્લામા ઈમામ કુહિસ્તાની શરહુલ કબીરમાં કન્ઝુલ ઈબાદથી નકલ કરે છે :–

"જાણી લો ! બેશક ! અઝાનની પ્રથમ શહાદત સાંભળવા પર "સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! ﷺ" તથા બીજી શહાદત સાંભળવા પર "કુર્રતુ અયની બિક યા રસૂલલ્લાહ ! ﷺ" કહેવું

મુસ્તહબ છે. પછી પોતાના અંગૂઠાના નખો (ચૂમીને) પોતાની આંખો પર રાખે અને કહે : اَللّٰهُمَّ مَتِّعْنِی بِالسَّمْعِ وَالْبَصَرِ **"અલ્લાહુમ્મ મત્તિઅ્ની બિસ્સમઇ વલબસર"** તો હુઝૂર ﷺ એવું કરવાવાળાને પોતાની પાછળ પાછળ જન્નતમાં લઈ જશે." *(શરહુલ કબીર)*

**૧૪/૧૫.** શાફઈ મઝહબની મશહૂર કિતાબ "એઆનતુત્તાલિબીન અલા હલ્લિલ્ફાઝિ ફતહિલ મુબીન"ના પેજ ૨૪૮ અને માલિકી મઝહબની મશહૂર કિતાબ "કિફાયતુત્તાબિર્રબ્બાની લિ રિસાલતિબ્નિ અબી ઝયદિલ્ કીર્વાની"ના પેજ–૧૬૯ પર છે કે જ્યારે અઝાનમાં હુઝૂર ﷺનું નામ સાંભળે તો દુરૂદ શરીફ પઢે. પછી અંગૂઠા ચૂમે અને તેમને આંખો પર રાખે તો ન કદી આંધળો થશે અને ન કદી આંખો દુ:ખશે.

**૧૬.** શયખુલ મશાઈખ, રઈસુલ મોહક્કિકીન, સૈયદુલ ઉલમા અલ હનફિયહ બિ મક્કતિલ મુકર્રમા મૌલાના જમાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર મક્કી رحمۃ اللہ علیہ પોતાના ફતાવામાં ફર્માવે છે કે :

"મને સવાલ થયો કે અઝાનમાં હુઝૂર ﷺના નામ મુબારકના ઝિક્રના સમયે અંગૂઠા ચૂમવા અને આંખો પર રાખવા જાઈઝ છે કે નહીં ? મેં આ શબ્દોમાં જવાબ આપ્યો કે હા ! અઝાનમાં હુઝૂરે અક્દસ ﷺનું નામ મુબારક સાંભળીને અંગૂઠા ચૂમવા અને આંખો પર રાખવા જાઈઝ છે, બલ્કે મુસ્તહબ છે. આપણા મઝહબના મશાઈખે એના મુસ્તહબ હોવાની સ્પષ્ટતા કરી છે." *(મુનીરુલ અયન ફી હુકિમ તકબીલિલ ઈબ્હામૈન, પેજ–૧૪)*

**૧૭.** અશ્શયખુલ આલમ અલ મુફસ્સિર અલ્લામા નૂરૂદ્દીન અલ ખુરાસાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું હૂઝૂર ﷺનું નામ મુબારક અઝાનમાં સાંભળીને અંગૂઠા ચૂમ્યા કરતો હતો, પછી છોડી આપ્યું. તો મારી આંખો બીમાર થઈ ગઈ, "તો મેં હુઝૂર ﷺને ખ્વાબમાં જોયા. ફર્માવ્યું, તેં અઝાનના સમયે અંગૂઠા ચૂમીને આંખો પર લગાડવું કેમ છોડી આપ્યું ? જો તું ચાહે છે કે તારી આંખો ઠીક થઈ જાય, તો એ અમલ ફરીથી શરૂ કરી આપ. પછી હું જાગ્યો અને એ અમલ શરૂ કરી આપ્યો તો મારી આંખો ઠીક થઈ ગઈ, અને ત્યાર પછીથી આજ સુધી એ બીમારી નથી થઈ." *(નહજુસ્સલામતિ ફી તક્બીલિલ ઈબ્હામૈનિ ફિલ ઈકામહ, પેજ–૪)*

**૧૮.** હઝરત વહબ બિન મુનબ્બિહ رضی اللہ عنہ ફર્માવે છે કે બની ઈસ્રાઈલમાં એક શખ્સ હતો જેણે બસો વરસ અલ્લાહ તઆલાની નાફર્માનીમાં પસાર કર્યાં હતાં. જ્યારે તે મરી ગયો તો લોકોએ તેને ગંદકીની જગાએ (ઉકરડા)માં ફેંકી દીધો. તો અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને વહી કરી કે તેને ત્યાંથી ઉઠાવો અને એના પર નમાઝ પઢો. મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હે મારા પરવરદિગાર ! બની ઈસ્રાઈલ તેના નાફર્માન હોવાની ગવાહ આપે છે. ઈર્શાદ થયો, એ બરાબર છે : "પણ એની આદત હતી કે જ્યારે તે તૌરાત ખોલતો અને હઝરત મુહમ્મદ (ﷺ)ના નામે પાકને જોતો તો તે નામને ચૂમીને આંખોથી લગાડી લેતો અને દુરૂદ મોકલતો. તો મેં એનો એ હક્ક માન્યો અને તેના ગુનાહોને બખ્શી આપ્યા, અને ૭૦ હૂરો તેના નિકાહમાં આપી." –*(હિલ્યુલ અવલિયા, અબૂ નુઐમ, ૪/૪૪, સીરતુલ હિલ્યહ, ૧/૮૫)*

**૧૯.** સૈયદુલ આરિફીન હઝરત મૌલાના રૂમ رحمۃ اللہ علیہ "મષ્નવી શરીફ"માં ફર્માવે છે :–

(અર્થ) : ઈન્જીલમાં હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનું નામ મુબારક લખેલ હતું, તે મુસ્તફા જે

પયગંબરોના સરદાર અને બહરે સફા છે. તેમજ આપની શારીરિક ખૂબીઓ, શકલ તથા શમાઈલ, જેહાદ કરવા, રોઝા રાખવા અને ખાવા પીવાનો હાલ પણ દર્શાવેલ હતો. ઈસાઈઓની એક જમાઅત જયારે એ નામે પાક અને ખિતાબ મુબારક (સંબોધન) પર પહોંચતી તો એ લોકો સવાબના હેતુથી એ અચ્છાઈ કરતા કે એ નામ શરીફને બોસો આપતા અને એ ઝિક્ર મુબારક પર તાઝીમના રૂપે મોં રાખી દેતા. (આ તાઝીમના સબબ) તેમનો વંશવેલો ખૂબ જ વધી ગયો અને હઝરત અહમદ ﷺનું નૂર મુબારક (દરેક મામલામાં) તેમનું મદદગાર તથા સાથી બની ગયું. અને નસરાનીઓનો તે બીજો ગિરોહ હઝરત અહમદ ﷺના નામે મુબારકની બેકદરી કર્યા કરતું હતું. તો એ લોકો ઝલીલોખાર (બેઈજ્જત) થઈ ગયા, પોતાના અસ્તિત્વથી પણ મેહરૂમ થઈ ગયા. (કે કત્લ કરવામાં આવ્યા) અને મઝહબથી પણ મેહરૂમ થઈ ગયા. (એટલે અકીદા બગડી ગયા)

જ્યારે હઝરત અહમદ ﷺનું નામ મુબારક આવી મદદ કરે છે તો યાદ કરો કે આપનું નૂરે પાક કેટલા પ્રમાણમાં મદદ કરી શકે છે. જ્યારે હઝરત અહમદ ﷺનું નામ મુબારક જ હિફાઝતના માટે મજબૂત કિલ્લો છે તો એ રૂહુલ અમીન ﷺની ઝાત મુબારક કેવી હશે ?!

*-(મષ્નવી શરીફ, દફતર અવ્વલ)*

**શંકાનું નિવારણ** : અમુક લોકો એવું કહે છે કે આ તમામ હદીષો ઝઈફ છે. એમાં એક પણ સહીહ મરફૂઅ હદીષ નથી. જેમ કે મુહદ્દિષોએ આ હદીષોને લખીને ફર્માવ્યું : لا يصح في المرفوع (સહીહ મરફૂઅ હદીષ નથી) જેથી ઝઈફ હદીષોથી કેવી રીતે એક શરઈ મસ્અલો સાબિત થઈ શકે છે ?!

એના વિશે કેવળ એટલુ જણાવી દેવું પૂરતુ છે કે મુહદ્દિષોનું કોઈ હદીષના વિશે ફર્માવવું કે સહીહ નથી, તેનો એ અર્થ નથી થતો કે આ હદીષ બિલકુલ ગલત તથા બાતિલ છે, બલ્કે એનો મતલબ એ થાય છે કે આ હદીષ સહીહ હોવાની તે ઉચ્ચ કક્ષાએ નથી પહોંચી જેને મુહદ્દિષો પોતાની બોલીમાં સેહત (સહીહ)નો દરજ્જો કહે છે. યાદ રાખશો, મુહદ્દિષોની બોલીમાં હદીષની સૌથી ઉચ્ચ કક્ષા (દરજ્જો) સહીહ છે અને સૌથી નીચેનો દરજ્જો મૌઝૂઅ (બનાવટી) છે અને મધ્યમાં ઘણા બધા પ્રકારો છે જે ક્રમસર દરજ્જાઓમાં ગોઠવાયેલ છે. સહીહ પછી હસનનો દરજ્જો છે જેથી સહીહ હોવાનો નકાર એ હસન હોવાનો નકાર હોવું લાઝિમ નથી થતુ. બલ્કે જો ઝઈફ પણ હોય તો પણ અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઈજમાઅની સાથે મકબૂલ (સ્વીકાર્ય) છે અને આ હદીષોના વિશે لا يصح في المرفوع પેજ એટલે "આ સર્વ હદીષો હુઝૂર ﷺ સુધી મરફૂઅ થઈને સહીહ સાબિત નથી થતી" ફર્માવવું સાબિત કરે છે કે આ હદીષ મૌકૂફ સહીહ છે.

**૨૦.** જેમ કે અલ્લામા ઈમામ મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે :-

"હું કહું છું કે જયારે આ હદીષનું રફઅ (પહોચવું) હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ સુધી સાબિત છે તો અમલના માટે પૂરતી છે, કેમ કે હુઝૂર ﷺનું ફર્માન છે કે હું તમારા પર લાઝિમ કરું છું મારી સુન્નત અને મારા ખુલફાએ રાશિદીનની સુન્નત." *(મૌઝૂઆતે કબીર, પેજ-૬૪)*

જાણવા મળ્યું કે હદીષે મૌકૂફ સહીહ છે, કેમ કે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ સુધી એની પહોંચ સાબિત છે. અને સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہની સુન્નત હુઝૂર ﷺની સુન્નત છે. જેમ કે વિરોધીઓના (દેવબંદીઓના) ગિરોહના સરદાર મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી તથા મોલ્વી રશીદ અહમદ ગંગોહી જણાવે છે, "જેના જાઈઝ હોવાની દલીલ ત્રણ યુગો (કુરૂને ષલાષા એટલે રસૂલ,

સહાબા તથા તાબઈનનો યુગ)માં હોય ભલે પછી તે કામ પોતાના ખાસ સ્વરૂપમાં તે સમયે અમલમાં હોય કે ન હોય અને ભલે તેની જિન્સનું વજૂદ અમલ તરીકે હોય કે ન હોય, એ સૌ સુન્નત છે.

*–(બરાહીને કાતિઅહ, પેજ–૨૮)*

સાબિત થયું કે મોલ્વી ગંગોહીની નજીક અઝાનમાં નામે અક્દસ સાંભળીને અંગૂઠા ચૂમવા સુન્નત છે, કેમ કે મુલ્લા અલી કારીના લખાણથી કુરૂને ષલાષા (હુઝૂર, સહાબા તથા તાબઈનના સમય)માં તેની અસ્લ (દલીલ) મોહક્કક (નિશ્ચિત) થઈ ગઈ. પછી તેને બિદઅત વગેરે કહેવું નર્યી જહાલત તથા પૂર્વગ્રહ નથી તો બીજુ શું છે ?!

## અહલે સુન્નત ભાઈઓ ધ્યાન આપે !

મારા સુન્ની ભાઈઓ ! હોશમાં આવો ! સાવધાન થઈ જાવ ! આ દૌર ઘણો નાઝુક તથા ફિત્નાઓનો દૌર છે. સખ્ત આઝમાઈશનો સમય છે. બેદીની તથા બદઅકીદગીની આંધીઓ અને ગુમરાહીનાં તોફાન જોશમાં છે. જેથી પોતાના ઈમાન તથા અકીદાની ખૂબ હિફાઝત કરો અને બુઝુર્ગાને દીનના તરીકા પર કાયમ રહો. ગૈરોની સોહબત તથા મજલિસ અને તકરીરો તથા સાહિત્યોથી દૂર રહો અને ઉલમાએ રબ્બાનીન, બુઝુર્ગાને દીન, સલફે સાલેહીનના હાલાતનો અભ્યાસ કરો અને તેમની કિતાબો ખૂબ પઢો અને નમાઝ રોઝાની પાબંદી કરો, દુરૂદો સલામ ખૂબ પ્રમાણમાં પઢો, સાદો સુથરો લિબાસ પહેરો, માથાંઓ પર ગૈરોની સ્ટાઈલના વાળ ન રાખો બલ્કે સુન્નતના પ્રમાણે રાખો, કોઈ કામિલ અલ્લાહવાળાની સોહબત અપનાવો જે સાચા અર્થમાં અલ્લાહવાળો હોય. આપસમાં ઈત્તેફાક તથા મહોબ્બતથી રહો. અલ્લાહ કરીમ તબારક વ તઆલા પોતાના હબીબ ﷺના તુફૈલ આપણને અહલે સુન્નત વ જમાઅતના અકીદા તથા અમલો પર કાયમ રાખે અને ખાત્મો ઈમાન પર ફર્માવે. આમીન ષુમ્મ આમીન બિહુમર્તિ સૈયદિલ મુરસલીન, રહમતુલ્લિલ્ આલમીન, શફીઉલ મુઝનબીન ﷺ

*તાલિબે દુઆ : મુહમ્મદશફીઅ ઓકાળવી*
*ગુફિરલહૂ (કરાચી)*

માનનીય વાંચકો ! યાદ રાખશો કે અઝાનમાં કે અઝાનના સિવાય અલ્લાહના હબીબ, રહમતે આલમ, નૂરે મુજસ્સમ, શફીએ મોઅઝ્ઝમ, હુઝૂરે અકરમ ﷺનું નામે નામી ઈસ્મે ગિરામી સાંભળીને ચૂમવું અને આંખોથી લગાડવું એ મહોબ્બતની નિશાની છે અને કિતાબના લખાણો પરથી તમારા પર સ્પષ્ટ થઈ ગયું કે વિના શંકાએ આ કાર્ય ન કેવળ જાઈઝ તથા મુસ્તહબ છે બલ્કે દુનિયા તથા આખેરતમાં રહમત તથા બરકતનો પણ સબબ છે, એ રીતે કે ફર્માને રસૂલ ﷺના પ્રમાણે આખોના સાજા રહેવું તથા ગુનાહોથી મગફેરતનો સબબ છે. અફસોસ ! સદ્ અફસોસ ! કે મહોબ્બત તથા તાઝીમે રસૂલના સબબે કરવામાં આવનારા આ સારા કામને ગલત તથા નાજાઈઝ ઠરાવી દેનાર લોકો એ નથી જોતા કે તેમણે મુસ્લિમ સમાજમાં એ લોકોની આવી વાતોથી ઈસ્લામી નિશાનીઓની તૌહીન તથા બેઅદબી તથા મશ્કરીના મોકા લોકોને પૂરા પાડયા છે, જેના કારણે લોકો કેટલાયે નેક કામોને છોડીને બેરાહરવી અપનાવી રહ્યા છે. આવા લોકો અવામની એ બદ્અમલીઓનો સબબ બની રહ્યા છે અને એ બુરાઈઓનો વબાલ પોતાના માટે જમા કરી રહ્યા છે. અલ્લાહ તઆલા પોતાના પ્યારાઓના સદકામાં નેકી પર અડગતા અને તેના પ્યારાઓની મહોબ્બતમાં કમાલનો દરજો અતા ફર્માવે.

*મુહ઼મ્મદ ﷺકી મહ઼બ્બત દીને હક઼્ક઼ કી શર્તે અવ્વલ હૈ*
*ઈસીમેં હો અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ*

*–કૌકબ નૂરાની*

# મોહસિને અહલે સુન્નત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા પેટલાદી رحمۃ اللہ علیہ

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

મોહસિને અહલે સુન્નત હઝરત કિ઼બ્લા સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہના ખાનદાનમાં અગાઉથી જ અવલિયા ચાલ્યા આવે છે. એને સમર્થન કરતી એક વાત જંબુસર ખાતે રહેતા હઝરત કિ઼બ્લા સૈયદ શૌક઼તઅલી બાવા (ખલીફા નૂરાની બાવા)ની ઝબાની અમને જાણવા મળી કે હઝરત સૈયદ નૂરાની બાવા رحمۃ اللہ علیہના દાદા હઝરત સૈયદ અમીરઅલી બાવા رحمۃ اللہ علیہ એકવાર દિલ્હી જામા મસ્જિદ ગયા હતા. એમની સાથે થામ ગામના ઈસ્માઈલ છેલા અને વલણના ઈસ્માઈલ બંદૂકિયા બે જણ હતા. હઝરત સૈયદ અમીર અલી બાવા رحمۃ اللہ علیہ પગથિયાં ઉપર ચઢી ગયા અને આ બંનેવ હજી પાછળ રહી ગયા હતા. તો એક બુઝુર્ગે આ બંનેવને ઈશારો કરીને બોલાવ્યા અને તેમને કહ્યું કે આ ઉપર ગયા એ કોણ છે ? કહ્યું કે અમારા પીર સાહબ છે. કહ્યું કે એ ઘણી મહાન શખ્સિયત છે ! જ્યારે તે બંનેવ ઉપર બાવા પાસે પહોંચ્યા તો હઝરત સૈયદ અમીર અલી બાવા رحمۃ اللہ علیہએ કહ્યું કે તમને જેમણે બોલાવ્યા હતા એ અહીંના કુતૂબ છે. કહે છે ને કે, "વલીરા વલી શનાખ્ત !" વલી વલીને ઓળખી લે છે. સુબ્હાનલ્લાહ ! એ જ વલીઓની ઔલાદમાંના વલી સિફત બુઝુર્ગ હઝરત સૈયદ નૂરાની બાવા رحمۃ اللہ علیہ વિશે બે શબ્દો આપની સમક્ષ રજૂ કરવાની સઆદત હાંસલ કરી રહ્યો છું.

**ઈખ્લાસ** : આપનામાં ઈખ્લાસ એટલે નિખાલસતાની ભાવના ખૂબ જોવા મળતી હતી. આપ ઈબાદત રિયાઝતમાં પણ ઈખ્લાસથી વર્તતા. એકદમ સાદગીપૂર્ણ જીવન જીવતા હતા. રિયાકારી કે મોટી મોટી ડિંગો મારવી એ આપના સ્વભાવમાં ન હતું. આપની પાસે કોઈ મુરીદ થવા જતુ તો આપ ખુદ કહેતા કે ફલાણા બુઝુર્ગ હાજર છે તેમના મુરીદ થઈ જાવ. જ્યારે કે વર્તમાન દૌરમાં તો મુરીદ કરવા માટે કોશિશો કરવામાં આવતી જોવા મળે છે. આ આપની નિખાલસતા નહીં તો બીજુ શું છે ? આપ પરેશાન હાલોના માટે દુઆ તાવીઝ કરતા તે પણ નિઃસ્વાર્થ ભાવનાથી કોઈ લાલચ વિના કરતા. આજે તો ઈલાજ કરનારાઓની અખ્બારોમાં, ટી.વી.માં જાહેરાતો થાય છે અને પછી મોં માગ્યા દામો પણ લેવામાં આવે છે, છતાં લોકોને ફાયદા થતા નથી !

વહબ ઈબ્ને મુનબ્બિહ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જે શખ્સ આખેરતના અમલની સાથે દુનિયા તલબ કરે તેના દિલને અલ્લાહ તઆલા ઉલ્ટુ કરી આપે છે અને તેનું નામ દોઝખીઓના દફતરમાં લખી નાખે છે." વહબ ઈબ્ને મુનબ્બિહ رحمۃ اللہ علیہનું આ કથન આ આયતથી લેવામાં આવ્યું છે જેમાં હક્ક઼તઆલા ફર્માવે છે :

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ
حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ ﴿٢٠﴾

"જે આખેરતની ખેતી ચાહે અમે તેના માટે એની ખેતી વધારીએ, અને જે દુનિયાની ખેતી ચાહે અમે એમાંથી એને કાંઈક આપીશું અને આખેરતમાં તેનો કાંઈ હિસ્સો નથી." *(સૂ. શૂરા, ૪૨/૨૦)* આ ફર્માનો આપની નજરો સમક્ષ હતાં જેથી બેનિયાઝીભરી જિંદગી જીવ્યા.

**અલ્લાહના માટે દોસ્તી અલ્લાહના માટે દુશ્મની :** પૂર્વજ બુઝુર્ગોની આદતોમાં આ ચીજ પણ હતી. હઝરત સૈયદ નૂરાની બાવા رحمۃ اللہ علیہ પણ પોતાનું ભલે કોઈએ કાંઈ બગાડયું હોય પણ તેનાથી અદાવત રાખતા ન હતા. જાણનારા જાણે છે કે એવા પ્રસંગો પણ આપના જીવનમાં આવી ગયા પણ આપે કોઈનાથી રાગ દ્વેષ રાખ્યો નથી. હમેશાં દરગુઝરની વૃત્તિ રાખી. પણ અલ્લાહ વ રસૂલના દુશ્મનો વહાબી દેવબંદી વગેરેથી આપને સદા નફરત રહી. રદ્દે વહાબિયહની કિતાબો આપ ગામે ગામ વહેંચતા હતા એવું અમને જાણવા મળેલ છે તથા આપની મહેફિલમાં આવનારને એ બદમઝહબોથી દૂર રહેવા સમજાવતા હતા.

મને યાદ છે ત્યાં સુધી દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામમાં આપ હાજર હતા અને હું ત્યાં જઈ ચઢયો તો આપે મને એક કિતાબ ગુજરાતીમાં આપી જે રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہની લખેલ "તબ્લીગી જમાઅત હકાઈક કી રોશનીમેં" જેનું ગુજરાતી નામ "તબ્લીગી જમાઅત સત્યનાં પ્રકાશમાં" જે જનાબ હાજી ઈબ્રાહીમ વેમી ઝંઘારવીની અનુવાદિત હતી. તદ્દન જૂની એડિશન હતી. આપે તે કિતાબ હાથમાં ઉઠાવી ઊંચી કરી અને કહ્યું, "શબ્બીર પટેલ ! આ કિતાબને છપાવો !" પછી મારા હાથમાં આપી અને મેં ઈન્શાઅલ્લાહ ! કહીને તેને લઈ લીધી. અનિવાર્ય સંજોગોના કારણે હું આપની જાહેરી હયાતમાં એને છપાવી ન શક્યો, મને આજે પણ એ વાતનો રંજ છે કે કાશ ! આપની હયાતીમાં એને છપાવીને મેં એની નવી એડિશન આપના હાથોમાં મૂકી હોત ! જો કે આપના વિસાલ બાદ એ કિતાબ આ ગુનેહગારે બે વાર છાપી છે જે હજીય અમારે ત્યાં સ્ટોકમાં છે. ખૈર, મારા આ કામથી આપની રૂહ તો ખુશ થઈ હશે, એ જ નાચીઝ માટે ગનીમત છે.

આમ આપ ખુદા વ રસૂલના દુશ્મનોથી સખ્ત નફરત કરતા હતા. અને દીનનું કામ કરનારાઓના પર ખૂબ જ શફકત પ્યાર કરતા હતા. એ જ કારણે આપે જ્યારે "સુન્ની દાવતે ઈસ્લામી"ના કપરા દિવસો હતા, ચોતરફ ગલત ફહમીઓ ફેલાવી થતા વિરોધ વચ્ચે તેહરીક પસાર થઈ રહી હતી ત્યારે આપે ખૂબ જ પ્રેમપૂર્વક સાથ આપ્યો હતો. U.K.માં તો ઠીક પણ સાલાના ઈજતેમામાં મુંબઈ પણ અવશ્ય હાજરી આપી દુઆઓ દેતા હતા. આજે તેહરીકના કામો ખૂબ ફૂલેલાં ફલેલાં છે એ આપની દુઆઓની બરકતોનું ફળ છે.

**ઈષાર (ત્યાગવૃત્તિ) :** બુઝુગાને દીનના અખ્લાકમાં ઈષાર (ત્યાગભાવના) પણ છે. તેઓ પોતાના નફ્સ પર અન્ય લોકોને પ્રાધાન્ય આપતા. એના સંબંધે તો અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે આપની પાસે કોઈ મુરીદ થવા આવતું તો તેને અન્ય હસ્તી પાસે મોકલી આપતા. આજે જ્યારે અન્ય પીરના મુરીદ થયેલાની યેનકેન પ્રકારે બયઅત તોડાવી પોતાના મુરીદ કરવામાં આવે છે, એ જ દૌરમાં આપનો આ અમલ હતો. તથા લોકોએ એ પણ જોયુ કે માલો દૌલતની લાલચ રાખ્યા વિના સાદગીથી જીવન વીતાવતા રહ્યા.

**નિફાકનો ત્યાગ :** સલફે સાલેહીનની મુબારક આદતોમાં નિફાકનો ત્યાગ પણ હતું. મુનાફિકપણુ આપનામાં ન હતું. જે દિલમાં હતું તે હોઠે હોતુ. જે બાતિનમાં હોતું તે જ જાહેરમાં હોતું. આજે તો લોકોથી લાભ ઉઠાવવા તેમની ખોટી ખોટી પ્રશંસાઓ (ફ્રોડ) કરવામાં આવે છે અને તેમને પલાળીને વશ કરવામાં આવે છે.

હઝરત ખિઝર علیہ السلامની ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની સાથે મદીના પાકમાં મુલાકાત થઈ. ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે અર્ઝ કરી કે તમે મને કોઈ નસીહત કરો ! તો આપે ફર્માવ્યું, "હે ઉમર ! એ વાતથી બચજે કે તું જાહેરમાં તો ખુદાનો દોસ્ત હોય અને બાતિનમાં તેનો દુશ્મન ! કેમ કે જેનું જાહેર તથા બાતિન (અંતર) સમાન ન હોય તે મુનાફિક હોય છે,

અને મુનાફિક઼નું ઠેકાણુ જહન્નમનો સૌથી નીચલો તબકો છે. ઈબ્ને અબ્દુલ અઝીઝ એટલે સુધી રડયા કે આપની દાઢી મુબારક તર થઈ ગઈ.

સારાંશ હઝરત નૂરાનીબાવા رحمۃ اللہ علیہ કોઈપણ પ્રકારના ઢોંગથી પર હતા. જેવા હતા તેવા જાહેર થતા. આજે અમુક ઢોંગીઓ મોટો મોટી વાતો જાહેરમાં કરતા હોય છે લોકોને આંજવા માટે, પણ હકીકત કાંઈ ઔર જ હોય છે. ઉત્બા ઈબ્ને આમિર કહે છે કે, "જ્યારે કોઈ બંદાનું જાહેર તથા બાતિન **સમાન હોય છે તો અલ્લાહ તઆલા** પોતાના ફરિશ્તાઓને **ફર્માવે છે** કે, **"આ મારો હક઼ીક઼ી બંદો છે."** સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તઆલા આપણને સૌને નિફાક઼થી બચાવે.

**હાકિમોના જુલ્મ પર સબ્ર !** : સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની મુબારક આદતોમાંથી એ પણ છે કે તેઓ હાકિમોના જુલ્મ પર અતિશય સબ્ર કરતા હતા અને ઘણી જ અડગતાપૂર્વક તેમની તકલીફોને વેઠી લેતા અને કહેતા હતા કે આ તકલીફો અમારા ગુનાહોના હિસાબે તો ઘણી જ ઓછી છે.

હઝરત સૈયદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہના જીવનમાં પણ એક પ્રસંગ એવો આવી ગયો કે મુસ્લિમોના દુઃખી જીવનમાં રસ લઈ તેને દૂર કરવાના આપના નેક કાર્યને ગુનો ગણી દુનિયાદાર લોકોની કોશિશોના પરિણામ સ્વરૂપે આપને પણ અમુક વરસો માટે કારાવાસની દીવાલોમાં બંધ કરી દેવામાં આવ્યા હતા. આપે સબ્રથી કામ લીધું અને ત્યાંના રોકાણ દરમ્યાન જેલમાંના મુસ્લિમોમાં દીનો સુન્નિયતની તબ્લીગ કરી અને ગૌષ પાક رضی اللہ عنہની નિયાઝની ધુમ મચાવી, સાથે રહેલાઓને પુખ્તા સુન્ની બનાવ્યા.

એ જ પ્રમાણે ઓછુ હસવું જે સલફે સાલેહીનની સિફત છે તે પણ આપનામાં હતી. આપની મેહફિલોમાં અલ્લાહ વ રસૂલની વાતો થતી, સુન્નિયતની ભલાઈની વાતો થતી, લોકોના દુઃખ દૂર કરવાની વાતો થતી. ઠઠ્ઠા મશ્કરીથી આપ બચતા રહેતા. કેમ કે રિવાયતોમાં છે કે, "જે શખ્સ દુનિયામાં ઘણો જ હસે છે તે ક઼યામતમાં ખૂબ જ રડશે." (અલ્લાહની પનાહ !) જેથી આપ આ બાબતે સાવધાન હતા.

તે ઉપરાંત સલફે સાલેહીનની મુબારક આદતોમાંથી એ પણ છે કે તેઓ પોતાની પ્રારંભિક તથા અંતિમ હાલતોમાં અલ્લાહ તઆલાથી ખૂબ ડરતા હતા. આ સિફત પણ હઝરત સૈયદ નૂરાનીબાવામાં ભરપુર હતી. આપ નમાઝ, રોઝાના તથા શરીઅતની અન્ય બાબતોના પાબંદ હતા. ખુદાના ખૌફથી આપનો સીનો ભરપુર હતો, સૌના હક્ક઼ોનું ધ્યાન રાખતા, કોઈની સાથે ખરાબ વર્તાવ ન કરતા. આખેરતના ડરથી આપનો સીનો લબરેઝ હતો. જેથી આપ પોતે તો શરીઅતની પાબંદીમાં રહેતા પણ ઉમ્મતને દીન પર શરીઅત પર રાખવા પ્રયત્નો કરતા. હુઝૂર صلی اللہ علیہ وسلمની પ્યારી સુન્નત "ઉમ્મતનો ગમ" (ઉમ્મતની ફિકર) એ આપનામાં જોવા મળતો હતો. દરેકથી સસ્મિત વદને મળતા, તેમના દુઃખદર્દ સાંભળતા અને તેનો ઈલાજ કરતા.

એના જ સબબે અલ્લાહે આપને મહાન દરજો અતા કર્યો હતો. આપના ઈન્તેક઼ાલ બાદ જ્યારે બે મહિના પછી તામીરી કારણોસર આપની ક઼બ્ર શરીફ કામ કરતા સમયે ખુલી ગઈ હતી તો હાજરજનોએ જોયું કે આપનુ કફન સહી સલામત હતું અને ક઼બ્રમાંથી ખુશ્બુ આવી રહી હતી. જેના સાક્ષીઓ આજે પણ પેટલાદમાં મૌજૂદ છે. અલ્લાહ તઆલા આપની ક઼બ્રે અન્વર પર હમેશાં રહ્મતો નૂરની વર્ષા કરે તેમજ અલ્લાહ તઆલા આ અલ્લાહવાળાઓનો સાયો હમેશાં આપણા સરો પર રાખે, એમના સદક઼ામાં આપણને સૌને દુનિયા તથા આખેરતની બલાઓથી બચાવે. (આમીન) ૨૦ શવ્વાલના આપનો ઉર્સ શાનો શૌકતથી આપના સજ્જાદાનશીન હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવાની હાજરીમાં હર સાલ પેટલાદમાં મનાવવામાં આવે છે.

# સ્કૂલ, કોલેજના એજ્યુકેશન તથા હોસ્પિટલના કામે ઝકાત આપવી કેવું?

કાર્યાલય

ક્યા ફરમાતે હૈં ઉલમાએ દીન ઈસ મસ્અલામેં કે, એક ન્યુઝ પેપરમેં "અલ અમીન લોકહિત ચેરીટેબલ ટ્રસ્ટ" કે ઝરીઆ ઝકાતકી રકમ જમા કરનેકા એલાન હોતા હૈ. જો સમાજમેં ડોક્ટર, એંજીનિયર, સી.એ., આઈ.ટી. એકસપર્ટ ઔર નર્સીંગ કોર્સ વગેરા કે સ્ટુડન્ટસ્ જિસમેં સુન્ની, દેવબંદી, શીઆ, વહાબી... કિસી ભી ફિર્કે કે સ્ટુડન્ટસ્ કો ઉસ ઝકાતમેં સે ઈમદાદ કરતે હૈં ઔર યહ ટ્રસ્ટમેં સબ સુન્ની સહીહુલ અક઼ીદા લોગ હૈં યે ભી નામાલૂમ હૈ. કુછ ગુજરાતી સુન્ની માહનામોંને ભી યહ જાહેરાત અપને માહનામોંમેં છાપ દી હૈ. અબ સવાલ યહ હૈ કે :–

૦૧. ક્યા ઈસ તરહ સ્કૂલ, કાલિજ કે મોડર્ન એજ્યુકેશન હાસિલ કરનેવાલે સ્ટુડન્ટસ્કો યહ ઝકાતકી રકમ દેતી ઈસ સંસ્થાકો ઝકાત દેના જાઈઝ હૈ ?

૦૨. બિલા તફરીક સુન્ની, દેવબંદી કિસી ભી ફિર્કે કે સ્ટુડન્ટ કો ઈસ ઝકાતમેં સે ઈમદાદ હોતી હૈ. તો ક્યા ઈસ તરહકે કામમેં ઝકાત દેનેવાલેકી ઝકાત અદા હોગી ?

૦૩. જિન સુન્ની ગુજરાતી માહનામોંને યહ જાહેરાત અપને માહનામોંમે કર દી હૈ ઉનકે બારેમેં ક્યા હુકમ હૈં ?

૦૪. અગર ઝકાતમેંસે ઝકાતકે હક઼દાર સુન્ની સ્ટુડન્ટસકો મદદ કરના હો તો ઉસકા ક્યા રાસ્તા હૈ ?

૦૫. સાથ હી સાથ યહ ભી બતાએં કે સ્કૂલ, કોલેજ, હોસ્પિટલકે બાંધકામમેં યા ઉસકે ઔર કામોંમેં ઝકાત દે સકતે હૈં ? ઝકાત કિસ કામમેં દે સકતે હૈં ઉસકા ખુલાસા કર દેં.

**પ્રશ્નકર્તા** : *પટેલ શબ્બીર અલી રઝવી*

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**:: અલ્જવાબ ::**

૦૧. ઐસે ટ્રસ્ટ મેં **ઝકાત દેના નાજાઈઝ** હૈ. ચુનાંચે "મજલિસે શરઈ મુબારકપુર" કે સેમીનાર મેં યે મસ્અલા બહષ કે લિયે રખા ગયા કે મુસ્લિમ કાલેજ ઔર સ્કૂલ કે લિયે ઝકાત વ સદક઼એ વાજિબા વુસૂલ કરના ઔર હીલએ શરઈ કે બાદ કાલેજ ઔર સ્કૂલ કે મસારિફ મેં સર્ફ કરના જાઈઝ હોગા યા નહીં ?

ઈસ મસ્અલે કા યે ફૈસલા કિયા ગયા :

"મન્દૂબીન કી મુત્તફક઼ા રાય યે હૈ કે જાઈઝ નહીં, ક્યૂં કે ઝકાત વ સદક઼ાતે વાજિબા કે મસારિફ મન્સૂસ હૈં ઉનહી મેં ઉનકા સર્ફ હોના વાજિબ હૈ દૂસરી જગા સર્ફ કરને કે લિયે હીલએ શરઈ કા જવાઝ (જાઈઝ હોવું) દીની શરઈ ઝરૂરત કી બિના પર હૈ. મદારિસે ઈસ્લામિયા જો ખાલિસ દીની તા'લીમ ઔર દીન કી બક઼ા કે લિયે ક઼ાઈમ હૈં, વોહ દીન કી ઝરૂરત કે તહત હૈં ઉન કી બક઼ા કે લિયે હીલએ શરઈ કા જવાઝ (જાઈઝ હોવું) હૈ. મગર યે હૈસિયત ઉન કાલેજોં ઔર સ્કૂલોં કો હાસિલ નહીં જિન મેં કોઈ મઝમૂન દીનિયાત કા રખ લિયા જાતા હૈ, યા વોહ ભી નહીં હોતા. ઔર ઉન કા અસ્લ મક઼સદ દુન્યવી તા'લીમ કા ફરોગ (વિકાસ) હોતા હૈ, ઈસ લિયે ઉનકે લિયે ઝકાત વ સદક઼ાતે વાજિબા કી રુકૂમ કી તેહસીલ (જમા કરવી) ઔર ઉન કે લિયે **હીલા (શરઈ હીલા) કરના ભી જાઈઝ નહીં.**"

*(મજલિસે શરઈ કે ફૈસલે, ફેસલા નં. ૩૫)*

જબ મુસ્લિમ કાલેજ ઔર સ્કૂલ કે લિયે યે હુકમ હૈ તો આમ કાલેજ ઔર સ્કૂલ કે લિયે તો **હરગિઝ હરગિઝ ઈસ કી ઈજાઝત નહીં હોગી.**

૦૨. જો ઐસે ટ્રસ્ટ મેં ઝકાત દેગા **ઉસ કી ઝકાત અદા ન હોગી.**

૦૩. જિન સુન્ની માહનામાવાલોંને ઈસ કા એલાન કિયા ઉન પર લાઝિમ હૈ કે **વોહ અપને માહનામે મેં ઈસ સે બરાઅત કા એલાન જારી કરે.**

૦૪. અગર કોઈ સુન્ની સ્ટુડન્ટ શરઈ ફક઼ીર હો તો ઉસે (ડાયરેક્ટ હાથમેં) ઝકાત દે સકતે હૈ.

૦૫. ઈસ સવાલ કા જવાબ, સવાલ નંબર (૧) મેં દરજ કિયે ગએ ફૈસલે મેં મૌજૂદ હૈ. ઔર અલ્લાહ ﷻ બેહતર ઈલ્મવાલા હૈ.

**લખનાર : (મુફ્તી) મુહમ્મદસાબિર મિસ્બાહી**

*(ખાદિમે દારુલ ઈફતા વ મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, તા. ૧૨–૫–૨૦૧૯)*



# لَیۡسَ مِنَّا

# ‘તે અમારો નથી’

**હપ્તો : ૧**

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہ ﷺ

હુઝૂર રહમતે આલમ ﷺને ઉચ્ચ સંસ્કારોને પૂર્ણ કરવા માટે મોકલવામાં આવ્યા છે. એટલા માટે આપના પવિત્ર જીવનનું દરેક પાસુ શ્રેષ્ઠ સંસ્કાર (અખ્લાક઼)નો ઉચ્ચ નમૂનો છે અને સુસંસ્કારોનો ખજાનો છે. આપ જીવનભર એ જ સુસંસ્કારો તરફ સમગ્ર માનવતાને પ્રેરતા રહ્યા. એ જ કારણ છે કે આપના દામનથી જોડાનારા લોકો રુશ્દો હિદાયતના એવા ચમકતા તારા બની ગયા કે એમનામાંથી જેની પણ પેરવી કરવામાં આવે રાહે હિદાયત નસીબ થઈ જશે.

એક સુઘડ સમાજના ઘડતર માટે જે બાબતો યોગ્ય અને અનિવાર્ય હોય છે આપે તેમને રિવાજ આપ્યો અને જે વાતો સમાજમાં બગાડ પેદા કરે છે તેમનાથી સખતીથી મના ફર્માવ્યું. વિવિધ હદીષોમાં આપે વિવિધ બાબતો પર "لَیۡسَ مِنَّا" ઈર્શાદ ફર્માવી ચેતવણીનું વર્ણન કર્યું છે. આ કિતાબમાં એ જ હદીષોને તેમના ભાવાર્થ અને સમજૂતીઓ સાથે એકત્ર કરવામાં આવી છે. સાથે જે વાતો પર "لَیۡسَ مِنَّا" ફર્માવી ચેતવણીનું વર્ણન કરવામાં આવ્યું છે તેમનાથી સંબંધિત જરૂરી સમજૂતી અને મસાઈલ પણ વર્ણન કરવામાં આવ્યા છે જેથી વાંચકો એ વાતોથી માહિતગાર થાય જે સરવરે આલમ ﷺની નઝરે ઈનાયતથી દૂરીનું કારણ બને છે અને એમનાથી બચીને દામને રહમતમાં પનાહ પામવાવાળાઓમાં પોતાનું નામ પણ લખાવી શકે છે.

## ★ لَیۡسَ مِنَّا**નો અર્થ** ★

"لَیۡسَ مِنَّا"નો અર્થ હદીષના શરહર્તાઓએ વિવિધ શબ્દોમાં બયાન ફર્માવ્યો છે. અમુક શરહકર્તાઓની સમજૂતીઓ અહિંયા નકલ કરવામાં આવે છે :–

**(૧)** હઝરત ઈમામ જલાલુદ્દીન સુયૂતી رحمۃ اللہ علیہ લખે છે :–

لَیۡسَ مِنَّا اَیۡ لَیۡسَ عَلٰی ھَدۡیِنَا وَجَمِیۡلِ طَرِیۡقَتِنَا۔

**(ભાવાર્થ)** : "લયૂસ મિન્ના"નો અર્થ એ છે કે, "તે અમારા તરીકા અને અમારા ઉત્તમ માર્ગ પર નથી."

*(શરહુસ્સિયૂતી અલા મુસ્લિમ, ૧/૮૩)*

**(૨)** અલ્લામા કુસ્તલાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

(لَیۡسَ مِنَّا) اَیۡ: مِنۡ اَھۡلِ سُنَّتِنَا، وَلَا مِنَ الۡمُھۡتَدِیۡنَ بِھَدۡیِنَا، وَلَیۡسَ الۡمُرَادُ خُرُوۡجَہٗ عَنِ الدِّیۡنِ، لِاَنَّ الۡمَعَاصِیَ لَا یُکَفَّرُ بِھَا عِنۡدَ اَھۡلِ السُّنَّۃِ۔

**(ભાવાર્થ)** : "لَیۡسَ مِنَّا"નો અર્થ એ છે તે અમારા તરીકાને અપનાવનાર નથી અને અમારા બતાવેલા રસ્તા પર ચાલનાર નથી. આનાથી તેનું દીનથી નીકળી જવું મુરાદ નથી, એટલા માટે કે એહલે સુન્નતના નજીક ગુનાહોના આધાર પર કોઈને કાફિર ઠરાવી શકાય નહીં. ઉચ્ચ નમૂનો છે અને સુસંસ્કારોનો

ખજાનો છે. *(ઈર્શાદુસ્સારી, સહીહુલ બુખારી, ૨/૪૦૬)*

**(3)** અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

لَيْسَ مِنَّا اَیْ مِنْ اَهْلِ سُنَّتِنَا وَطَرِيْقَتِنَا وَلَيْسَ الْمُرَادُ بِهٖ اِخْرَاجُهٗ عَنِ الدِّيْنِ وَلٰكِنْ فَائِدَةُ اِيْرَادِهٖ بِهٰذَا اللَّفْظِ الْمُبَالَغَةُ فِي الرَّدْعِ عَنِ الْوُقُوْعِ فِيْ مِثْلِ ذٰلِكَ كَمَا يَقُوْلُ الرَّجُلُ لِوَلَدِهٖ عِنْدَ مُعَاتَبَتِهٖ لَسْتُ مِنْكَ وَلَسْتَ مِنِّیْ اَیْ مَا اَنْتَ عَلٰى طَرِيْقَتِیْ۔

**(ભાવાર્થ)** : ''لَيْسَ مِنَّا''નો અર્થ એ છે કે તે અમારા તરીક઼ા અને અમારા સૂચવેલ રસ્તા પર નથી. આનાથી મુરાદ દીનથી બહાર કરવું નથી. પરંતુ આ શબ્દ વડે આ વાત વર્ણન કરવાનો હેતુ એ વાતોમાં સપડાવાથી બચવાની સખત તાકીદ છે, જેમ કે કોઈ પોતાના પુત્રને ધમકાવીને કહે : لَسْتُ مِنْكَ وَلَسْتَ مِنِّیْ '' તારો અને મારો રસ્તો અલગ અલગ છે.'' (એટલે ગુસ્સામાં કહે, ''તું તારા રસ્તે ને હું મારા રસ્તે !'')

સારાંશ કે જે માર્ગના માર્ગદર્શન માટે હુઝૂર સૈયદે આલમ ﷺ દુનિયામાં તશરીફ લાવ્યા હતા એ માર્ગથી હટીને અન્ય કોઈ માર્ગ અપનાવવો દુરૂસ્ત નથી. નજાતની મંઝિલ પર એ જ માર્ગ પહોંચાડી શકે છે જેના પર સરવરે કાએનાત ﷺ અને આપના સહાબા ચાલતા હતા. અહાદીષે મુબારકામાં જે અમલોને કરવાવાળાઓ માટે ''لَيْسَ مِنَّا'' ફર્માવવામાં આવ્યું જરૂરી નથી કે એ બધા જ અમલો હરામ જ હોય, બલ્કે અમુક અમલો હરામ પણ છે, અમુક નાજાઈઝ અને મકરૂહ પણ છે, અમુક સુન્નત વિરૂધ્ધ પણ અને અમુક ગૈર ઉલા. તરીકએ મુસ્તફા ﷺ એ છે કે હરામ, નાજાઈઝ, મકરૂહ, ખિલાફે સુન્નત અને ગૈર ઉલા વાતોથી પણ બચવામાં આવે. એટલા માટે એવાં કાર્યો કરવાં એ તરીક઼એ મુસ્તફા ﷺથી વિરૂધ્ધ કરવા સમાન છે.

આ વિષય પર આનાથી પહેલા પણ વિવિધ કિતાબો પ્રકાશિત થઈ ચૂકી છે. પરંતુ ઈચ્છા થઈ કે આ વિષય પર થોડી અલગ પ્રકારની કિતાબ સંપાદિત કરવામાં આવે જેમાં હદીષોના શબ્દો, ભાષાંતર, અને સમજૂતીની સાથે સાથે હદીષોમાં ''لَيْسَ مِنَّا'' ફર્માવીને જે બાબતો પર ચેતવણીઓનું વર્ણન કરવામાં આવ્યું છે તેમના સંબધિત અગત્યના અને જરૂરી મસાઈલ પણ લખવામાં આવે જેથી વાંચકો તેમના સંબંધે વિગતવાર માહિતગાર થાય અને ''لَيْسَ مِنَّا''ની ધમકીઓથી ચેતીને પોતાને બચાવવાની ભરપૂર કોશિશ કરે.

આ કિતાબ એહલે ઈલ્મ હઝરાતની નજરથી ગુજરે તો ગુઝારિશ છે કે એમાં કોઈ સુધારણા યોગ્ય વાત નજર આવે તો *ઈદારા મઆરિફે ઈસ્લામી*ના જિમ્મેદારોને તેનાથી જરૂર માહિતગાર કરે જેથી આગળના એડિશનમાં સુધારણા કરી શકાય તેમજ કિતાબ સંબંધે સારા મશ્વરાથી પણ નવાઝે.

અલ્લાહ તઆલા એનાથી વાંચકોને લાભ પહોંચાડે અને તેનો અભ્યાસ કરીને પોતાના અમલો અને વિચારોને સુધારવાની તૌફીક઼ અતા ફર્માવે.

## કુર્આનને ઉમદા લબો લેહજાથી ન પઢવા પર ચેતવણી

આજનો દોર મીડિયા અને સંસ્કૃતિનો દોર છે જેમાં લોકો સુંદર અવાજના જાદૂને જગાવનાર આ ખુદાઈ ભેટને ખેલ તમાશામાં ઉપયોગ કરવા પર તુલ્યા છે. ગીત અને સંગીતને આત્માનો ખોરાક અને બેહયાઈને કલાની મેઅરાજ સમજી લેવામાં આવ્યાં છે. બલ્કે હવે આ સંગીત ગાયનોથી નીકળીને નઅ્તો અને હમ્દે બારી તઆલા સુધી પણ આવી પહોચ્યું છે.

અલ્લાહ તઆલાની અંતિમ કિતાબ ''કુર્આને કરીમ''માં શાબ્દિક અને અર્થસભર ખૂબસૂરતી પણ

અંતિમકક્ષાની છે. જ્યારે એક કારીએ કુર્આન (કુર્આન પઢનાર) દિલની ગેહરાઈથી દર્દની સાથે તિલાવતે કુર્આન કરે છે તો પાકબાઝ રૂહ તેનાથી પ્રસન્ન થઈ જાય છે અને ખૂબસૂરત અવાજમાં કરવામાં આવેલ તિલાવત દિલમાં ઉતરતી જાય છે.

આજના આ દોરમાં જરૂરત એ વાતની છે કે અવાજથી પ્રભાવિત થવાના પ્રાકૃતિક તકાઝાને મારવાના બદલે તિલાવતે કુર્આને મજીદમાં મુસલમાનોના દિલ લગાડવામાં આવે. જો તેઓ એ તિલાવતની સાથે તે શબ્દોના ભાવાર્થ પણ સમજી શકે તો પછી આ અસર બમણી થઈ જશે.

## ★ સારા અવાજમાં તિલાવતે કુર્આન કરવું સુન્નતે રસૂલ ﷺ છે ★

કુર્આને કરીમને સારી પધ્ધતિ અને સુંદર અવાજથી પઢવું સય્યદુલ કુર્રા હુઝૂર રહમતે આલમ ﷺની સુન્નતે મુબારકા છે.

હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہથી રિવાયત છે કે આકાએ રહમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

مَا اَذِنَ اللّٰهُ لِشَيْءٍ مَّا اَذِنَ لِلنَّبِيِّ اَنْ يَتَغَنّٰى بِالْقُرْاٰنِ۔

અલ્લાહની રહમત નબીએ અકરમ ﷺથી તે સમયે દરેક ચીજથી અધિક નજીક હોય છે જ્યારે તે ખુશ ઈલ્હાની સાથે કુર્આન મજીદની તિલાવત કરે છે.

*(સહીહ બુખારી, ૬/૧૯૧)*

اَذِنَનો અર્થ ધ્યાન આપીને સાંભળવું થાય છે, પરંતુ આ સ્થિતિનું વર્ણન અલ્લાહ તઆલાની ઝાત માટે દુરૂસ્ત નથી. એટલા માટે આ હદીષે પાકમાં રિવાયત થએલ આ શબ્દની તાવીલ કરવામાં આવશે અને રહમતનું નજીક હોવું મુરાદ લેવામાં આવશે.

સારાંશ કે આ હદીષમાં કુર્આને મુકદ્દસની તિલાવત સારા અવાજથી કરવાની ફઝીલત અને બરકત વર્ણવવામાં આવી છે અને એ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે સારા અવાજમાં કુર્આને મજીદની તિલાવત કરવું સરવરે આલમ ﷺની પસંદીદા સુન્નત છે.

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ બયાન ફર્માવે છે :–

سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ: وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ فِي الْعِشَاءِ وَمَا سَمِعْتُ اَحَدًا اَحْسَنَ صَوْتًا مِّنْهُ اَوْ قِرَاءَةً۔

"મેં હુઝૂર રહમતે આલમ ﷺને "સૂરએ તીન"ની તિલાવત કરતા જોયા તો આપથી અધિક ઉત્તમ અવાજવાળો (અથવા એમ કહ્યું કે આપથી ઉત્તમ કિરઅતવાળો) મેં કોઈને ન પામ્યો."

*(સહીહ બુખારી, ૧/૧૫૩)*

યકીનન ! હુઝૂર સૈયદે આલમ ﷺની આ સુન્નતે મુબારકાને પણ અપનાવવાની જરૂરત છે અને કુર્આને મુકદ્દસની તિલાવત સારા અવાજ અને ઉત્તમ લહેજામાં કરવાની જરૂરત છે એટલા માટે કે આ અલ્લાહની રહમતના બંદાથી નજીક હોવાનું કારણ છે.

હઝરત ફુઝાલા બિન ઉબૈદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

لَلّٰهُ اَشَدُّ اَذَنًا اِلَى الرَّجُلِ الْحَسَنِ الصَّوْتِ بِالْقُرْاٰنِ يَجْهَرُ بِهٖ مِنْ صَاحِبِ الْقَيْنَةِ اِلٰى قَيْنَتِهٖ۔

**(ભાવાર્થ)** : "યકીનન ! અલ્લાહની રહમત સારા અવાજમાં તિલાવતે કુર્આન કરનારથી એટલા પ્રમાણમાં નજીક હોય છે કે એક ગીત સાંભળનાર વ્યક્તિ ગીત ગાવાવાળીનું ગીત પણ એટલા ધ્યાનથી નહીં સાંભળતો હોય. *(સુનને ઈબ્ને માજા, ૧/૪૨૫)*

## ★ સારા અવાજથી કુર્આન તિલાવત ન કરવાનો વબાલ ★

આજે આપણે આપણી આસપાસનું નિરીક્ષણ કરીએ તો સારી રીતે અંદાજો થશે કે સારા અવાજ

અને ઉત્તમ લેહજામાં તિલાવત કરવું તો દૂરની વાત આપણામાં મોટી સંખ્યા એવા લોકોની છે જેમને કુર્આન પઢતાં જ નથી આવડતુ અને એક મોટી સંખ્યા એવા લોકોની પણ છે જેઓ પઢી તો લે છે પરંતુ ન હુરૂફના મખારિજમાં તફાવત કરી શકે છે ન હુરૂફની સિફાતનો તેમને કોઈ ખયાલ હોય છે. જ્યારે કે આ ફર્ઝોમાંથી એક મહત્વનો ફર્ઝ છે કે કુર્આનનો કમ સે કમ એટલો હિસ્સો સહી રીતે પઢતાં આવડતું હોય કે નમાઝમાં તેની તિલાવત કરી શકે, પરંતુ આપણે તેનાથી ઘણા ગાફિલ છે. હદીષે પાકમાં આ ગફલત પર ચેતવણીનું વર્ણન થયું છે. અને કુર્આને મુક઼દસને સારા અવાજથી ન પઢવાવાળાને રાહે મુસ્તફા ﷺથી હટીને ચાલવાવાળો ઠરાવવામાં આવ્યો છે. જ્યારે સારા અવાજથી ન પઢવા પર આ વોર્નિંગ છે તો જે સહીહ મખારિજ અને સિફાતની સાથે ન પઢી શકતો હોય તેના માટે કેટલી સખત વઈદ હશે ?!

હઝરત અબૂ હુરૈરહ رحمۃ اللہ علیہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

لَيْسَ مِنَّا مَنْ لَمْ يَتَغَنَّ بِالْقُرْآنِ۔

**"જે કુર્આનને સારા અવાજથી ન પઢે તે અમારામાંથી નથી."** *(સહીહુલ બુખારી, ૯/૧૫૪)*

કુર્આનને સારા અવાજમાં પઢવું યક઼ીનન જરૂરી છે પરંતુ સૌથી પ્રથમ એ જરૂરી છે કે કુર્આનના હુરૂફને સહીહ મખારિજથી અદા કરવાનું શિખવામાં આવે અને હુરૂફને સહીહ સિફતો સાથે અદા કરવાનો તરીકો જાણવામાં આવે.

### ★ હદીષોમાં સારા અવાજથી પઢવાની તાક઼ીદ ★

અહાદીષે મુબારકામાં વિવિધ જગ્યાએ વિવિધ રીતે કુર્આન મુક઼દસને સારા અવાજથી પઢવાની તાકીદ કરવામાં આવી છે. અમુક હદીષો રજૂ કરવામાં આવે છે.

હઝરત બરાઅ બિન આઝિબ رحمۃ اللہ علیہથી રિવાયત છે. તેઓ કહે છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :

زَيِّنُوا الْقُرْآنَ بِأَصْوَاتِكُمْ۔ "કુર્આનને પોતાના અવાજથી શણગારો." *(સુનને અબૂ દાઊદ, ૨/૭૪)*

હઝરત હુઝૈફા બિન યમાન رحمۃ اللہ علیہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :

اِقْرَءُوا الْقُرْآنَ بِلُحُونِ الْعَرَبِ وَاَصْوَاتِهَا۔

"કુર્આનને અરબી લહેજામાં પઢો."

તેનાથી આગળ ફર્માવે છે : અહલે કિતાબ અને ફાસિકોના લબો લેહજાથી બચો. યક઼ીનન ! મારા બાદ એક ક઼ોમ એવી આવશે જે કુર્આનની તિલાવત એ રીતે કરશે જેવી રીતે ગીત અથવા નોહા ગાવામાં આવે છે, કુર્આન તેમના ગળાથી આગળ નહીં વધે, તેમનું દિલ ફિત્નામાં સપડાએલ હશે અને એમને જોઈને જેઓ ખુશ થશે તેમનાં દિલ પણ ફિત્નામાં પડશે.

*(અલ્મોઅજમુલ અવસત, ૭/૧૮૩)*

### ★ ચિંતનની પળ ★

એક વાત દિમાગમાં વસાવી લો કે તિલાવતે કુર્આન ત્યારે જ ફઝીલતોનું કારણ બનશે જ્યારે કે તિલાવતના આદાબ અને હક્ક઼ોની પાબંદીની સાથે તિલાવતે કુર્આન કરવામાં આવે. તિલાવતે કુર્આન કઈ રીતે કરવામાં આવે એ વિશે કુર્આને મુક઼દસમાં અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે :

وَرَتِّلِ الْقُرْآنَ تَرْتِيلًا۝ "કુર્આનને તરતીલની સાથે પઢો." *(સૂ. મુઝ્ઝમ્મિલ, આ.૪)*

આ આયતની તફસીર હઝરત અલી رحمۃ اللہ علیہએ આ શબ્દોમાં ફર્માવી છે : تَجْوِيْدُ الْحُرُوْفِ وَمَعْرِفَةُ الْوُقُوْفِ "તરતીલનો અર્થ એ છે કે હુરૂફને સહીહ મખારિજ અને સિફતો સાથે અદા કરવામાં આવે અને વક઼ફ

કરવાના સ્થળોને ઓળખવામાં આવે."

*(મનારૂલ હુદા ફી બયાનિલ વક્ફે વલ્ઈબ્તિદા, પેજ : ૧૩)*

જ્યારે આ રીતે તિલાવત થશે તો હદીષે પાક મુજબ આ ફઝીલત મળશે કે :–

اَلْمَاهِرُ بِالْقُرْاٰنِ مَعَ السَّفَرَةِ الْكِرَامِ الْبَرَرَةِ "તિલાવતે કુર્આનનો માર્હિર નેકીવાળા ઈજ્જતવાળા ફરિશ્તાઓ સાથે હશે." *(સહીહ મુસ્લિમ, ૧/૫૪૯)*

આજે આપણે આપણા સમાજનું નિરીક્ષણ કરીએ તો મુસલમાનોની અધિક સંખ્યા પોતાના બાળકોને કુર્આને મુકદ્દસની તાલીમ આપવાથી અથવા કમ સે કમ સહી તાલીમ આપવાથી ગાફિલ છે. આ ગફલત અલગ અલગ પ્રકારની છે. અમુક લોકો એ તરફ કોઈ ધ્યાન નથી આપતા જેના આધારે એ પરિણામ આવે છે કે તેમનું બાળક જવાન થઈ જાય છે અને ઈંગ્લિશ મિડિયમની તાલીમ લઈ નિપૂણતા સાથે ઈંગ્લિશ તો બોલી લે છે પરંતુ તેનામાં કુર્આન મુકદ્દસની અમુક આયતો સહી રીતે તિલાવત કરવાની લાયકાત નથી હોતી. અમુક મા બાપ થોડુક ધ્યાન આપે છે અને મોહલ્લામાં ચાલતા મકતબોમાં પોતાના બાળકોને દાખલ કરાવી દે છે પરંતુ અધિકતમ મકતબોની સ્થિતિ એ છે કે તેમાં માત્ર ખાનાપુરી થાય છે અને સહી રીતે કુર્આન મુકદ્દસની જે તાલીમ થવી જોઈએ તેની વ્યવસ્થા નથી હોતી. તેના વિવિધ કારણો છે, અમુક કમિટી તરફથી ઉણપો છે કે ઉસ્તાદોના પગાર ઓછા હોય છે અને તલબાની સંખ્યા એટલી વધારે હોય છે જેથી તેઓ બાળકોને સહી તાલીમ નથી આપી શકતા. અધિકતમ મકતબોના ઉસ્તાદોની હાલત એ છે કે તેઓ ખુદ સહી રીતે કુર્આન મુકદ્દસ પઢવાનું નથી જાણતા તો તલ્બાને શું પઢાવશે ?! અને જાણતા પણ હોય તો તેઓ શું તાલીમ આપી રહ્યા છે તે વિશે પૂછનાર કોઈ નથી હોતું, જેના કારણ તેઓ તાલીમમાં સુસ્તી કરે છે જેની તલ્બાની લાયકાત પર સીધી નકારાત્મક અસર થાય છે.


અમુક મા બાપ થોડુ મહત્વ આપે છે અને પોતાના બાળકોની તાલીમ માટે કોઈ ઉસ્તાદ ખાસ કરી દે છે જે ઘરે આવી તેમને ટયુશન આપે છે. આવા બાળકોની એક હદે સહી તાલીમ થઈ જાય છે અને તે એક હદ સુધી કુર્આન મુકદ્દસની સહી અંદાજમાં તિલાવત કરવા લાગે છે.

બાળકોને કુર્આને મુકદ્દસની નાઝરાની સહી તાલીમ આપવા માટે અમુક બાબતો ધ્યાનપાત્ર છે તેમનો લેહાજ કરવામાં આવે તો સહી તાલીમ શક્ય થશે અને જો તેમના પર ધ્યાન ન આપવામાં આવ્યું તો ધ્યાન ન આપનારા અલ્લાહને ત્યાં ગુનેહગાર ઠરશે. હદીષે પાકમાં ફર્માવ્યું :–

كُلُّكُمْ رَاعٍ وَّكُلُّكُمْ مَّسْئُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ "તમારામાં દરેક જવાબદાર છે અને દરેકથી તેના હેઠળના લોકો પૂછવામાં આવશે. ❑❑❑

શાદી મુબારક

**ઉમલ્લા** : (તા. ઝઘડીયા, જિ. ભરૂચ) ખાતે જનાબ ઈબ્રાહીમભાઈ લાલાભાઈ ખત્રી (અભા)ના નેક ફરઝંદ મૌલાના સલીમની શાદીના પ્રસંગ નિમિત્તે તા. ૨૫–૪–૨૦૧૯ જુમેરાતે ઈશા બાદ "મેહફિલે નઅત"નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાનખાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ મુંબઈથી હાજરી આપી પોતાના આગવા અંદાઝમાં નઅતો, મન્કબત તથા સેહરો પઢી વાતાવરણ ખુશનુમા કરી આપ્યું હતું. દુલ્હા–દુલ્હન તથા ઈબ્રાહીમ ખત્રી એન્ડ ફેમેલી તેમજ વેવાઈ પક્ષે સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં સૌને ખુશ રાખે, આબાદ રાખે, જોડાને ખુશીઓ સાથે સલામત રાખે અને બંને જહાનની નેઅમતો અતા કરે. (આમીન) *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*




# પ્રવાસનું મહત્વ અને તેના ફાયદા

## કુર્આનની રોશનીમાં

રજૂકર્તા : મૌલાના અબ્દુર્રહમાન મિસ્બાહી નક્શબંદી-પારખેત

*આજકાલ લોકો વેકેશનમાં કે નવરાશની પળોમાં પ્રવાસે વતનથી દૂર દૂર ક્યાંક બીચ પર ગોવા કે મુંબઈ ચોપાટી કે પહાડી વિસ્તારોમાં કે ઐતિહાસિક સ્થળો જોવા વગેરે તરફ નીકળી પડે છે. પણ પ્રવાસનો હેતુ કેવળ માઈન્ડ ફ્રેશ કરવાનો કે મનોરંજન, મોજમજાનો હોય છે. બલ્કે આ પ્રવાસો દરમ્યાન કેટલાય ગુનાહનાં કામો પણ થઈ જતાં હોય છે. મુસલમાનો ! ઈસ્લામ ધર્મ પર કુર્બાન થઈ જાવ ! આ પ્રવાસને, સૈર સફર કરવાને પણ ઈસ્લામ ઈબાદતમાં ગણે છે ! પણ ક્યારે જ્યારે કે પ્રવાસ દરમ્યાન ઈસ્લામના આદેશોનો ભંગ ન થાય તેમજ પ્રવાસનો હેતુ દુનિયાના નઝારા જોઈને બોધ ગ્રહણ કરવાનો હોય, આખેરતની તૈયારી કરવામાં આવે. સુબ્હાનલ્લાહ ! તો હવે કુર્આન પ્રવાસના બારામાં શું કહે છે તે જુઓ અને હવેથી તમારા પ્રવાસોમાં એના આદેશ મુજબ વર્તવા કોશિશ કરો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પ્રવાસ અને સ્થળાંતર વ્યક્તિની પ્રકૃતિ અને જરૂરત રહી છે. અંબિયાએ કિરામ عليهم السلام ના જીવનમાં બંનેવ જોવા મળે છે. જયારે આવન, જાવનના માધ્યમ કઠિન, મુશ્કેલ અને રસ્તાઓ ઘણા ખરાબ હતા, તે સમયે પણ બહાદુર લોકો જીવ જોખમમાં નાખીને સફર કરતા હતા. અરબના વેપારીઓ પોતાના સફરો દ્વારા ફકત ધંધાકિય ફાયદો મેળવતા ન હતા બલ્કે નવા નવા સ્થળોનો પ્રવાસ પણ કરતા હતા અને પોતાના સંસ્કારોથી ઈસ્લામની તબ્લીગ પણ કરતા હતા. આ હકીકત આશ્ચર્યજનક પણ છે અને બોધ ગ્રહણ કરવા પાત્ર પણ છે કે દક્ષિણ ભારતના દરિયા કિનારાઓ ખાસ કરીને કેરેલામાં, અને ઈન્ડોનેશિયા, મલેશિયા અને દૂરના પૂર્વિય દેશોમાં જ્યાં વેપારીઓ દ્વારા ઈસ્લામ ફેલાયો, મુસલમાનો મોટી સંખ્યામાં બલ્કે અમુક જગ્યાએ તો બહુમતિના રૂપે છે, જયારે કે તે દેશો જ્યાં મુસલમાન વિજેતા બાદશાહોઓની સેના પહોંચી અને જ્યાં સેંકડો વર્ષ મુસલમાનોની સત્તા રહી, ત્યાં મુસ્લિમો કમજોર તથા લઘુમતિ રૂપે છે. ભારત અને પૂર્વિય યૂરોપના દેશોનું અધ્યયન કરવામાં આવે તો આ જ વાત જોવા મળે છે.

આજના સમયમાં જેવી રીતે આવક, જાવકના માધ્યમો અને ખબર અંતરની પ્રવૃત્તિઓ ઘણી ઝડપી થઈ ગઈ છે, તેવી જ રીતે પ્રવાસનનો શોખ પણ ઉચ્ચ સ્તરે છે. લગભગ દરેક દેશોમાં પ્રવાસનને વિકસીત કરવા માટે એક અલગ મંત્રાલય કાયમ કરવામાં આવે છે, જે દરેક પ્રકારની સહૂલત તથા પ્રોત્સાહન આપીને પ્રયાસ કરે છે કે બીજા દેશોથી વધુમાં વધુ પ્રવાસીઓ તેમના દેશમાં આવે. આ હેતુ હેઠળ જોવા લાયક સ્થળોને સારા રસ્તાઓ, રેલ્વે અને હવાઈ માર્ગ સાથે જોડવામાં આવે છે, ત્યાં શ્રેષ્ઠ અને આરામદાયક હોટલો બનાવવામાં આવે છે. જોવા લાયક સ્થળોના પરિચય માટે નાની નાની પુસ્તિકો જુદી જુદી ભાષાઓમાં છાપીને પોતાની એમ્બેસી દ્વારા જુદા જુદા દેશોમાં વહેંચવામાં આવે છે. આ બધી મહેનતનો

એક જ હેતુ હોય છે કે વધુમાં વધુ પ્રવાસીઓ આવે. એનો લાભ એ થાય છે કે દેશની સરકારને મોટી સંખ્યામાં એ હુંડીયામણ તબ્દીલીનું નાણુ મળે છે, દેશની બનાવટોનો વિકાસ થાય છે, દેશની બનાવટો બીજા દેશોમાં પહોંચીને લોકપ્રિય થાય છે તો કારીગરી અને વેપારનો વિકાસ થાય છે.

કેટલાયે દેશોની સરકારી આવકનો મોટો સ્ત્રોત પ્રવાસીઓના આવવા પર નિર્ભર છે. એક રિપોર્ટ મુજબ સઊદી અરબની સરકારી આવકનો બીજો મોટો સ્ત્રોત તેલના પછી હજ્જ અને ઉમરા કરવા આવનારાઓની મોટી સંખ્યાનું આગમન છે, ફકત ત્યાંની સરકાર જ નહીં બલ્કે મોકલનારી ગવર્નમેન્ટો પણ ઈચ્છે છે કે વધુમાં વધુ લોકો જાય, બંનેનો ફાયદો આમાં જ છે. જે ટૂર ઓપરેટરો હજ્જ અને ઉમરા માટે લઈને જાય છે તે કાયદાના આધારે પ્રવાસનના હેઠળ જ લઈ જાય છે. જે દેશો અને જે શહેરોમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવે છે, ત્યાંના હજારો લોકોનો રોજગાર તેમની સાથે જોડાયેલો છે. ભલે ! આ બીજા વિષય છે અને તેના પર ઘણુ લખી શકાય છે.

જો આમ કહેવામાં આવે કે પ્રવાસન કોઈ નવી વસ્તુ નથી બલ્કે કુર્આનના હુકમોમાંથી છે તો ઘણા લોકોના કપાળે પરસેવો આવી જશે અને ઘણા લોકો નારાજગી વ્યક્ત કરતાં કહેશે કે આ લ્યો નવી વાત ! અમુક લોકો તો આને ભાવાર્થ પરિર્વતન કહેવાથી પણ નહીં રોકાય. અમુક લોકો તો પ્રવાસનને ખેલકૂદ, સમયનો બગાડ અને ધનની વેડફણી સમજે છે.

હવે જરા કુર્આનની આયતોને જુઓ ! છ જગાએ પ્રવાસનનું પ્રોત્સાહન તથા હુકમ અને સાત જગ્યાએ સવાલ રૂપે એના પર આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે કે લોકો ફરી ફરીને (સૈર કરીને) કેમ નથી જોતા કે ઈન્કાર કરનારાઓ અને ખુદાનો હુકમ ન માનનારાઓનું શું પરિણામ થયું ? જુઓ કે અલ્લાહ તઆલાએ આ જગતનું સર્જન કઈ રીતે કર્યું અને ફરીથી કઈ રીતે કરશે !

પ્રોત્સાહન અને હુકમવાળી આયતો જુઓ :–

**★ આયત નં. : ૧ ★**

فَسِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿۱۳۷﴾

"તો સૈર કરો જમીનની અને જુઓ કે શું અંજામ થયો (હક્કની દાવતને) જૂઠાડનારાઓનો."

*(સૂ. આલે ઈમરાન, આ. ૧૩૭)*

**★ આયત નં. : ૨ ★**

આ જ હુકમ ફરીવાર સૂ. નહલ આ. ૩૬માં છે.

**★ આયત નં. : ૩ ★**

એક શબ્દના ફેર સાથે સૂ. અન્આમમાં છે :

سِيْرُوْا فِي الْاَرْضِ ثُمَّ انْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿۱۱﴾

"જમીનની સૈર કરો, પછી જુઓ કે શું અંજામ થયો જૂઠાડનારાઓનો." *(આ. ૧૧ તર્જુમો)*

**★ આયત નં. : ૪ ★**

سِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِيْنَ ﴿۶۹﴾

"જમીનની સૈર કરો અને જુઓ કે મુજરિમોનો શો અંજામ થયો." *(સૂ. નમ્લ, આ. ૬૯)*

**★ આયત નં. : ૫ ★**

سِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلُ ؕ كَانَ اَكْثَرُهُمْ مُّشْرِكِيْنَ ﴿۴۲﴾

"જમીનની સૈર કરો પછી જુઓ કે શું અંજામ તેમનો જેઓ પહેલાં થઈ ગયા છે. એમનામાંથી મોટાભાગના મુશ્રિક હતા." *(સૂ. રૂમ, આ. ૪૨)*

તમે દિલ્હી, આગ્રા, લખનૌ જેવા ઐતિહાસિક શહેરોની ઈમારતો, મકબરા, કિલ્લા, મહેલો, એહરામે મિસ્ર, ચીનની દીવાલ, પીસાનો ટાવર, પેરીસનો ટાવર....વગેરે જરૂર જોવા જાવ. બસ,

પ્રવાસનની સાથે એ નિય્યત પણ કરી લો કે અમારે એ પણ જોવું અને સમજવું છે કે આને બનાવનારા તથા બનાવડાવનારાનો શો અંજામ થયો ? આદમની ઔલાદ એ જ અંજામને ભેટયા જે સૌના મુક઼દ્દરમાં છે ? તેમનો નાશ જુઓ અને વિચારો કે ઈંટ તથા પથ્થરની ઈમારતોની તો એટલી લાંબી મુદ્દત છે કે તે કેટકેટલા વરસોથી ઉભેલી છે, પણ બનાવનારા તથા બનાવડાવનારા એક સદી પણ ન જોઈ શક્યા ! મુસ્લિમ હોય કે મુશ્રિક ફનાના અંજામથી તો સૌએ ભેટવાનું છે. હા ! નેક નિયતીથી બનાવડાવનારાને બદલો પામશે અને મુશ્રિક પૂછતાછ તથા સજા પામશો.

કેટલાક લોકોને કુદરતી દશ્યો, હરીયાળી વાદીઓ, પક્ષીઓનો કિલ્લોલ, બાગ બગીચાઓ, બરફથી ઢંકાયેલા પહાડોની સૈર સારી લાગે છે. તેને જોવા જરૂર જાવ કે એ પણ રબના હુકમમાં સામેલ છે. તેનો (રબનો) ઈર્શાદ છે :–

سِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَانۡظُرُوۡا کَیۡفَ بَدَاَ الۡخَلۡقَ ثُمَّ اللّٰہُ یُنۡشِئُ النَّشۡاَۃَ الۡاٰخِرَۃَ

"જમીનની સૈર કરો અને જુઓ મેં કેવી રીતે મખ્લૂક઼ની શરૂઆત કરી. પછી એ જ પ્રમાણે બીજીવાર પેદા ફર્માવશે." *(સૂ. અન્કબૂત, આ. ૨૦)*

કુદરતી દશ્યોની સૈરના સમયે એ નિય્યત પણ કરી લો કે આપણે કુદરતની કારીગરી અને બનાવટ જોવા માટે આવ્યા છીએ. ખરેખર ત્યાં સર્જનના અજીબો ગરીબ નઝારા અને અલ્લાહની કુદરતની શાનમાં દશ્યો જોવા મળે છે.

પ્રવાસન વિશે ઉપરોક્ત આયતો અથવા ટુકડાઓમાં હુકમ કરવામાં આવ્યો છે, જયારે કે નીચે મુજબની સાત આયતો અને તેના ભાગોમાં એ વાતે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે કે લોકો ફરી ફરીને (સૈર કરતાં કરતાં) કેમ નથી જોતા ? ભૂતકાળની ક઼ૌમો અને તેમનાં નિશાનો જોઈને બોધ કેમ નથી લેતા અને તેમના ખરાબ પરિણામ પર નજર કેમ નથી કરતા ? આ બધી આયતો અને તેમના ટુકડાઓ સવાલ રૂપે સમજાવટના અંદાજમાં છે.

**★ આયત નં. : ૧ ★**

اَفَلَمۡ یَسِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَیَنۡظُرُوۡا کَیۡفَ کَانَ عَاقِبَۃُ الَّذِیۡنَ مِنۡ قَبۡلِہِمۡ

"શું એ નકારનારાઓ જમીનમાં સૈર સફર નથી કરતા જેથી જુએ કે શું અંજામ એ મુન્કિરોનો થયો જેઓ એમનાથી પહેલાં થઈ ગયા ?" *(સૂ. યૂસુફ, આ. ૧૦૯)*

**★ આયત નં. : ૨ ★**

یَسِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَتَکُوۡنَ لَہُمۡ قُلُوۡبٌ یَّعۡقِلُوۡنَ بِہَاۤ اَوۡ اٰذَانٌ یَّسۡمَعُوۡنَ بِہَا

"શું તેમણે જમીનમાં સૈર તફરીહ નથી કરી જેથી તેઓ એ ખંડેરોને જોતા જેને જોઈને એમનાં દિલ પીગળી જતાં, નરમ પોચાં થઈ જતાં અને તેઓ હક઼્ક઼ને સમજી શકતા, અને કાન એવા થઈ જતા જેનાથી તેઓ નસીહત સાંભળતા." *(સૂ. હજ્જ, આ. ૪૬)*

**★ આયત નં. : ૩ ★**

اَوَ لَمۡ یَسِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَیَنۡظُرُوۡا کَیۡفَ کَانَ عَاقِبَۃُ الَّذِیۡنَ مِنۡ قَبۡلِہِمۡ

"શું તેમણે જમીનમાં સૈર સફર નથી કરી જેથી તેઓ જોતા કે શું અંજામ થયો એ લોકોનો જેઓ તેમનાથી પહેલા થઈ ગયા ?" *(સૂ. રૂમ, આ. ૯)*

**★ આયત નં. : ૪ ★**

اَوَ لَمۡ یَسِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَیَنۡظُرُوۡا کَیۡفَ کَانَ عَاقِبَۃُ الَّذِیۡنَ مِنۡ قَبۡلِہِمۡ وَ کَانُوۡۤا اَشَدَّ مِنۡہُمۡ قُوَّۃً (સૂ. ફાતિર, આ. ૪૪)

**★ આયત નં. : ૫ ★**

اَوَ لَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ كَانُوْا مِنْ قَبْلِهِمْ ؕ كَانُوْا هُمْ اَشَدَّ مِنْهُمْ قُوَّةً وَّ اٰثَارًا فِي الْاَرْضِ

"શું તેમણે જમીનની સૈર સફર નથી કરી જેથી તેઓ જોતા કે એમનાથી આગલા લોકોનો કેવો અંજામ થયો, જયારે કે તેઓ પોતાની શક્તિ તથા શૌકત (પ્રભાવ) અને પોતાના છોડેલા નિશાનોમાં તેમના કરતાં અધિક શક્તિવાન તથા તાકાતવાળા હતા."

*(સૂ. મો'મિન,આ. ૨૧)*

**★ આયત નં. : ૬ ★**

આ જ વાતને આ જ સૂરતની આયત ૮૨માં ફરીથી બયાન કરવામાં આવી છે, અને એ વાતની યાદ અપાવવામાં આવી છે કે છે કોઈ જે બોધ પાઠ શીખે ?

**★ આયત નં. : ૭ ★**

اَفَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ

"શું તેમણે જમીનની સૈર સફર નથી કરી જેથી જોઈ લેતા કે શું અંજામ થયો એ લોકોનો જે એમનાથી પહેલાં થઈ ગયા છો ?!" *(સૂ. મુહમ્મદ, આ. ૧૦)*

આ જ શબ્દો અને અંદાજ સાથે આ વાત સૂ. રૂમ, આ. ૯માં પણ કહેવામાં આવી છે.

આ બધી આયતોનો હેતુ એ જ છે કે લોકો ફરી ફરીને સૈર કરીને પ્રાચીન ઈમારતો અને ગુફાઓ નિહાળે અને તેનાથી બોધ ગ્રહણ કરે અને તેને જોઈને પોતાના પરિણામ વિશે વિચારે.

છેવટે આ બધી આયતોનો ખુલાસો એ જ છે કે પ્રવાસ કરો અને જરૂર કરો, પરંતુ ફકત પ્રવાસન હંસી મજાક, મનોરંજન અને ટાઈમ પાસ માટે નહીં બલ્કે બોધ પામવા અને ઈલ્મી હેતુઓ મેળવવા માટે અને પરિણામો તારવવા માટે કરવો જોઈએ. જો આ નિય્યતે પણ સૈર સફર કરવામાં આવશે તો અજરો સવાબનો સબબ અને રઝાએ ઈલાહીનો ઝરીયો બનશે, કેમ કે અલ્લાહના હુકમનું પાલન ગણાશે. અલ્લામા કુર્તબીના પ્રમાણે એવો સફર મુસ્તહબ છે જે બોધ ગ્રહણ કરવા માટે હોય. *(માહનામા અશ્રફિયહ–નવેમ્બર–૨૦૧૯)* નિય્યતે પ્રવાસ કરવામાં આવશે તો સવાબ અને અલ્લાહની રઝાનો સબબ બનશે, કેમ કે અલ્લાહના હુકમની પયરવી થશે. અલ્લામા કુર્તબીના મુજબ એ પ્રકારનો સફર મુસ્તહબ છે જે નસીહત મેળવવા માટે હોય. તેમના શબ્દોમાં.


**દરેક મુશ્કેલીનો ઈલાજ**
**ન્યાઝે કલન્દરી**

હઝરત બૂ અલીશાહ કલન્દર رحمۃ اللہ علیہએ ઈર્શાદ ફર્માવ્યો છે અગર કોઈને પણ કોઈ પણ મુશ્કેલ કામ આવી પડયું હોય ચાહે મુકદ્દમો હોય, રોજીની વાત હોય, બરકત મેળવવી હોય કર્ઝ હોય પહાડ જેટલી મુશ્કેલીઓ હોય તો ન્યાઝે કલન્દરી કરવાથી તે કામ થઈ જશે ઈન્શા અલ્લાહ !

**ન્યાઝે કલન્દરી** : એક મણ (૨૦ કિલો) દહીં, એક મણ (૨૦ કિલો) ગોશ્ત (રાંધેલું) અને એક મણ (૨૦ કિલો) લોટની રોટલીઓ હલાલ કમાઈમાંથી પકાવીને બૂ અલીશાહ કલન્દર رحمۃ اللہ علیہની રૂહને ઈસાલે સવાબ કરીને, અલ્લાહથી દુઆ માગે તો ઈન્શા અલ્લાહ ! તેની દુઆ કબૂલ થશે અને તમામ મુશ્કેલીઓ દૂર થશે અને ઘરમાં બરકત થશે. (નોટ : ગોશ્ત હડ્ડીવાળુ કે વગર હડ્ડીનું પણ ચાલશે. દહીંને ગોશ્ત બનાવવામાં તથા પીવામાં પણ વાપરી શકાય છે.) આ ઈર્શાદ ખુદ હઝરતનો પોતાનો છે અને તેમના મઝાર પર લખેલો છે. એટલે શંકાને કોઈ સ્થાન રહેતું નથી.

**ન્યાઝ કરાવવા માટે સંપર્ક કરો** : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, મસ્જિદે રઝા પાસે, ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ. મો. 94274 64411, 9426840277

# જાલિમ હુકૂમત બેસવાનો સબબ અને તેનો ઈલાજ

❀ કાર્યાલય ❀

આજકાલ એક ચર્ચા મુસલમાનોમાં ખૂબ જ ચાલતી રહે છે કે દુનિયાભરમાં મુસલમાનોની હાલત મઝલૂમો જેવી થઈ રહી છે. તેમના પર જુલ્મો સિતમ થઈ રહ્યા છે. તેમની જાન માલ, જમીન જાયદાદ, ઔલાદ તથા તેમની મા બેટીઓની ઈજ્જત સલામત નથી..... વગેરે વગેરે. અને ખરેખર આ ચિંતાનો વિષય છે કે ઠેરઠેર અનેક દેશોમાં મુસલમાનોની બેઈજ્જતી થઈ રહી છે, તેમના પર જુલ્મો થઈ રહ્યા છે, કીડા મકોડા જેમ મારી નાખવામાં આવી રહ્યા છે, આ ખરેખર દુઃખની વાતો છે, પણ આપણે ખરેખર એનો ઈલાજ ચાહતા હોઈએ તો નીચેના લખાણોને દિલના કાનોથી સાંભળીને તેના પર આપણે અમલ કરવો જોઈએ તો આપોઆપ મુસીબતો દૂર થઈ જશે.

હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે તૌરાત શરીફમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે, **"બાદશાહોનાં દિલ મારા કબ્જામાં છે જે મારી ફર્માંબરદારી કરશે હું તેના માટે બાદશાહોને રહમત બનાવીશ અને જે મારી વિરૂધ્ધ કરશે તેના માટે તેમને અઝાબ બનાવીશ, તો તમે બાદશાહોને બુરા કહેવામાં મશગૂલ ન બનો બલ્કે મારી બારગાહમાં તૌબા કરો, તો હું તેમને તમારા માટે કૃપાળુ કરી દઈશ."**

હું કહું છું કે આ લખાણ (બાબત) હદીષ શરીફમાં પણ આવ્યું છે. મિશ્કાત શરીફના પેજ–૩૧૫ માં અબૂ દાઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે હક્ક સુબ્હાનહૂ વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : **"હું અલ્લાહ છું ! મારા સિવાય કોઈ પૂજ્ય નથી. હું બાદશાહોનો માલિક અને બાદશાહોનો બાદશાહ છું. બાદશાહોનાં દિલ મારા હાથમાં છે. જ્યારે લોકો મારી તાબેદારી કરે ત્યારે હું બાદશાહોના દિલોમાં રહમત તથા નરમી નાખી દઉં છું અને જ્યારે લોકો મારી વિરૂધ્ધ વર્તન કરે તો તેમનાં દિલોને અઝાબ તથા ગઝબની તરફ ફેરવી દઉં છું, પછી તેઓ તેમને સખત તકલીફો આપે છે. તો લોકોએ જોઈએ કે બાદશાહોને બુરા કહેવામાં મશ્ગૂલ ન થાય, બલ્કે ઝિક્ર તથા આજિઝી અપનાવે તો બાદશાહો તરફથી હું પૂરતો થઈ જઈશ. એટલે કે તેઓ પ્રજા સાથે સારો વર્તાવ તથા મહોબ્બતની સાથે વર્તશે."**

આ હદીષમાં એવા પ્રસંગે જે ઈલાજ અલ્લાહ તઆલાએ દર્શાવ્યો છે અફસોસ ! કે તેના પર લોકો અમલ નથી કરતા બલ્કે એની વિરૂધ્ધ કરે છે ! એ જ કારણે તેમની ચીસો તથા પોકારોમાં કોઈ અસર નથી હોતી. સૂફિયાએ કિરામ હઝરાતે આ હદીષ પર અમલ કર્યો અને રબ તઆલાના ફર્માવેલા ઈલાજમાં રાત દિવસ મશ્ગૂલ છે. મુસલમાનોને સાચા અર્થમાં મુસલમાન બનાવવાની કોશિશ કરી રહ્યા છે, તો આ જ સૂફી હઝરાત લોકોને અલ્લાહના ઝિક્રમાં મશ્ગૂલ રાખે છે અને તેના પ્રતિ આકર્ષે છે, આજીજી સાથે રૂદન તથા કાકલૂદીનો સબક આપે છે અને કામિલ મો'મિન બનાવે છે કે જેથી હક્ક સુબ્હાનહૂ તઆલા બાદશાહોના દિલોમાં તેમની મહોબ્બત તથા રહમત નાખી દે. આ હદીષનો એ જ હેતુ છે પણ અફસોસ કે વર્તમાનકાળ ના કૌમના લીડરો સૂફી હઝરાતની વિરૂધ્ધ પ્રોપેગન્ડા કરે છે અને લોકોના દિલોમાં તેમના સંબંધે બદ્‌ગુમાનીઓ નાખે છે કે આ લોકો ખામોશ છે, મેદાનમાં નથી આવતા. જ્યારે કે આ એ જ લોકો છે જેઓ આ બીમારીની અસલિયતને જાણી લઈને તેના ઈલાજમાં મશ્ગૂલ છે.

અબ્દુલ મુત્તલિબ ઈબ્ને મરવાન પોતાની પ્રજાને કહ્યા કરતા હતા કે, હે લોકો ! તમે ચાહો છો કે અમે તમારી સાથે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ની સીરત અપનાવીએ, પરંતુ તમે પોતાની સીરત (જીવન શૈલી) તેમની પ્રજાની સીરત તથા ખાસિયતો જેવી નથી બનાવતા ! તમે તેમની પ્રજાની જેમ થઈ જાવ તો અમે પણ તમારી સાથે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما જેવો વર્તાવ કરીશું.

*(હવાલો : અલ્લાહવાલોં કી પેહચાન, અઝ : ખલીફએ આ'લા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદશરીફ કોટલવી رحمۃ اللہ علیہ)*

આજે જગતભરના મુસલમાનોની હાલત જોઈ લો. ઈસ્લામી ચહેરો છે ન ઈસ્લામી લિબાસ, ન જીભ ઈસ્લામી બોલી બોલે છે ન અમલો ઈસ્લામી છે, અરે ! અક઼ીદામાં પણ બગાડ છે.... વગેરે. પછી કેવળ નામના મુસલમાન રહ્યા તો એ બેનીફિટ ક્યાંથી મળે જે અલ્લાહ વ રસૂલ عزوجل وصلی اللہ علیہ وسلم એ જાહેર કરેલ છે. અલ્લાહ કરીમ આપણને સૌને સાચા મો'મિન બનવાની તોફીક઼ આપે. આમીન બિજાહિન્નબીકરીમ صلی اللہ علیہ وسلم.

## જંબુસરમાં દીની પ્રોગ્રામો

**જંબુસર** : "દારુલ ઉલૂમ ફયઝાને અવલિયા" થકી મદ્રસા આઈશા સિદ્દીકા હોલમાં બહેનો માટે તર્બિયતી કેમ્પ છ દિવસ માટે યોજાયો જેમાં જંબુસરની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી. આ દિવસો દરમ્યાન ૧૬ આલિમાઓએ વિવિધ વિષયે દીની મસાઈલ શીખવ્યા હતા. છેલ્લા દિવસે જંબુસરમાં બહેનો માટે ચાલતા ચાર રાત્રી કલાસમાં પઢતી બહેનોની ઈમ્તેહાન લીધેલ જેમાં ૧ થી ૩ નંબર લાવનાર બહેનોને તેમજ આલિમા બહેનોને સૈયદ શાહનવાઝબાપુ, સૈયદ હશમતઅલી બાવા, હાફિઝ ઈલ્યાસ, મૌલાના અખ્તર થકી ઈનામો વિતરણ કરાયાં.

**જંબુસર** : "દારુલ ઉલૂમ ફયઝાને અવલિયા" (ચાંદપીર-દરયાહ સામે, રોયલ પાર્ક સોસાયટી)માં હિફઝ થનાર ૭ તલબાનો જશ્ને દસ્તારે હિફઝનો પ્રોગ્રામ તા. ૮-૪-૨૦૧૯ સોમવારે ઈશા બાદ થયો. જેમાં હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા (બીરપુર શરીફ), હઝરત તાજુદ્દીનબાવા, સૈયદ શૌકતઅલી બાવા તથા ખુસૂસી મહેમાન હઝરત મૌલાના અરસલાન રઝા (બરેલી શરીફ), મૌલાના શાહિદ રઝા (યુ.પી.) તથા હઝરત મુફતી અશરફ રઝા (રતનપુર)ની મૌજૂદગીમાં દસ્તારબંદી કરી સનદ આપવામાં આવી. સખીદાતાઓને અપીલ કે દારુલ ઉલૂમની તરક્કી માટે લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફીદિયા વગેરે આપી ભરપુર સહાય કરશો.

**જંબુસર** : સુન્ની દા'વતે ઈસ્લામીના મર્કઝ "ફયઝાને નૂરી તર્બિયતી સેન્ટર વ ઈબાદતગાહ" સંચાલિત "ફૈઝાને નૂરી સિવણ ક્લાસ" (બહેનો માટે) મહમાને ખુસૂસી પીર હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા (સજ્જાદાનશીન : હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ દરગાહ) તેમજ ખલીફા નૂરાનીબાવા પેટલાદી હઝરત સૈયદ શૌકતઅલી બાવા (જંબુસર), હઝરત સૈયદ હશ્મતઅલી બાવા બરકાતી, હઝરત સૈયદ ઈબ્રાહીમબાપુ (વડોદરા)ના મુબારક હાથે તા. ૧-૫-૨૦૧૯ બુધવારે સવારે દસ વાગે ચાંદપીર મસ્જિદ પાસે ઓપન કરવામાં આવ્યો.

## વેરાવળમાં સાલાના સુન્ની ઈજતેમા યોજાયો

**વેરાવળ** : ખાતે મુસ્તફા મસ્જિદ સામે, મદીના પાર્ક, મુસ્તફા કોલોનીમાં તા. ૨૬-૪-૨૦૧૯ના રોજ જુમ્આના દિવસે અસર બાદથી ઈજતેમા નબીરએ આ'લા હઝરત નવાસએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના અલ્હાજ મન્નાન રઝાખાં "મન્નાની મિયાં" (બરેલી શરીફ)ની સરપરસ્તીમાં તથા અલ્હાજ સૈયદ હાશમીમિયાં પીરબાપુ કાદરી (ઉના)ની સયાદતમાં શરૂ થયો. જેમાં જનાબ હાફિઝ અ. રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી-ભરૂચ) નાઝિમે આ'લા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)એ મૈયતના કફન દફન વિશે મસાઈલ તથા એનો તરીકો દર્શાવ્યો હતો. મગરિબ બાદ ત્યાં જ દીની સવાલો જવાબની મેહફિલ રચાઈ જેમાં હઝરત મુફતી સાબિર મિસ્બાહી (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)એ વિવિધ દીની સવાલોના ઈત્મિનાનબખ્શ જવાબો આપી મજમાને ઈલ્મી ફયઝાનથી નવાઝયો હતો. ઈશા બાદ બહાર ઈજતેમાગાહમાં જનાબ અલ્હાજ કારી રિઝવાન ખાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ, પ્રિન્સિપાલ હાશમિયા સ્કૂલ)એ નઅતે પાકની સાથે "એજ્યુકેશન ઔર મુસલમાન" એ વિષયે શાનદાર બયાન કર્યું હતું. અને મુસલમાનોને એજ્યુ. માટે પ્રોત્સાહિત કર્યા હતા. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે "રિઝકે હલાલ" પર ઈબ્રતઅંગેઝ બયાન કર્યું હતું. છેવટમાં હઝરત કિબ્લા મન્નાનીમિયાં સાહબે પોતાના આગવા અંદાઝમાં બયાન કરીને પછી આ ઈજતેમાના રૂહેરવાં આયોજક હઝરત મૌલાના સરફરાઝ નૂરી સાહબને ખિલાફત તથા ઈજાઝતથી નવાઝયા હતા. સલાતો સલામ દુઆ પર ઈજતેમા ખત્મ થયો. હજારો ઈશ્કે મુસ્તફા ﷺના પરવાનાઓએ હાજરી આપી ઈજતેમાને કામયાબ કર્યો હતો.

## મસ્જિદ-મદ્રસા બનાવી આપો

❑ **જંબુસર** : ગ્રીનપાર્ક સોસાયટી, વડોદરા રોડ પર **મસ્જિદે ઈમામ અહમદ રઝાનું** બાંધકામ સ્લેબ લેવલ સુધી આવી ગયું છે. તો સ્લેબના કામ માટે સખીદાતાઓને નમ્ર વિનંતિ છે કે સળીયા, સિમેન્ટ, રેતી, કપચી આપી અપાવીને સવાબના હકદાર બનશો. અલ્લાહ તઆલા તેનો બદલો દુનિયા તથા આખેરતમાં જરૂર આપશે.

સંપર્ક કરો : (૧) ઈસ્હાકખાન ઈદરીસખાન પઠાણ મો. 9909204590

(૨) હાફેઝ શોએબ મલેક મો. 9898932462 (૩) ઈરફાન નડિયાદી મો. 9723622352

❑ **જંબુસર** : મેહફૂઝ નગર, નર્મદા કોમ્પ્લેક્ષ પાસે, વડોદરા રોડ ખાતે **"મસ્જિદે આઈશા"**નું કામ ચાલી રહ્યું છે જેના માટે સખીદાઓને નમ્ર ગુઝારિશ છે કે મટિરિયલ કે રોકડ જે રીતે બને ભરપુર સહાય કરશો. પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે મદદ કરી જન્નતમાં મહેલ મેળવો. સંપર્ક કરો : મૌલાના ઝહીર મિસ્બાહી મો. 99989 16352 તથા પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)* મો. 9427464411

❑ **કણજરી** : "નૂરે મુહમ્મદી મસ્જિદ વ મદ્રસા" (ઈન્દિરા નગરી, તા. નડિયાદ, જિ. ખેડા પિન : ૩૮૭૩૨૫) જૂની જર્જરીત મસ્જિદ શહીદ કરીને બે માળની નવી મસ્જિદ જેનું બાંધકામ ૬૦૦૦ ચો. ફૂટ છે જેનું એસ્ટિમેટ ખર્ચ **૫૫ લાખ** છે. નાપાવાળા કાદરબાપુના હસ્તે તા. ૧૧-૧-૨૦૧૯ના રોજ સંગે બુન્યાદ રાખવામાં આવી. લિલ્લાહ રોકડ કે મટિરિયલ પૂરુ પાડીને ભરપુર સહાય કરી સવાબે દારૈન હાંસલ કરશો.

ખાતાની વિગત : નૂરે મુહમ્મદી મસ્જિદ-કણજરી, બેંક ઓફ ઈન્ડિયા કણજરી,

A/c. No. 280510110007247, IFSC- BKID0002805. Mo. No. (1) 9913097939 (2) 7779085834

❑ **સેજાકૂવા** : મદ્રસએ ગુલશને અજમેર (તા. પાદરા, જિ. વડોદરા)નું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. જેમાં સળીયા, ઈંટો, રેતી, કપચી, સિમેન્ટ, ટાઈલ્સ, પ્લંબિંગનો સામાન, બારી દરવાજા, મજૂરી... વગેરેનો કુલ ખર્ચ લગભગ ૨૫ લાખ જેવો થાય છે. તો આ નેક કામમાં આપની લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે આપી અપાવી સહાય કરવા નમ્ર અપીલ છે.

સંપર્ક કરો : (૧) સૈયદ આશિકબાપુ Mo. 8160440835 (૨) લિયાકત મલેક Mo. 9998982755
(૩) પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક) Mo. 9427464411

## મુફતી નસીમ મિસ્બાહી મુબારકપુરનું ગુજરાતમાં આગમન

વિશ્વવિખ્યાત અરબી યુનિવર્સિટી અલજામિઅતુલ અશરફિયા-મુબારકપુર (જિ. આઝમગઢ, યુ.પી.)ના ઉસ્તાદ તેમજ સિનિયર મુફતી, હઝરત મુફતી નસીમ મિસ્બાહી સાહબ અમારી દાવત પર ૧૯-૪-૨૦૧૯ના રોજ અહમદાબાદ આવ્યા હતા ત્યાંથી બીજા દિવસે ભરૂચ તશરીફ લાવ્યા હતા. તા. ૨૧-૪-૨૦૧૯ના રોજ અસર બાદ દયાદરા મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ ખાતે મેહફિલે સવાલો જવાબમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. પ્રશ્ન કરવાની જવાબદારી મુફતી સાબિર મિસ્બાહી (મુફતી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)એ શાનદાર રીતે નિભાવી હતી અને અનેક દીની મસાઈલના હઝરતે સાદા સરળ અંદાઝમાં જવાબો આપી મજમાને મુત્મઈન કર્યો. એ જ પ્રમાણે મગરિબ બાદ હઝરતની દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ ખાતે મસ્જિદે રયહાનમાં સવાલો જવાબની મેહફિલ રચાઈ જેમાં પણ લોકોએ ઘણા મુંઝવતા પ્રશ્નોનો હાલ પામ્યો હતો. તા. ૨૨-૪-૨૦૧૯ના રોજ સાંજે હઝરત સૂરત જવા શતાબ્દીમાં નીકળ્યા હતા. સૂરત ખાતે પણ ઈશાની નમાઝ બાદ મસ્જિદમાં સવાલો જવાબની મેહફિલ થઈ હતી અને ઘણા લોકોએ પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવી હતી.

## ઈન્તેકાલ પુરમલાલ

- **રાણાવાવ** : (જિ. પોરબંદર)થી અમારા "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહક મુહમ્મદ અહમદમિયાં મુલ્લા જણાવે છે કે, તા. ૧૧–૩–૨૦૧૯, ચાંદ ૦૪ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૦ સોમવારના રોજ હજીયાણી જુબેદાભાઈ અહમદ મુલ્લા અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **કોસીકલાં** : મથુરાથી હઝરત અલ્લામા મૌલાના સૈયદ મન્સૂરઆલમ સાહબ જણાવે છે કે તેમના મોટા ભાઈ સૈયદ માહતાબઆલમનો ૭૦ વર્ષની વયે સરિય્યા (બિહાર) મુકામે તા. ૨–૪–૨૦૧૯, ચાંદ ૨૮ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૦ જુમેરાતના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. તા. ૨૮–૪–૨૦૧૯, ચાંદ ૨૨ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૦ રવિવારના રોજ ગુલામ ઈબ્રાહીમ છીપા અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તથા તા. તા. ૬–૫–૨૦૧૯, ચાંદ ૩૦ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૦ સોમવારના રોજ હજીયાણી રશીદાબેન યાકૂબ ઝિક્રીવાલા તથા શરીફાબેન યાકૂબ દેસાઈ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **ભરૂચ** : ખાતે પીરકાઠી પર મસ્તાન શેઠ લાકડાવાળાનો ઈન્તેકાલ તા. ૧૮–૪–૨૦૧૯ના રોજ થઈ ગયો.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ–૨૦૧૯



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

**ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.